# सुमति अने चारित्रराजनो

## सुखदायक संवाद.

પ્રકાશક,
જેઠુભાઈ પુંજાભાઈ.
કચ્છ કોઠારાનિવાસી.

# વિજ્ઞપ્તિ.

"તત્ત્વબોધ આપનાર પુસ્તકનો યોગ્ય સત્કાર કરી તેને સંભા-
ળથી સાચવી રાખો, જ્યાં ત્યાં જેમ તેમ તેને રઝળતું
ન મૂકો પણ પ્રેમપૂર્વક શરીર શુદ્ધિ સાચવીને વાંચો
વિચારો અને તમારા સ્વજન મંડળમાં
તેનો ફેલાવો કરો."

## અગત્યની સુચના.

સહુ કોઈ ભવ્ય આત્માઓને પવિત્ર જ્ઞાનામૃતનો અપૂર્વ લાભ અનુકૂળતાથી મળે એવા શુભ ઉદ્દેશથી ભેટ દાખલ આપવામાં આ-વતાં કોઇ પણ પુસ્તક ઉપર કોઇએ પણ મિથ્યા મારાપણાની મમતા બુદ્ધિ રાખી કોઈ રીતે પુસ્તકનો દુરૂપયોગ કરવો નહિ; પણ પ્રમાદ-રહિત પુરતી કાળજી રાખી તેનો જાતે લાભ લઈ બીજા ગમે તે જિજ્ઞાસુ ભાઈ બ્હેનોને તે ભેટ દાખલ મળેલા પુસ્તકનો છુટથી લાભ લેવા દેવો અને એવી રીતે બમણો ફાયદો ઉપજાવી ભેટ દાખલ અપાતાં પુસ્તકનો પવિત્ર ઉદ્દેશ સફળ કરવો. એવી રીતે દરેક ભાઈ બ્હેનોને નમ્રતાપૂર્વક ખાસ ભલામણ કરીએ છીએ. જે ઉચ્ચ ઉદ્દેશથી પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવે છે તે ઉદ્દેશ સફળ થાય અને તેની કોઈ રીતે આશાતના થતી અટકે એટલું સૂચવી વિરમિયે છીએ.

કીંમત—કાળજીપૂર્વક પઠન મનન અને પરિશીલન.

परोपकारायसताम्-विभूतयः

# સુમતિ અને ચારિત્રરાજનો

## સુખદાયક સંવાદ.

તથા

અન્ય અનેક રસિક અને ઓપદેશિક વિષયો સમેત.

---

યોજક,

શાંતમૂર્ત્તિ મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજીના શિષ્ય
મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

---

સ્વધર્મી ભાઇઓ બ્હેનોને શ્રી કચ્છ કોઠારાવાળા સ્વર્ગવાસી સૌ. બાઈ મેઘબાઇ મુળ[illegible] સ્મરણાર્થે ભેટ.

(શ્રી સાણંદ શ્રી જૈન યુવક મંડળ મારફત)

છપાવી પ્રસિદ્ધ કર્તા,
શેઠ જેઠુભાઈ પુંજાભાઈ.
કચ્છ કોઠારા.

---

આવૃત્તિ બીજી. નકલ ૨૦૦૦.
વિર સંવત્ ૨૪૪૦. વિક્રમ સંવત્ ૧૯૭૦. સને ૧૯૧૩.

---

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

---

મૂલ્ય અમૂલ્ય.

# અનુક્રમણિકા.


૧ શ્રી પાર્શ્વજિન સ્તવન ... ... ... ... ૧

૨ ષડાવશ્યક (પ્રતિક્રમણ) સ્તવન ... ... ... ૩

૩ સુમતિ અને ચારિત્રરાજનો સુખદાયક સંવાદ ... ... ૯

૪ અમૃતવેલીની સઝાય ... ... ... ... ૪૬

૫ વૈરાગ્યસાર અને ઉપદેશ રહસ્ય ... ... ... ૫૦

૬ ષોડશકોમાંથી ઉદ્ભવેલા પ્રશ્નોત્તરો ... ... ... ૫૬

૭ ઉપદેશ તરંગિણીમાંથી ઉદ્ભવેલા પ્રશ્નોત્તરો ... ... ૧૦૫

૮ વિવિધ પ્રશ્નોત્તરો ... ... ... ... ૧૧૭

૯ જીવદયા અથવા અનુકંપાદાન ... ... ... ૧૨૩

# પ્રસ્તાવના.

જ્ઞાન વિના કોઈ પણ વસ્તુ ઉંચી હદે પ્હોંચી શક્તી નથી, તેમજ સંપૂર્ણ અવનતિ વિના ઉન્નતિ સાધવા પ્રયત્ન થતો નથી. જે જે કોમો અત્યારે ઉન્નતિના શિખરપર આવેલી છે, તેનો પૂર્વનો ઇતિહાસ તપાસીશું તો માલમ પડશે કે આગળના વખતમાં તે ઘણી અવનત દશામાં હતી. જે વખતે જ્ઞાનની પરંપરા મુખથીજ ચાલતી હતી તે વખતે પુસ્તકની ઘણી જરૂર પડતી નહોતી. પણ પાછળથી જેમ જેમ એ દિવ્યશક્તિનો લય થતો ગયો તેમ તેમ પુસ્તક પાનાની જરૂર પડતી ગઇ. જેને પરિણામે હજારો હસ્તલિખિત પુસ્તકોના ભંડારો ભરાયા પણ પાછળથી વહેમ અને અજ્ઞાનતાને લીધે તે પુસ્તકોનો જોઇતો લાભ લેવામાં પ્રતિબંધ પડતો ગયો. ચઢતી પડતીના નિયમને અનુસરી તે મહાનુભાવોની ઓછાશ થતી ગઈ અને ભરેલ ભંડારો દેખરેખની ખામીને લીધે નષ્ટપ્રાય થયા તે એટલે સુધી કે જેમાં કરોડો ગ્રંથો ગુમ થયા અને જેણે આપણા માટે અતુલ પરિશ્રમ લઇ આત્મભોગ આપેલો તેની મહેનત પણ નકામી ગઈ. સુધારો કહો કે કેળવણી કહો જેને પરિણામે અત્યારે આપણે જે કોઇ પુસ્તકો વાંચીએ છીએ તે પ્રાસદ્ધમાં આવેલા છે. આપણી કોમમાં પ્રથમ એવી માન્યતા હતી કે પુસ્તકો છપાવાયજ નહિ કેમકે છપાવતાં તેના પાના પગતળે રખડે તેમજ બીજી પણ મહાન્ આશાતનાઓ થાય. આવી અંધાધુંધી કેટલોક વખત ચાલ્યાબાદ શ્રાવક ભીમસિંહ માણેક જેવા કેટલાક ઉપકારી પુરૂષોએ પુસ્તકો છપાવાની શરૂઆત કરી. કેળવણીના લીધે કહો કે આપણા ભાગ્યોદયને લીધે કહો. અત્યારે પુસ્તક છપાવવાની સંપૂર્ણ છૂટ થઇ ગઇ અને આપણા પવિત્ર આગમો તેમજ બીજા સેંકડો નાનાં મોટાં પુસ્તકો પ્રસિદ્ધિમાં આવ્યાં છે અને આવે પણ છે. જેમાં કેટલાંક પૂર્વાચાર્યની પ્રસાદીરૂપ છે અને કેટલાંએક

આધુનિક પણ છે. આ પુસ્તક જૈન કોમમાં માનવંતા સ્વપરઉપકારક **શાંતમૂર્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજનું** બનાવેલું છે, જેમાં **સુમતિ** અને **ચારિત્રરાજ** જેવાં બે **પાત્રો** કલ્પી તેને મુખે **રસિક સંવાદ** ચલાવ્યો છે. આદ્યમાં મંગલ માટે **શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય** વિરચિત શ્રી **પાર્શ્વજિનનું ચમત્કારી સ્તવન** છે, ત્યારબાદ **ષડાવશ્ય** (પ્રતિક્રમણ) નું સ્તવન મુકવામાં આવ્યું છે એ આવશ્યકની એકેક ઢાળ દૃષ્ટાંત સાથે ઘણી રસિક અને બોધદાયક છે અને જેના પ્રણેતા **વિનય વિજયજી** વાચક છે. આ બે સ્તવનો પૂર્ણ થયાબાદ પ્રસ્તુત ગ્રંથની શરૂઆત થાય છે. સુમતિપતિત, એ ચારિત્રરાજના કુસંસ્કારોનો નાશ કરવા માટે યોજેલા એકત્રીશ ઉપાયો નમુનેદાર સુત્રરૂપે છે. વ્યવહારપૂર્વક સ્વરૂપ નિશ્ચય વિવેક, સમકિતનાં પાંચ લક્ષણ, શુદ્ધદેવ, ગુરૂ, ધર્મનું સ્વરૂપ, બાર પ્રકારનાં તપ, ધ્યાન વિગેરે વિગેરે ઉપયોગી વિષયોનું વર્ણન કરી ચારિત્રરાજને કલ્યાણકારી રસ્તો બતાવી ગ્રંથની પૂર્ણતા કરવામાં આવી છે ત્યારબાદ **"અમૃત વેલીની સઝાય" "વૈરાગ્ય સાર અને ઉપદેશ રહસ્ય" "ઉપદેશ તરંગીણી તથા વિશેષાવશ્યકમાંથી પ્રશ્નોત્તર" તથા વિવિધ પ્રશ્નોત્તરો છેવટમાં જીવદયા અથવા અનુકંપાદાન** વિગેરે તત્વવાળા વિષયો ગોઠવી ગ્રન્થને સંપૂર્ણ કરવામાં આવ્યો છે. એકંદર રીતે આ ગ્રંથ હરકોઇ ગુણગ્રાહી વ્યક્તિને ઘણોજ ઉપયોગી થઇ પડે તેમ છે, મુનિશ્રીનો આવો જ્ઞાનમાર્ગમાં યતો પ્રયત્ન ઘણો સ્તુત્ય છે, અને અમે આશા રાખીએ છીએ કે આવા સારવાળા ગ્રન્થો લખી સ્વપર ઉપકારક મુનિશ્રી ચિરકાળ જયવંતા વર્તો.

સદરહુ ગ્રંથની શુદ્ધિને માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં પ્રમાદ કે દ્રષ્ટિદોષને લઇને કોઇ સ્થળે કોઇ જાતની સ્ખલના થઇ હોય તો તે માટે અમે મિથ્યા દુષ્કૃતપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

**લી. પ્રસિદ્ધ કર્તા.**

# સુમતિ અને આત્મરાજનો
# સુખદાયક સંવાદ.

## શ્રી પાર્શ્વજિન સ્તવન.

### ( રચનાર—મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી. )

( રાગ ધમાલ. )

ચિંદાનંદ ઘન પરમ નિરંજન, જનમનરંજન દેવ, લલના;
વામાનંદન જિનપતિ થુણિયેં, સુરપતિ જસ કરે સેવ,
મનમોહન જિનજી ભેટિયેં હો.

જાઈ જૂઇ ચંપક કેતકી, દમણો ને મચકુંદ, લલના;
કુંદ ઇંદ રૂચિ સુંદર જોડી, પૂજિયેં પાસ જિણંદ. મન.

કેસર ઘોળી ઘસી ઘન ચંદન, આનંદ ઘનસાર, લલના;
પ્રભુકી પૂજા કરો મન રંગે, પાઇયેં પુન્ય સફાર. મન.

અંગે ચંગી આંગી બનાવી, અલંકાર અતિસાર, લલના;
દ્રવ્ય સ્તવ વિધિ પૂરણ વિરચી, ભાવિયેં ભાવ ઉદાર. મન.

પરમાતમ પૂરણ ગુણ પ્રત્યક્ષ, પુરૂષોત્તમ પરધાન, લલના;
પ્રગટભાવ પ્રભાવતી વલ્લભ, તું જયો સુગુણ નિધાન. મન.

જો તુજ ભક્તિ મોરી મુજ મન, વન વિચરે અતિ ચિત્ત;
દુરિત-ભુંજગમ બંધન ત્રુટે, તો સઘળો જગમિત્ત. મન.

તુજ આણા સુરવેલી મુજમન, નંદનવન જિહાં રૂઢ, લલના;
કુમતિ કદાગ્રહ કંટક શાખી, સંભવે નહિ તિહાં ગૂઢ. મન.
ભક્તિરાગ તુજ આજ્ઞારાધન, દોય ચક્ર સંસાર, લલના;
સહસ અઢાર અંગ રથ ચાલે, વિઘન રહિત શિવધાર. મન.
ગુરૂ ઉપદેશે, જો મુઝ લાગ્યો, તુઝ શાસનનો રાગ, લલના;
મહાનંદપદ ખેંચ લહેગો, જ્યું અલિ કુસુમ પરાગ. મન.
બાહિર મન નિકસન નહિ ચાહત, તુઝ શાસનમાં લીન, લલના;
ઉમગ નિમગ કરી નિજપદ રહેવે, જ્યું જલનિધિ જલમીન. મન.
ઓરનકી ગણુતી ન પાવું, જો તું સાહેબ એક, લલના;
ફળ–વાસના દૃઢ નિજ મનકી, જ્યું અવિચલ ટેક– મન.
મુજ તુજ શાસન અનુભવકો રસ, કયું કરી જાણે લોગ ?, લલના;
અપરિણીત કન્યા નવિ જાણે, જ્યું સુખ દ્વૈત સંયોગ. મન.
તું સાહેબ હું સેવક તોરો, એ વ્યવહાર વિભાગ, લલના;
નિશ્ચય નયમત દોનુ વચ્ચે, હે નહિં ભેદકો લાગ. મન.
મન વચનાદિક પુદ્ગલ ન્યારો, ન્યારો સકળ વિભાગ, લલના;
શુદ્ધ દ્રવ્ય ગુણુ પર્યાય ઘટના, તુજ સમ શુદ્ધ સ્વભાવ. મન.
તું ઘટ અંતર પ્રગટ બિરાજે, જ્યું નિર્મલ મણિકાન્ત, લલના;
બાહિર ઢુંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ મૃગ ભ્રાન્ત. મન.
ગુણઠાણાદિક ભાવે મિશ્રિત, સબમાંહે તુજ અંશ, લલના;
ખીરનીર જ્યું ભિન્ન કરત હે, ઉજવળ અનુભવ હંસ. મન.
આતમજ્ઞાન દશા જબ જાગી, વૈરાગી તુજ જ્ઞાન, લલના;
સો પાવે જ્યાં રત્નપરીક્ષા, પેખત રત્ન પ્રધાન. મન.
પુન્ય પ્રકૃતિ દેવનકો કારણ, મૂઢ લહે નહિ ધર્મ, લલના;

જ્યું પીરો કોઇ અંધ ન માને, લહત ન અંતર મર્મ. મન.
ગંધ રૂપ રસ ફરસ વિવર્જન, ન ધરે તિહાં સંઠાણ, લલના;
અણઅવતાર અશરીર અવેદી, તું પ્રભુ શુદ્ધ પ્રમાણ. મન.
કેવળજ્ઞાન દશા અવલોકે, લોકાલોક પ્રમાણ, લલના;
દર્શન વીર્ય ચરણ ગુણધારી, સેવત સબ અહિઠાણ. મન.
સત્તા શુદ્ધ અરૂપી તોરી, નહિં જગકો વ્યવહાર, લલના;
કહા કહાઇ કુચ્છ કહત ન આવે, તું પ્રભુ અલખ અપાર. મન.
દીપચંદ રવિ ગ્રહગણ કેરો, જિહાં પસરત નહિ તેજ, લલના;
તિહાં એક તુંજ ધામ બિરાજે, નિર્મલ ચેતન સ્હેજ. મન.
આદિ રહિત અજરામર નિર્ભય, વ્યાપક એક અનંત, લલના;
શુદ્ધ પ્રકૃતિ અકષાય અમાયી, તું પ્રભુ બહુ ગુણવંત. મન.
તું માતા તું ત્રાતા ભ્રાતા, પિતા બંધુ તું મિત્ત, લલના;
શરણ તુંહિ તુજ સેવા કીજે, દૃઢ કરી તનુ વચ ચિત્ત. મન.
પાસ આશ પૂરો અબ મોરી, અરજ એક અવધાર, લલના;
શ્રી નયવિજય વિબુધ પયસેવક જસ કહે ભવજલ તાર. મન.

—સંગ્રહ કરનાર મુનિશ્રી કર્પૂરવિજયજી.

## ષડાવશ્યક (પ્રતિક્રમણ) સ્તવન.

### (દોહરા.)

ચોવિશે જિનવર નમું, ચતુર ચેતન કાજ;
આવશ્યક જેણે ઉપદિશ્યા, તે થુણશું જિનરાજ. ૧
આવશ્યક આરાધતાં, દિવસ પ્રત્યે દોય વાર;
દુરિત દોષ દૂરે ટલે, એ આતમ ઉપકાર. ૨

સામાયિક ચઉવિસથ્થઓ, વંદન પડિકમણેણ;
કાઉસ્સગ્ગ પચ્ચખ્ખાણ કર, આતમ નિર્મલ એણ. ૩
ઝેર જાય જીમ જાંગુલી, મંત્ર તણે મહિમાય;
તેમ આવશ્યક આદર્યે, પાતિક દૂર પલાય. ૪
ભાર તજી જેમ ભારવહિ, હેલે હલુઓ થાય;
અતિચાર આલોવતાં, જન્મ દોષ તેમ જાય. ૫

## ઢાળ પહેલી.

( કપુર હોયે અતિ ઉજલોરે—એ દેશી. )

પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ;
રાગ દોષ દૂરે હરોરે, આતમ એહ સ્વભાવરે,
પ્રાણી સમતા છે ગુણગેહ, એતો અભિનવ અમૃહ મેહરે. પ્રા૦ ૧
આપો આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપ,
મમતા જે પરભાવનીરે, વિષમો તે વિષ કૂપરે. પ્રા૦ ૨
ભવ ભવ મેલી મૂકીયોરે, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતી અનુભવ્યારે, સવિ સંજોગ વિજોગરે. પ્રા૦ ૩
શત્રુ મિત્ર જગ કો નહિરે, સુખ દુઃખ માયા જાલ;
જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુઃખ વિસરાલરે. પ્રા૦ ૪
સાવદ્ય યોગ સવિ પરિહરીરે, એ સામાયિક રૂપ;
હુવા એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે. પ્રા૦ ૫

## ઢાળ બીજી.

( પંચ મહાવ્રત આદરો સાહેલડીરે—એ દેશી. )

આદીશ્વર આરાહીએ, સાહેલડીરે; અજિત ભજો ભગવંત તો;
સંભવનાથ સોહામણા, સા૦ અભિનંદન અરિહંતતો. ૧

સુમતિ પદ્મપ્રભ પૂજીએ, સા૦ સમરૂં સ્વામી સુપાસતો;
ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ, સા૦ સુવિધિ રૂદ્ધિ વાસતો. ૨
શીતલ ભૂતલ દિનમણિ, સા૦ શ્રી પૂરણ શ્રેયાંસતો;
વાસુપૂજ્ય સુર પૂજિયા, સા૦ વિમલ વિમલ પરશંસતો. ૩
કરૂં અનંત ઉપાસના, સા૦ ધર્મ ધર્મ ધુર ધીરતો;
શાંતિ કુંથુ અર મલ્લિ નમું, સા૦ મુનિ સુવ્રત વડ વીરતો. ૪
ચરણ નમું નમિનાથના, સા૦ નેમિશ્વર કરૂં ધ્યાનતો;
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ, સા૦ વંદુ શ્રી વર્દ્ધમાનતો. ૫
એ ચોવિશે જિનવરા, સા૦ ત્રિભુવન કરણ ઉદ્યોતતો;
મુક્તિ પંથ જેણે દાખવ્યો, સા૦ નિર્મલ કેવલ જ્યોતતો ૬
સમકિત શુદ્ધ એહથી હોજો, સા૦ લીજે ભવનો પારતો;
બીજું આવશ્યક ઇશ્યું, સા૦ ચઉવીસથ્થો સારતો. ૭

---

## ઢાળ ત્રીજી.

( ગિરિમાં ગોરો ગીરૂઓ—એ દેશી. )

બેકર જોડી, બેકર જોડી, ગુરૂ ચરણે દીઓ વાંદણાંરે;
આવશ્યક પચવિશ ધારોરે, ધારોરે, દોષ બત્રીશ નિવારીએરે. ૧
ચાર વાર, ચાર વાર, ગુરૂ ચરણે મસ્તક નામીએરે;
બાર ક્રિયાવર્ત ખામોરે, ખામોરે વલી તેત્રીશ આશાતનારે. ૨
ગીતાર્થ ગીતાર્થ, ગુણ ગિરૂઆ ગુરૂને વંદતાંરે;
નીચ ગોત્ર ક્ષયજાય, થાયેરે, થાયેરે, ઉંચ ગોત્રની અર્જનારે. ૩
આણ ઉલ્લંઘે, આણ ઉલ્લંઘે, કોઇ ન જગમાં તેહનુંરે;
પરભવ લહે સૌભાગ્ય, ભાગ્યરે ભાગ્યરે, દીપે જગમાં તેહનુંરે. ૪

કૃષ્ણરાયે, કૃષ્ણરાયે, મુનિવરને દીધાં વાંદણાંરે;
ક્ષાયક સમકિત સાર, પામ્યારે, પામ્યારે, તીર્થંકર પદ પામશેરે. ૫
શીતલા ચારજ, શીતલા ચારજ, જેમ ભાલે સહુ જગેરે;
દ્રવ્ય વાંદણા દીધ, ભાવેરે, ભાવેરે દેતાં વલી કેવલ લહ્યુંરે. ૬
એ આવશ્યક એ આવશ્યક, ત્રીજું એણીપરે જાણજોરે;
ગુરૂ વંદન અધિકાર, કરજોરે, કરજોરે, વિનય ભક્તિ ગુણવંતનીરે.૭

## ઢાળ ચોથી.

( જયો જિન વીરજીએ...એ દેશી. )

જ્ઞાનાદિક જિનવર કહ્યા, એ જે પાંચે આચાર તો;
દોય વાર તે દિન પ્રતિએ, પડક્કમીએ અતિચાર.
જયો જિનવીરજીએ. ટેક.
આલોયિને પડિક્કમીએ, મિચ્છામિ દુક્કડ દેય તો;
મન વચન કાય શુદ્ધ કરીએ, ચારિત્ર ચોખ્ખું કરેય. જયો૦ ૧
અતિચાર શલ્ય ગોપવેએ, ન કરે દોષ પ્રકાશતો;
મચ્છીમલ્લ તણી પરેએ, તે પામે પરિહાસ. જયો૦ ૨
શલ્ય પ્રકાશે ગુરૂ મુખેએ, હોયે તસ ભાવ વિશુદ્ધ તો;
તે હુશીઆર હારે નહિએ, કરે કમશું જુદ્ધ. જયો૦ ૩
અતિચાર એમ પડિક્કમીએ, કરો ધર્મ નિઃશલ્ય તો;
જિત પતાકા તેમ વરોએ, જેમ જગ ફુલ્લહીમલ્લ. જયો૦ ૪
"વંદિત્તુ" વિધિશું કહોએ, તેમ પડિક્કમણા સૂત્ર તો;
ચોથું આવશ્યક ઇશ્યુંએ, પડિક્કમણ સૂત્ર પવિત્ર. જયો૦ ૫

## ઢાળ પાંચમી.

( જન્મ જરા મરણે કરીએ, આ સંસાર અસારતો—એ દેશી. )

વૈદ્ય વિચક્ષણ જેમ હરેએ, પહેલાં સાલ વિકારતો;
દોષ શેષ પછી રૂજવાએ, કરે ઔષધ ઉપચાર તો. ૧
અતિચાર વ્રણ રૂઝવાએ, કાઉસ્સગ્ગ તેમ હોય તો;
નવ પલ્લવ સંજમ હુવેએ, દુષણ ન રહે કોઇ તો; ૨
કાયાની થિરતા કરીએ, ચપલ ચિત્ત કરે ઠામતો;
વચન જોગં સવિ પરિહરીએ, રમીએ આતમારામ તો. ૩
સાસ ઉસાસાદિક કહીએ, જે સોલે આગાર તો;
તેહ વિના સવિ પરિહરોએ, દેહ તણો વ્યાપાર તો. ૪
આવશ્યક એ પાંચમુંએ, પંચમી ગતિ દાતાર તો;
મનશુદ્ધે આરાધીએ એ, લહીએ ભવનો પાર તો; ૫

## ઢાળ છઠ્ઠી.

( ચેતન જ્ઞાન અજુઆલીએ—એ દેશી. )

સુગુણ પચ્ચખ્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે,
આહારની લાલચ પરિહરો, ચતુર તું ચિત્તમાં ચેતરે. સુગુણ. ૧
સાલ કાઢયું વ્રણ રૂઝવ્યું, ગઇ વેદના દુરરે;
પછી ભલાં પથ્થ ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે. સુગુણ. ૨
તેમ પડિકમણ કાઉસ્સગ્ગથી, ગયો દોષ સવિ દુષ્ટરે;
પછી પચ્ચખ્ખાણ ગુણ ધારણે, હોયે ધર્મ તનુ પુષ્ટરે. સુગુણ. ૩
એહથી કર્મ કાદવ ટલે, એહ છે સંવર રૂપરે;
અવિરતિ કુપથી ઊદ્ધરે, તપ અકલંક સરૂપરે. સુગુણ. ૪

પૂર્વ જન્મે તપ આદર્યો, વિશલ્યા થઇ નારરે;
જેહના ન્હવણના નીરથી, શમે સકલ વિકારરે. સુગુણ. ૫
રાવણે શક્તિ શસ્ત્ર હણ્યો, પડ્યો લક્ષ્મણ સેજરે;
હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે. સુગુણ. ૬
છઠું આવશ્યક જે કહ્યું, એહવું તે પચ્ચખ્ખાણરે;
છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તેહ જગ ભાણરે, સુગુણ. ૭

કલશ.

તપ ગચ્છ નાયક, મુક્તિ દાયક, શ્રી વિજય દેવ સૂરિશ્વરો,
તસ પદ દીપક, મોહ જીપક, શ્રી વિજયપ્રભ સૂરિ ગણધરો. ૧
શ્રી કીર્તિ વિજય ઉવઝ્ઝાય સેવક, વિનયવિજય વાચક કહે;
ષડાવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે, ૨

इतिशम्.



# સુમતિ અને ચારિત્રરાજનો સુખદાયક સંવાદ.

પ્રેક્ષક ભાઇઓ અને બ્હેનો! આજે હું તમને એક અતિબોધદાયક સંવાદ સંભળાવવા ઇચ્છું છું તેથી પ્રથમ તેમાં ખાસ ઉદ્દેશ કરાએલાં પાત્રોની તમને કંઇક વિશેષ સમજ આપવી દુરસ્ત ધારૂં છું. અને આશા રાખું છું કે તે સર્વ વાત તમે લક્ષમાં રાખી તેમાંથી એક ઉત્તમ પ્રકારનો બોધ ગ્રહણ કરશો.

એકાન્ત હિતબુદ્ધિથીજ પ્રેરાઇને તમને આ બોધદાયક સંવાદ સંભળાવવા મારી ખાસ ઉત્કંઠા થઇ આવી છે તે કંઇક તમારા ભાગ્યનીજ ભલી નિશાની હોય એમ હું માનું છું. હવે હું મુદ્દાની વાત તમને જણાવું છું. દરેક આત્માને પોતાના સારા નરસા ચરિત્ર (આચરણ) ના પ્રમાણમાં મતિનું તારતમ્ય[1] હોય છે, છતાં સામાન્ય રીતે સારાં ચરિત્રવાળાને મુખ્યતાએ સુમતિનો અને માઠાં આચરણવાળાને મુખ્યતાએ કુમતીનોજ સંગ હોય એમ મનાય છે તેથી તેમનો અરસપરસ પ્રસંગવશાત્ સંવાદ થયાજ કરે છે. તેની જીજ્ઞાસુ ભાઇ બ્હેનોને કંઇક ઝાંખી આપવાની બુદ્ધિથી સ્વક્ષયોપશમાનુસારે આ ઉલ્લેખ ઘડ્યો છે. વીતરાગ પ્રભુનાં પવિત્ર વચનાનુસારે વિવેક યુક્ત વર્તન કરનાર સત્ચારિત્રપાત્ર પુરૂષ જગત્માં એક મહારાજાથી પણ અધિક પૂજ્ય મનાય છે, તેથી તેવા ચારિત્ર-

---

૧ તરતમપણું-મોટાઇ.

વંતને સત્ ( સાચા ) ચારિત્રરાજ કહેવામાં કંઇ પણ બાધ આવતો નથી. પણ જેઓ વીતરાગ વચનથી વિરૂદ્ધ વર્તન ચલાવીને દંભવૃત્તિથી સ્વદોષ ગોપવવા માટે. લોકમાં પૂજાવા મનાવા માટે તથા સ્વગૌરવ વધારવા માટે અહોનિશ મથન કરી જગત્માં ચારિત્રવંત કહેવડાવવાનો દાવો રાખે છે તેઓ તો કેવળ નામનાજ મહારાજા કહેવાય છે. એવા દંભી ચારિત્રરાજને હોળીના રાજા ઇલોજીની ઉપમા ઘટી શકે છે. આવી હલકી પાયરીએ પોતાની કુટિલતાથી ઉતરવા કરતાં સરલતાથી સત્ ચારિત્રરાજના સેવક થઈ રહેવામાંજ ખરી મજા છે. કેમકે **'સિદ્ધિ સ્યાદ્ રૂજુભૂતસ્ય'** એવાં આગમ વચનથી સર્વત્ર દંભરહિત–રૂજુ–સરલ પુરૂષનીજ સિદ્ધિ થાય છે. આવી સિદ્ધાંતની વાતને ખાસ લક્ષમાં રાખીને જગત્ પ્રસિદ્ધ સ્વ. સ્વામી ચારિત્રરાજની આગળ ઉપર વિડંબના ન થાય એવા પવિત્ર ઉદ્દેશથી સુમતિ, ચારિત્રરાજને સંબોધન કહે છે.

**સુમતિ**—સ્વામીનાથ! હું આપને લજ્જાથી કંઈ હિતકારી વાત પણ કહી શક્તી નથી, તોપણ આજે નમ્રપણે કંઇક કહેવા ધારૂં છું તેથી આપ ખોટું નહિ લગાડતાં સાર ગ્રહી મને ઉપકૃત કરશો, એવી મારા અંતરની ઇચ્છાપૂર્વક કરેલી પ્રાર્થના સ્વીકારી મને પ્રસંગોપાત બે બોલ બોલવાની રજા આપશો?

**ચારિત્ર.**—અહો સુમતિ! મારાથી આટલો અંતર રાખવાનું કંઈ કારણ નથી, તારે કહેવું હોય તો સુખેથી કહે, સાચી અને હિતકારી વાત કહેતાં કોનો દિવસ ફર્યો છે કે ઉલટી રીસ ચઢાવશે ?

સુમતિ—સ્વામીનાથ ! હવે મને કાંઈક હિમ્મત આવી છે તેથી મારા મનની વાત કહેવાને કાંઈક ભાગ્યશાળી થઇ શકીશ. નહિતો—તો—

ચારિત્ર.—તું આજ સુધી કહેવાનો કેમ વિલંબ કરી રહી હતી ?

સુમતિ—સ્વામીજી ! હું સાચું કહું છું કે મારા અંતરમાં જેવી ને તેવી ઇચ્છા છતાં આપને એકાન્તે કહેવાની મને જોઇએ તેવી તકજ મળી શકી નથી ?

ચારિત્ર.—આજ સુધી કહેવાની પ્રબળ ઇચ્છા છતાં કેમ તક ન મળી શકી ? તેનું કારણ હવે સંકોચ રાખ્યા વિના કહે. હું તારી ઉપર પ્રસન્ન છું.

સુમતિ—આપ મારા સ્વામીનાથ મારી ઉપર સુપ્રસન્ન થયા છો તેથી હું મારૂં અહોભાગ્ય માનું છું. આપની તેવી પ્રસન્નતા સદા બની રહે તેમ ખરા જીગરથી ઇચ્છું છું, પણ સાચું કારણ કહેતાં મન સંકોચાય છે.

ચારિત્ર.—સુંદરી ! જરાયે સંકોચ રાખ્યા વિના ખરૂં કારણ હોય તે કહી દે.

સુમતિ—આજ સુધી આપ લાંબો વખત' થયાં મારી ઉપેક્ષા કરીને મારી સપત્ની ( શોકય ) કુમતિનેજ વશ પડયા હતા, એ વાત શું આપ આટલામાં વિસરી ગયા કે જેથી મારે મોઢે તેનું કારણ કહેવડાવો છો ?

ચારિત્ર.—સુમતિ ! તારા સ્થાયી સમાગમ વિના સર્વ કોઇ કુમતિને વશ પડીને ખુવાર થાય છે તે તો તને સુવિદિતજ છે.

સુમતિ—હા, પણ આપે તો ચારિત્ર. નામ ધરાવીને અને દુનિયામાં પણ જેવો ને તેવો દમામ રાખીને મારી વિગોવણા કરી તેનું કેમ ?

ચારિત્ર.—સુંદરી ! તું જે કહે છે તે સત્ય છે, મારી દાંભિક વૃત્તિને સંભારતાંજ હવે તો મને શરમ આવે છે. પણ જો તારો સમાગમ થયો ન હોત તો શું જાણીયે મારા શાએ હાલ થાત ? પણ હશે, ફરી પાછી તેવી ભૂલ ન થાય; માટે જો તારો સમાગમ સ્થાયી બન્યો રહેશે તો હું મારૂં અહોભાગ્ય માનીશ. હવે તારે જે કાંઈ હિતકારી વાત કહેવી હોય તે ખુલ્લા દીલથી કહે, વ્હાલી ! સાચી વાત કહેતાં કંઇ પણ સંકોચ રાખીશ નહિ.

સુમતિ—આપનાથી આવે પ્રસંગે આંતરો કે સંકોચ રાખવો તેને હવે તો હું સ્વામીદ્રોહ કે આત્મદ્રોહજ લેખું છું. વધારે શું કહું !

ચારિત્ર.—સુમતિ ! થોડા વખતના પરિચયથી પણ મને તારા સરલ સ્વભાવની ખાત્રી થયેલી છે કે તું જે કંઇ કહીશ તે એકાંત હિતકારીજ હશે. તેની સત્યતાને માટે મને સંદેહ નથી; તેથી તારૂં ખરૂં મંતવ્ય કથવા યોગ્ય હોય તે કહે.

સુમતિ—મેં આજ સુધી આપની સેવા બજાવવાનો લાભ મેળવ્યોજ નથી, તેને માટે શોચું છું પણ હવે આપની ખરી સેવા બજાવવાની સોનેરી તક હાથ આવેલી જાણી મારા મનમાં ઘણોજ હર્ષ થાય છે તે આપને પ્રથમ જણાવું છું.

ચારિત્ર.—મારીજ કસૂરથી કહો કે ઉપેક્ષાથીજ તું મારાથી આજ સુધી દૂર રહી અને તેથીજ તું મને સવળે રસ્તે દોરવાની

તક ન સાધી શકી તેમાં તારો તો તલમાત્ર પણ વાંક નથી. વાંક માત્ર મારા નસીબનોજ છે કે જેથી હું છતી સામગ્રીએ તારો લાભ લેવા અત્યાર સુધી ભાગ્યશાળી થઇ શકયો નથી. તે વાતનો વિચાર કરતાં હવે મને પણ બહુજ શોચ થાય છે પણ તેવા શોચ માત્રથી શું સરે ? હવે તો જાગ્યા ત્યાંથી સવાર.

સુમતિ—આપનું કલ્યાણ થાઓ ! ખુદ આપનો વાંક કાઢવા કરતાં મારે તો મારી સપત્ની-કુમતિનોજ વાંક કાઢવો વ્યાજબી છે. કેમકે જો આજ સુધી તેણીયે આપને ભંભેર્યા ન હોત અને મારાથી વિમુખ કર્યા ન હોત તો આપે કયારનાએ મારી સન્મુખ જોઇ મને આવકાર આપ્યો હોત, પણ મારી શોકય સ્વાધિનપણે એમ થવા દેજ કેમ ?

ચારિત્ર.—સુમતિ ! તું તો તારી કુલીનતાને ઉચિતજ કહે છે, પણ વાંક માત્ર મારોજ છે. કેમકે મારૂં મન જો મારે હાથ હોય તો કુમતિ બાપડી શું કરી શકે ? હું પોતેજ પ્રમાદશીલ હોવાથી કુમતિને વશ પડી રહ્યો હતો.

સુમતિ—સાહેબ સહી સલામત રહો ! હવે આપે આપની ગતિ જાણી છે તેથી ફરી હું ઇચ્છું છું કે આપ કુમતિના કબજામાં આવશો નહિ.

ચારિત્ર.—હવે તો મેં તેણીને દેશવટો દેવાનોજ નિશ્ચય કર્યો છે. કુમતિની કુટીલતા માટે મને બહુ લાગી આવ્યું છે.

સુમતિ—કુમતિની ગતિ એવી વિચિત્ર છે કે તે ગમે ત્યાંથી ગમે તેવી રીતે અંતરમાં પેસી જીવતી ડાકણની જેમ જીવનું જોખમ કરે છે. મોટા યોગીજનોને પણ લાગ જોઇને

છળે છે અને અસંસ્કારી આત્માને તો ક્ષણવારમાં ઉથલાવીને ઉંધો વાળે છે. આવી તેની કુટીલતા જગજાહેર છે, માટે ક્ષણ-વાર પણ તેનો વિશ્વાસ કરવો ઉચિત નથીજ.

**ચારિત્ર.**—પ્રિયે ! તેણીને તિલાંજલી દેવાનો મારો સંપૂર્ણ વિચાર છે, પણ તે પુનઃ મને છળી ન શકે એવા સમર્થ ઉપાય તું જાણતી હોય તે મને કહે, કે જેનો અભ્યાસ કરીને હું પુનઃ તેણીના પાપી પાશમાં આવી શકું નહિ, કેમકે જેમ તું કહે છે તેમ પ્રતીત છે કે કુમતીનો સ્વભાવ કુટીલ છે.

**સુમતિ**—જે કહેવાની મારી ઇચ્છાજ હતી તેજ બાબતની આપની જિજ્ઞાસા થયેલી જોઇને મારે તો દૂધમાં સાકર મળ્યા બરાબર થયું છે.

**ચારિત્ર.**—ખરેખર આવું ઉત્તમ ચારિત્રનામ ધરાવીને અને દુનિયા આગળ આવો ખોટો દમામ રાખીને ખરા ચારિત્ર યોગ્ય ગુણ વિના કેવળદંભ–માયાથી જીવવા કરતાં તો મરવુંજ મને તો હવે બહેતર લાગે છે.

**સુમતિ**—સ્વામીજી ! આપ ચતુર છો. ખરા ચારિત્રના અર્થી દરેક શખ્સને એટલી ચાનક ચઢયા વિના તે પતિત અવસ્થાને તજી શકેજ નહિ.

**ચારિત્ર.**—પણ પ્રિયે ! જે તું મને હિતકારી વચન કહેવા ઇચ્છે છે તે હવે વિલંબ કર્યા વિના કહે, કેમકે કહ્યું છે કે **'શ્રેય કામમાં બહુ વિઘ્ન આવે છે.'**

**સુમતિ**—આપનું કહેવું યથાર્થ છે અને તેથી આપ સા-હેબની આજ્ઞાને અનુસરીને હું મારું કર્તવ્ય બજાવવાને તત્પર

થઇ છું. જે જે આપને મારી ફરજ વિચારીને કહીશ તેનું આપ કૃપા કરીને મનન કરતા રહેશો.

ચારિત્ર.—પ્રિયે ! તારાં અમૃત વચનનું હું આદરપૂર્વક પાન કરીશ અને તે વડે મારા ત્રિવિધ તાપથી તપ્ત થયેલા આત્માને શાન્ત કરીશ એ નિશ્ચે સમજજે.

સુમતિ—આપના આત્માને સર્વથા શાન્તિ સમાધિ મળો, તેમજ અસમાધિનાં સઘળાં કારણોનો ક્ષય થાઓ ! અને આપને સમાધિનાં સઘળાં સાધન પ્રાપ્ત થાઓ.

ચારિત્ર—મને ખાત્રી થઇ છે કે તારો સ્થાયી સમાગમજ સર્વ સમાધિનું મૂળ કારણ છે. અને તેથીજ અસમાધિનાં સઘળાં કારણોનો સ્વતઃ ક્ષય થઇ જશે.

સુમતિ—આટલા અલ્પ કાળમાં પણ આપના અપ્રતિમ પ્રેમની મને જે પ્રતીતિ થઇ છે તે મને આપના ભવિષ્યના સુખ સુધારાની સંપૂર્ણ આગાહી આપે છે હવે હું આપને મારા સદ્વિચારો રોશન કરવાની રજા લહું છું. આશા છે કે આપની હૃદયભૂમિમાં રોપાયેલા એ સદ્વિચારો અતિ અદ્‌ભૂત ફલદાયક નીવડશે.

ચારિત્ર.—મારામાં જેટલી પાત્રતા હશે તેટલા તો તે અવશ્ય ફળદાયી થશે, સાથે એવી પણ ખાત્રી છે કે તારી સતત સંગતિથી મારામાં પાત્રતા પણ વધતી જશે, તથા પાત્ર-તાના પ્રમાણમાં ફળની અધિકતા પણ થતીજ જાશે.

સુમતિ—હું અંતઃકરણથી ઇચ્છું છું કે આપને સંપૂર્ણ પાત્રતા પ્રાપ્ત થાઓ, અને આપ સંપૂર્ણ સુખમય પરમપદના પૂર્ણ અધિકારી થાઓ !

ચારિત્ર.—તારા મુખમાંજ અમૃત વસે છે, કેમકે તારી સાથેના આ વાર્તા-વિનોદમાં મને એટલો તો આનંદ આવે છે કે તેની પાસે સ્વર્ગનાં સુખ પણ નહિ જેવાં છે. જેને તારો સંગ થયો નથી તેનું જીવ્યું હું ધુળ જેવું લેખું છું.

સુમતિ—મ્હારી શોકય બ્હેને જો આપને અનુભવ સુખડી ચખાડી નહોત તો આપને મારો સ્થાયી સમાગમ કરવાનો વિચારજ કયાંથી થાત ? કેમ ખરૂંને ? હું ધારૂં છું કે આપ તેના સ્વભાવિક ગુણોને સ્વપ્નમાં પણ ભૂલશો નહિ. સામી વસ્તુથી સંપૂર્ણ કંટાળ્યા વિના અમુક અન્યવસ્તુમાં પૂર્ણ પ્રીતિ બંધાતી નથી.

ચારિત્ર.—કુમતિથી હું ખૂબ કંટાળ્યો છું એ નિર્વિવાદ છે, કુમતિના કુસંગવડેજ હું આવી અનુપમ સુખ સંગતિથી ચૂકયો છું, તેથી તે વાત હું સ્વપ્નમાં પણ કેમ ભૂલી શકું ! હશે હવે એક ક્ષણ પણ મને તારો વિછોહ ન પડો, એજ મને ઈષ્ટ છે. એવી મારી અંતરની ઈચ્છા ફળીભૂત થાઓ !

સુમતિ—સ્વામીજી ! કુમતિના લાંબા વખતના પરિચયથી આપની ઉપર જે જે વિરૂદ્ધ સંસ્કાર બેસી ગયા હોય તે તે સર્વ નિર્મૂળ થાય તેવો અનુકૂળ પ્રયત્ન પ્રથમજ સેવવાની આપને ખાસ જરૂર છે. કુમતિના કુસંગથી ઉભવેલા માઠા સંસ્કારોને નિર્મૂળ કરવાના સતત પ્રયત્નમાં હું પણ સહાયભૂત થઈશ.

ચારિત્ર.—કેવા ક્રમથી મારે ઉક્ત સંસ્કારોને ટાળવાનો ઉપાય કરવો જોઈએ ?

સુમતિ—વક્ષ્યમાણ ( કહેવાતા ) ક્રમથી તે કુસંસ્કારોનું ઉન્મૂલન કરવા આપે યત્ન કરવો જોઈએ.

૧. ક્ષુદ્રતા—દોષ દૃષ્ટિ તજીને અક્ષુદ્રતા—ઉદાર ગુણદૃષ્ટિ આદરવી જોઇએ.
૨. રસગૃદ્ધતા—વિષયલંપટતા તજીને હિત (પથ્ય) અને મિત (અલ્પ) આહારથી શરીરને સંતોષી આરોગ્ય અને શરીર સૌષ્ઠવ સાચવવું જોઇએ.
૩. ક્રોધાદિક કષાયના ત્યાગથી અને ક્ષમાદિકગુણના સેવનથી સૌમ્યતાવડે ચંદ્રની પેરે શીતળ સ્વભાવી થાવું જોઇએ, જેથી કોઇને સ્વ સંગતીથી અભાવો થવાનો કદાપિ પ્રસંગ આવેજ નહિ.
૪. સઘળાં લોક વિરૂદ્ધ કાર્ય તજીને અત્યારથી આપે સ્વપર હિતકારી કાર્ય કરવા વડે લોકપ્રિય થવું જોઇએ.
૫. મનની કઠોરતા તજી કોમળતા આદરવી જોઇએ.
૬. લોક અપવાદથી તથા પાપથી બીવું જોઇએ. વડીલનું મન પણ ન દુભાવવું જોઇએ.
૭. સર્વ દંભ–માયાને મૂકીને નિર્દંભી–નિર્માયી–સરલ સ્વભાવી થવું જોઇએ.
૮. આપની ઇચ્છા અમુક કાર્ય કરવા નહિ છતાં વડીલનું મન પ્રસન્ન રાખવાને માટે રૂડી દાક્ષિણ્યતા આદરવી જોઇએ.
૯. સ્વચ્છંદતા તજીને લજ્જા રાખવી જોઇએ. નિર્મર્યાદપણું તજીને લજ્જા, મર્યાદા, સેવવી જોઇએ.
૧૦. નિર્દયતા તજીને દયાર્દ્રતા આદરવી જોઇએ, સર્વ ઉપર અમીની નજરથી જોવું જોઇએ, દ્વેષ, મત્સર; ઇર્ષ્યાદિક તો સદંતર દૂરજ કરવા જોઇએ.
૧૧. પક્ષપાતબુદ્ધિને તજીને નિષ્પક્ષપાતપણું આદરવું જોઇએ.

૧૨. સદ્ગુણી માત્ર ઉપર રાગ ધરવો જોઇએ–સદ્ગુણ રાગી થઈ રહેવું જોઇએ.

૧૩. પ્રાણાન્ત કષ્ટ આવ્યે છતે પણ અસત્ ભાષણ ન કરવું જોઇએ. સત્યની ખાતર પ્રાણ અર્પણ કરવા જોઇએ. અર્થાત્ એકાંત સત્યપ્રિય થવું જોઇએ.

૧૪. સ્વસંબંધી કુટુંબ વર્ગ પણ ધર્મની તાલીમ લહી સબળ થાય તેમ કરવું જોઇએ. સ્વપક્ષ ધર્મસાધન વિમુખ ન રહે તેની યોગ્ય કાળજી રાખવી જોઇએ, અને ધર્મ સન્મુખ થયેલા સ્વસંબંધી વર્ગની ચઢતી થાય તેવી તેને યોગ્ય સહાય દેવી જોઈએ.

૧૫. ટુંકી દૃષ્ટિ તજીને કરવામાં આવતા દરેક કાર્યનું કેવું પરિણામ આવશે તેનો પુખ્ત વિચાર કર્યા બાદ તે કાર્ય કરી શકાય એવી દીર્ઘદૃષ્ટિ રાખવી જોઇએ, એકાએક વગર વિચાર્યું કંઇ પણ સાહસ ખેડવું નહિ જોઇએ.

૧૬. હું કોણ છું? મારી સ્થિતિ કેવી છે? મારી ફરજ શી છે? મારી કસૂર કેટલી છે? તે કસૂર સુધારવાનો ઉપાય કયો છે? તેમજ આસપાસના સંયોગો કેવા અનુકૂળ કે પ્રતિકૂળ છે? તેમાંથી મારે શી રીતે પસાર થઈ જવું જોઈએ? એ આદિ ઉપયોગી બાબતો સંબંધી વિશેષ જાણપણું મેળવવું જોઇએ.

૧૭. એવો અનુભવ મેળવવાને શિષ્ટજનોનું સેવન કરવું જોઇએ.

૧૮. ગુણ વિશિષ્ટ એવા શિષ્ટજનોનો યથાયોગ્ય વિનય કરવો જોઇએ.

૧૯. ઉપકારીનો ઉપકાર કદાપિ ભૂલવો નહિ જોઇએ. લાગ આવે તો તેનો યોગ્ય બદલો વાળવા પણ ચુકવું નહિં જોઇએ. એવી કૃતજ્ઞતા આદરી પરમ ઉપકારી નિષ્કારણ બંધુભૂત ધર્મનો કે ધર્મદાતાનો કદાપિ પણ અનાદર નજ કરવો જોઇએ. કિંતુ ધર્મની ખાતર સ્વ પ્રાણાર્પણ પણ કરવું જોઇએ.

૨૦. બની શકે તેટલું પરહિત કરવા તત્પર રહેવું જોઇએ. પરનું હિત કરતાં આપણુંજ હિત થાય છે એવો દૃઢનિશ્ચય કરી રાખવો જોઇએ.

૨૧. સર્વ ઉપયોગી બાબતમાં કુશળતા મેળવવી જોઇએ, અને જરૂર જણાતાં કોઇ પણ બાબત અભ્યાસના બળથી અલ્પ પ્રયાસે સાધી શકાવી જોઇએ. એવી નિપુણતા કહો કે કાર્ય-દક્ષતા પ્રાપ્ત થઇ જવી જોઈયે. કુમતિના કુસંગથી પડેલા માઠા સંસ્કારોને હઠાવવા ઉક્ત ૨૧ ઉપાયો પૈકી સઘળા કે બની શકે તેટલા યોજવાને હું આપને નમ્રપણે વિનંતિ કરૂં છું.

ચારિત્ર.—અહો સુમતિ ! દુર્મતિને દૂર કરી દુષ્ટ સંસ્કારોને દળી નાખવા સમર્થ સદ્બોધ ધારા વર્ષાવવાથી તેં તો તારૂં સુમતિ નામ સાર્થક કર્યું છે.

સુમતિ—સ્વસ્વામી સેવામાં તન, મન અને વચનનો અનન્ય ભાવે ઉપયોગ કરવો એજ ખરી પતિવ્રતાનો ઉચિત ધર્મ છે. તેવી પવિત્ર ફરજો હું જેટલે અંશે અદા કરી શકું તેટલે અંશે હું પોતાને કૃતાર્થ માનું છું, પણ જે તેથી વિરૂદ્ધ વર્તી

સ્વસ્વામીને અવળો ઉપદેશ દઇને અવળે રસ્તેજ દોરી જાય છે, તેવી સ્વામીને સંતાપનારી કુમતિ સ્રીને તો હું સ્વામીદ્રોહી કે આત્મદ્રોહીજ માનું છું.

ચારિત્ર.—ખરેખર તારા જેવી સુશીળા અને કુમતિ જેવી કુશીળા કોઇકિજ નારી હશે ? અહો ! જેઓ બાપડા સદાય કુમતિનાજ પાસમાં પડયા છે, તેમને તો સ્વપ્નમાં પણ આવો સદ્દુપદેશ સાંભળવાનો અવકાશ કયાંથી મળે ? અરે ! એતો બાપડા જીવતા પણ મુવા બરાબરજ તો

સુમતિ—જયાં સુધી કુમતિનો પલ્લો પકડી રાખે છે ત્યાં સુધી સર્વ કોઇ એવીજ દુર્દશાને પ્રાપ્ત થાય છે. જયારે તેનો કુસંગ તજે છે, ત્યારેજ તે કંઇ પણ સત્ય સુખ પામે છે. ત્યાં સુધી તો તે મૂર્છિતપ્રાયજ રહે છે.–સત્ય સુખથી બેનશીબજ રહે છે.

ચારિત્ર.—તું આવી શાણી અને સોભાગી છતાં કેવળ કુમતિની કુટીલતાથી કદર્થના પામતા પામર પ્રાણીઓનો કેમ ઉદ્ધાર કરતી નથી ? અહો એકાન્ત દુઃખમાંજ ડુબકી મારી રહેલા તેવા અનાથ જીવોનો ઉદ્ધાર કરતાં તને કેવો અપૂર્વ લાભ થાય ?

સુમતિ—આપની વાત સત્ય છે, પણ અન્ય તો નિમિત્ત માત્ર છે, પોતાનો પુરૂષાર્થજ ખરો કામ લાગે છે. સ્વપુરૂષાર્થજ ઇષ્ટ સિદ્ધિમાં પ્રબળ કારણરૂપ છે. તે વિના સ્વેષ્ટ સિદ્ધિ થતી નથી. આવા સબબથીજ લોકમાં પણ કહેવત પ્રચલિત છે કે **"આપ સમાન બળ નહિં અને મેઘ સમાન જળ નહિં"** એમ સમજીને સર્વ કોઇએ કુમતિની કુટીલતાથી થતા અનેક

ગેરફાયદાઓનો વિચાર કરીને તેનો કુસંગ સદંતર તજવા ઉદ્યમ કરવો જોઇએ.

ચારિત્ર.—એ કુમતિનો કુસંગ તજવાનો ઉદ્યમ કરવા તે આપડાઓને શી રીતે અવકાશ મળે ? કેમકે સાનુકૂળ ઉદ્યમ સેવ્યા વિના કદાપિ તેના કુસંગનો અંત આવી શકતો નથી. માટે કેવો સંયોગ પામીને તે કુસંગ ટળે એ મને કહે.

સુમતિ—કુમતિના કુસંગથી વિવિધ વિડંબના યુક્ત જન્મ મરણ જનિત અનંત દુઃખને સહી અકામ નિર્જરાવડે જીવને કવચિત્ સત્સમાગમ યોગે પૂર્વે મેં આપને જેવો ઉપાય ક્રમ બતાવ્યો છે તેવોજ ક્રમ પ્રાપ્ત થાય અને સમજ પૂર્વક તેનો સ્વીકાર થાય, ત્યારેજ જીવ કુમતિનો સંગ તજવાને શક્તિમાન્ બને, તે વિના કદાપિ તે તેનો સંગ તજી શકે નહિં,

ચારિત્ર.—ત્યારે ઉપર બતાવેલો ઉપાય–ક્રમ જાણવા માત્રથી કંઈ વળે નહિ શું ? સમજપૂર્વક તેનો સ્વીકાર કરવાથી જ ઇષ્ટ કાર્યની સફળતા થાય શું ?

સુમતિ—ખરેખર ઉક્ત ક્રમનો સારી રીતે આદર કરવાથીજ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઈ શકે છે, પણ તેના જાણવા માત્રથી કંઇ ઈષ્ટ સિદ્ધિ થઇ શકતી નથી.

ચારિત્ર.—શાસ્ત્રમાં જ્ઞાનનીજ મુખ્યતા કહી છે તેનું કેમ ?

સુમતિ—તે વાત સત્ય છે પણ તેનો અન્તર હેતુ એ છે કે સ્વ કર્તવ્ય કાર્યને પ્રથમ સારી રીતે જાણી સમજીને સેવ્યું હોય તો તેથી શીઘ્ર શુભ ફળની પ્રાપ્તિ થઈ શકે છે. બિલકુલ સમજ્યા વિના કરેલી અંધકરણી તો ઉલટી અનર્થકારી પણ થાય છે. માટે સમજીને સ્વકર્તવ્ય કરવાથી સિદ્ધિ છે.

ચારિત્ર.—અન્ય ધર્માવલંબી લોકો તો જ્ઞાન માત્રથી પણ સિદ્ધિ માને છે !

સુમતિ—તેઓની તેવી માન્યતા મિથ્યા છે. તરતાં આવડતું હોય પણ તરવાની અનુકૂલ ક્રિયા કર્યા વિના સામે તીરે જઈ શકાતું નથીજ, તથા ભૂખ લાગ્યે છતે ભક્ષણક્રિયા કર્યા વિના શાન્તિ થતી નથી, તેમ ખરા ચારિત્રના અર્થીજનોને પણ શુદ્ધ ચારિત્રની અનુકૂલ ક્રિયા કરવાની ખાસ જરૂર છે. જેમ બે ચક્ર વિના ગાડી ચાલતી નથી તથા બે પાંખ વિના પક્ષી ઉડી શકતું નથી, તેમ સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા વિના કાર્યસિદ્ધિ થઇ શકતી નથી. આથી આપને સમજાયું હશે કે સમ્યગ્ ક્રિયા (સદ્વર્તન) વિનાનું એકલું જ્ઞાન લૂલું-લંગડું છે, અને સમ્યગ્ જ્ઞાન ( વિવેક ) વિનાની એકલી ક્રિયા પણ આંધળી છે, માટે મોક્ષાર્થી જનોએ તે બંનેની સાથેજ સેવના કરવી જોઇએ.

ચારિત્ર.—હવે મને સમજાયું કે કેવળ લૂખી કથની માત્રથી કાર્ય સરવાનું નથી. જ્યારે કથની પ્રમાણે સરસ કરણી કરવામાં આવશે ત્યારેજ કલ્યાણ થવાનું છે.

સુમતિ—આપની આવી સહેતુક શ્રદ્ધાથી હું બહુ ખુશી થાઉં છું, અને ઇચ્છું છું કે આપને બતાવેલો ઉપાયક્રમ હવે સફળતાને પામશે. પરંતુ કુમતિનો સંગ સર્વથા વારવાનો અને અક્ષય સુખના અચૂક કારણરૂપ સત્ય ચારિત્ર ધર્મની યોગ્યતા પામવાનો જે ઉપાયક્રમ મેં આપને વાત્સલ્ય ભાવથી બતાવ્યો છે, તેનો પૂર્ણ પ્રીતિથી આદર કરવામાં આપ લગારે પણ આળસ કરશો નહિ એવી મારી વિનંતિ છે.

**ચારિત્ર.**—મહારાજ સ્વાર્થની ખાતર કેવળ પરમાર્થ દાવે બતાવેલા સત્યમાર્ગથી હું હવે ચુકીશ નહિ, તું પણ તેમાં સહાયભૂત થયા કરશે તો તે માર્ગનું સેવન કરવું મને બહુ સુલટું થઇ પડશે.

**સુમતિ**—આપને સમયોચિત સહાય કરવી એ મારી પવિત્ર ફરજ છે, એમ હું અંતઃકરણથી લેખું છું, તેથી હું સમયોચિત સહાય કરતી રહીશ.

**ચારિત્ર.**—જ્યારે તું મારે માટે આટલી બધી લાગણી ધરાવે છે ત્યારે હું હવેથી સન્માર્ગ સેવનમાં પ્રમાદ નહિ કરૂં, તારી સમયોચિત સહાય છતાં સન્માર્ગ સેવનમાં ઉપેક્ષા કરે તેના પૂરાં કમનસીબજ તો !

**સુમતિ**—આપને બતાવેલો સન્માર્ગ સેવનનો ક્રમ જેઓ બેદરકારીથી આદરતાજ નથી તેઓ કદાપિ સત્ય ચારિત્રના અધિકારી થઇ શકતાજ નથી. પરંતુ તેનો યોગ્ય આદર કરનારા તો તેના અનુક્રમે અધિકારી થઈ શકે છેજ. માટે કદાપિ તેમાં આપ બેદરકારી નહિ કરશો; એમ હું ઇચ્છું છું.

**ચારિત્ર.**—ઉપરના સદ્ઉપાયને સેવ્યાબાદ આત્માને શું શું કરવું અવશિષ્ટ (બાકી) રહે છે ? અને ઉક્ત ઉપાયથી આત્માને શો સાક્ષાત્ લાભ થાય છે ?

**સુમતિ**—ઉક્ત ઉપાયનું યથાર્થ સેવન કર્યા બાદ પણ આત્માને કરવાનું બહુજ બાકી રહે છે. આથી તો હૃદય–ભૂમિકાની શુદ્ધિ થાય છે. હૃદય ચોખ્ખું–સ્વચ્છ થયા બાદ તેમાં ચારિત્ર ગુણનો આધારભૂત સદ્‌વિવેક પ્રગટે છે. આ સદ્‌વિવે-

કનું બીજું નામ સમકિત યા તત્ત્વશ્રદ્ધા છે. હૃદય–ભૂમિશુદ્ધ થયા બાદજ તેમાં ચારિત્ર–મહેલનો સદ્‌વિવેક યા સમકિતરૂપી પાયો નંખાય છે, તેના વિના ચારિત્રમહેલ ટકી શકતોજ નથી.

ચારિત્ર.—ઉક્ત રીતે હૃદયશુદ્ધિ કર્યા બાદ જ સદ્‌વિવેક યા સમકિત પામવું ઈષ્ટ છે, તેનું સ્વરૂપ અને લક્ષણ જાણવાની મને અભિલાષા થઈ છે, તેથી પ્રથમ સંક્ષેપ માત્ર તેનું સ્વરૂપ અને લક્ષણ નિવેદન કરો.

સુમતિ—'**સદસદ્વિવેચનં વિવેકઃ**' તત્ત્વાતત્ત્વની જે વડે યથાર્થ સમજ પડે; ગુણ, દોષ, હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, અને પેયાપેય વિગેરેની જેથી યથાર્થ ઓળખાણ થાય; દેવ, ગુરૂ, અને ધર્મ સંબંધી જેથી સંપૂર્ણ નિશ્ચય થાય; તેવો નિર્ણય–નિર્ધાર કર્યા બાદ ખોટી બાબતમાં કદાપિ મુંઝાવાય નહિ અને સત્ય વસ્તુની ખાતર પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર થવાય; આ ઉપરાંત ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા એ પાંચ, સમકિતનાં ખાસ લક્ષણ છે, એ લક્ષણથી સમકિતની ખાત્રી થઈ શકે છે. જ્યાં સુધી ઉપશમાદિક લક્ષણ અંતરમાં પ્રગટ થયેલાં દેખાય નહિ ત્યાં સુધી સદ્‌વિવેક યા સમકિત પ્રગટ થયાની ખાત્રી થઇ શક્તી નથી. તેથી પૂર્વના ક્રમથી હૃદયશુદ્ધિ કર્યા બાદ સદ્‌વિવેક યા સમકિત રત્નના અર્થી જનોએ ઉક્ત ઉપશમાદિ ગુણનો અભ્યાસ કરવાની આવશ્યક્તા છે. કેમકે કારણથી કાર્યસિદ્ધિ થાય જ છે, એવો અચળ સિદ્ધાંત છે.

ચારિત્ર.—સંક્ષેપથી નામ માત્ર કહેલાં ઉપશમાદિક લક્ષ-

ણોનું કંઈક સવિસ્તર સ્વરૂપ સમજવાની મારી ઇચ્છા છે, તે હું ધારૂં છું કે સફળ થશે.

ચારિત્રરાજનો સ્વહિત પ્રત્યે વિશેષ આદર થયેલો જાણી સુમતિ તેનું સમાધાન કરે છે.

સુમતિ—આપની આવી અપૂર્વ જિજ્ઞાસા થયેલી જાણીને હું વિશેષે ખુશી થાઉં છું, અને ઉક્ત પાંચે લક્ષણોનું અનુક્રમે સ્વરૂપ કહું છું, તે આપ લક્ષમાં રાખવા કૃપા કરશો. કેમકે એ પાંચે લક્ષણથી લક્ષિત થયેલું સમકિત રત્નજ સકળ ગુણોમાં સારભૂત એટલે આધારભૂત છે.

ચારિત્ર.—હું સાવધાનપણે સમકિતનાં પાંચે લક્ષણનું સ્વરૂપ સાંભળવાને સન્મુખ થયેલો છું, તેથી હવે તેનું તમે નિરૂપણ કરો.

સુમતિ—ઉક્ત પાંચે લક્ષણમાં પ્રધાનભૂત ઉપશમનું સ્વરૂપ આ પ્રમાણે છે. અપરાધી જીવનું પણ અણહિત કરવા મનથી પણ પ્રવૃત્તિ થાય નહિ, એવી રીતે ક્રોધાદિ કષાયોને સમાવી દીધા હોય; જો કે સાધ્ય દૃષ્ટિથી સામાનું અંતરથી હિત કરવાની બુદ્ધિથી તેને યોગ્ય શિક્ષા પણ કરાય, કિંતુ કિલષ્ટ ભાવથી તો મન, વચન કે કાયાની પ્રવૃત્તિ તેનું અહિત કરવા માટે થાયજ નહિ, તે શમ અથવા ઉપશમ કહેવાય છે.

**યતઃ-અપરાધીશું પણ નવી ચિત્ત થકી, ચિંતવિયે પ્રાતકૂલ સુગુણનર.**

ચારિત્ર.—ખરેખર ઉપશમનું આવું અદ્ભૂત સ્વરૂપ મનન કરવા જેવું છે, અહો ! તેમાં કેવી અદ્ભૂત ક્ષમા રહેલી છે ! હવે બીજા સંવેગનું સ્વરૂપ કહો.

સુમતિ—સંસાર સંબંધી ક્ષણિક સુખને દુઃખરૂપજ લેખાય અને તેવા કલ્પિત સુખમાં મગ્ન નહિ થાતાં કેવળ મોક્ષસુખની જ ચાહના બની રહે. યથાશક્તિ અનુકુળ સાધન વડે સ્વભાવિક સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરાય અને પ્રતિકુળ કારણોથી ડરતાં રહેવાય તેનું નામ સંવેગ છે.

**યતઃ-"સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક સુગુણનર."**

ચારિત્ર.—અહો સંવેગનું સ્વરૂપ પણ અત્યંત હૃદયહારક છે. તે અક્ષય સુખમાં અથવા અક્ષયસુખના સાધનમાં કેવી રતિ કરવા અને ક્ષણિક સુખમાં કે ક્ષણિક સુખના સાધનમાં કેવી ઉદાસીનતા કરવા બોધે છે! અહો! સત્ય માર્ગદર્શકની બલિહારી છે! હવે ત્રીજા નિર્વેદનું કંઈક સ્વરૂપ કહો!

સુમતિ—જેમ કોઇ કેદીને કેદમાંથી કયારે છુટું; અથવા નરક સ્થાનમાંથી કયારે નીસરૂં; એવી સ્વાભાવિક ઇચ્છા પ્રવર્તે, તેમ આ જન્મમરણનાં પ્રત્યક્ષ દુઃખથી કંટાળી તેથી સર્વથા મુક્ત થવાની બુદ્ધિથી પવિત્ર ધર્મ-કરણી કરવા સ્વાભાવિક રીતે પ્રેરાય તે નિર્વેદ નામે ત્રીજું લક્ષણ છે.

**"યતઃ-નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ સુગુણનર.**
**ચાહે નીકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ સુગુણનર"**

ચારિત્ર.—અહા! આ નિર્વેદનું લક્ષણ વિષયલંપટ અને કઠોર મનવાળાને પણ વૈરાગ્ય પેદા કરવાને સમર્થ છે. તેથી ચિર પરિચિત એવા વિષયભોગ ઉપર તેનું અંતર સ્વરૂપ

વિચારતાં સ્વાભાવિક રીતે તિરસ્કાર છુટે છે. પરમ ઉદાસીન વિના એવું સ્વરૂપ કોણ પ્રતિપાદન કરી શકે વારૂ ? હવે અનુકંપાનું કંઈક સ્વરૂપ બતાવો.

સુમતિ—દુઃખીનું દુઃખ દીલમાં ધરીને તેનું નિવારણ કરવા યથાશક્તિ ઉદ્યમ કરવો, ધર્મહીન યા પતિત જીવોને યથાયોગ્ય સહાય આપીને ધર્મમાં જોડવા, તેમની લગારે ઉપેક્ષા નહિ કરતાં જેમ ધર્મની ઉન્નતિ થાય તેમ સ્વશક્તિ અનુસારે પ્રયત્ન કરવો, તે અનુકંપા કહેવાય છે.

**યતઃ—"દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાનીરે ભાવ, સુગુણ નર; ચોથું લક્ષણ અનુકંપા કરે, નિજ શકતે મન લાવ સુગુણ નર; શ્રીજિન ભાષિત વચન વિચારીયો ॥૪॥**

**ચારિત્ર.**—અહો ! આ લક્ષણ તો જગત્ માત્રનો ઉદ્ધાર કરવા સમર્થ છે. તેમાં દર્શાવેલી દયાળુતા કેવી ઉત્તમ છે ? એવી ઉત્તમ અને નિપૂણ દયાથી જ જીવનું કલ્યાણ થઇ શકે છે. કેવળ દયા દયા પોકારવાથી કદાપિ કંઇ પણ વળવાનું નથી. અહો ! આ દુનિયામાં ધર્મનું બાનું કાઢીને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવાને સેંકડો જીવોનો જાનમાલ લૂંટવાવાળા કેટલા બધા દીસે છે તે બધા હવે તો મને ધર્મ–ઢોંગજ માલુમ પડે છે. અહો દીન અનાથ એવા તે બાપડાઓના પરલોકમાં શા હાલ થશે ? ઉપરનું અનુકંપાનું લક્ષણ તો મને અભિનવ અમૃત જેવું નવું જીવન આપનારૂં લાગે છે. હવે અવશિષ્ટ રહેલું આસ્તિક્ય કેવા પ્રકારનું જોઈએ તે કંઇક સમજાવો.

સુમતિ—રાગ, દ્વેષ, અને મોહાદિક દોષ સમૂહથી સર્વથા મુક્ત અને અનંત શક્તિ સંપન્ન સર્વજ્ઞ સર્વદર્શી શ્રી જીનેશ્વર પ્રભુપ્રણીત જીવ અજીવાદિક તત્ત્વોનું સ્વરૂપ સમજીને તેનું યથાર્થ શ્રદ્ધાન કરવું. ગમે તેવી કુયુક્તિઓ કોઇ કરે તો પણ શુદ્ધ તત્ત્વમાર્ગથી કદાપિ ડગવું નહિ. આવા તત્ત્વાગ્રહ અથવા તત્ત્વ શ્રદ્ધાનથી કુમતિનો સર્વથા ક્ષય થઇ જાય છે.

યતઃ-" જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એવો જે
દૃઢ રંગ; સુગુણનર;
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ,
સુગુણ૦ "

ચારિત્ર.—અહા ! પ્રાણપ્રિયે ! સુમતિ ! આ લક્ષણ તો આડો આંક જ છે. આવા પરમાત્માના વચનમાં જ પ્રતીતિ રાખવી; તે વિનાના કપોળ કલ્પિત વચનોનો વિશ્વાસ નજ કરવો એ ખરા પરીક્ષકનું કામ છે, કેમ ?

સુમતિ—મોટા મોટા ગણાતા પણ અંધ શ્રદ્ધાળુ ખરી તત્ત્વપરીક્ષામાં પાસ થઇ શકતા નથી. તેમને મિથ્યાત્વનું મોટું આવરણ આડું આવતું હોવું જોઈએ, નહિતો ડાહી ડમરી વાતો કરી જગતને રંજન કરનારા છતાં તેઓ શુદ્ધ તત્ત્વ પરીક્ષામાં કેમ પસાર ન થઈ શકે ? એજ તેમની અંધ શ્રદ્ધાની પ્રબળ નિશાની છે, કે જેથી તેઓ સાક્ષાત્ સાચી વસ્તુ તજીને ખોટીનેજ ઝાલે છે. શુદ્ધ દેવગુરૂ અને ધર્મ સંબંધી પરીક્ષામાં પણ અંધ શ્રદ્ધાળુ લોકો મોટા ભૂલાવામાં પડે છે. તેથી જ તેઓ રાગ, દ્વેષ અને મોહાદિ દોષયુક્ત એવા દેવને દેવ તરીકે

સ્વીકારે છે; લોભી લાલચી અને અસંબંદ્ધભાષીને ગુરૂ તરીકે સ્વીકારે છે, અને ઉક્ત લેભાગુ નાયકોના કથેલા માર્ગને ધર્મ તરીકે સ્વીકારે છે. દેવ, ગુરૂ અને ધર્મ જેવા શ્રેષ્ટ તત્ત્વમાં આવી ગંભીર ભૂલને કરનારા કેવળ અંધ શ્રદ્ધાળુ જ કહેવાય, માટે તેમનું ખરૂં સ્વરૂપ જાણવું જરૂરનું છે.

**ચારિત્ર.**—તો મારા હિતની ખાતર શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મનું કંઇક સ્વરૂપ સમજાવશો. જેથી મને અને મારા જેવા બીજા જીજ્ઞાસુને પણ કંઈક લાભ થશે.

**સુમતિ**—પ્રથમ હું શુદ્ધ દેવનું સંક્ષેપથી સ્વરૂપ કહું છું તે આપ લક્ષમાં રાખશો. જેનાં નેત્ર યુગલ શાન્તરસમાં નિ-મગ્ન હોય, વદન (મુખારવિંદ) સુપ્રસન્ન હોય, ઉત્સંગ (ખોળો) કામિનીના સંગથી શૂન્ય હોય, તેમજ હસ્તયુગલ પણ શસ્ત્રવર્જિત હોય તોજ તેને તેવી પ્રમાણ મુદ્રાથી દેવાધિ-દેવ માની શકાય. તાત્પર્ય કે જેનામાં રાગ, દ્વેષ, અને મોહ સર્વથા વિલય પામ્યા છે, તેથી ઉક્ત દોષોની કંઇ પણ નિશાની દેખાતી નથી, એવા આપ્ત-મહા પુરૂષનેજ દેવાધિદેવ તરીકે માની શકાય. આ શિવાય ઉક્ત મહાદેવને ઓળખવાના અનેક સાધન શાસ્ત્રમાં કહ્યાં છે. વિશેષ રૂચિ જીવે તે સર્વનો ત્યાંથી નિર્ધાર કરી લેવો.

**ચારિત્ર.**—અહો! આવું અદ્ભૂત દેવનું સ્વરૂપ કોઇકજ વિરલા જાણતા હશે, અને કદાચ કોઈ જાણતા હશે તોપણ કુલાચાર કે કદાગ્રહને તજીને કોઇકજ તેનો યથાર્થ આદર કરતા હશે. બહોળો ભાગ તો ગતાનુગતિક હોવાથી સ્વકુલા-

ચારનેજ વળગી રહેવામાં સાર માને છે. એવા બાપડા અજ્ઞાન લોકો શુદ્ધ દેવને કયારે ઓળખી શકશે ? તેમને તે ઓળખાવે પણ કોણ ? ખરેખર તે બાપડા હતભાગ્ય છે. તેથીજ તેઓ એવી કરૂણાજનક સ્થિતિમાં પડયા રહે છે. હવે શુદ્ધ ગુરૂનું સ્વરૂપ કહો.

સુમતિ—જે અહિંસાદિક પાંચ મહાવ્રતોને ધારણ કરી રાત્રીભોજન સર્વથા તજે છે, નિઃસ્પૃહપણે અન્ય યોગ્ય અધિકારી જનોને ધર્મોપદેશ દે છે, રાયને અને રંકને સમાન લેખે છે, નારીને નાગણી તુલ્ય લેખી દૂર તજે છે, સુવર્ણ અને પથ્થરને સમાન લેખે છે, નિંદા–સ્તુતિ સાંભળીને મનમાં હર્ષ–શોક લાવતા નથી, ચંદ્રની જેવા શીતળ સ્વભાવી છે, સાયરની જેવા ગંભીર છે, મેરૂની જેવા નિશ્ચળ છે, ભારંડની જેવા પ્રમાદ રહિત છે, અને કમળની જેવા નિર્લેપ છે; જેથી રાગ દ્વેષ અને મોહાદિક અંતરંગ શત્રુઓને જીતવાને પૂર્વોક્ત મહાદેવના વચનાનુસારે પુરૂષાર્થ ફોરવ્યા કરે છે, એથીજ પ્રવહણની જેમ સ્વપરને તારવા સમર્થ સદ્ગુરૂ હોય છે એવા શુદ્ધ ગુરૂ મહારાજનું મોક્ષાર્થી જનોએ અવશ્ય શરણ લેવું યોગ્ય છે.

ચારિત્ર.—અહો પ્રાણવલ્લભા ! સુમતિ ! સદ્ગુરૂનું આવું યથાર્થ સ્વરૂપ સાંભળીને લાંબા વખતનો લાગુ પડેલો મારો મદજ્વર શાન્ત થઇ ગયો છે. હવે મારાં પડળ ખુલ્યાં. શુદ્ધ ચારિત્રપાત્ર સદ્ગુરૂ આવાજ હોય તે યથાર્થ જાણવાથી મારો આગલો ભ્રમ ભાગી ગયો છે, અને હું હવે ખુલ્લેખુલ્લું કહી દઉં છું કે હું તો માત્ર નામનોજ ચારિત્રરાજ છું. અહો

સુમતિ! જો મને તારો સમાગમ થયો ન હોત તો આ અનાદિ માયાનો પડદો શી રીતે દૂર થઇ શકત અને તે પડદો દૂર થયા વિના મારા શા હાલ થાત? હું દંભવૃત્તિથી મુગ્ધ જનોને ઠગીને કેવો દુઃખી થાત? અરે માયાવી એવા મારા મિથ્યાલંબનથી કેટલો બધો અનર્થ થાત? હું કહું છું કે તારૂં કલ્યાણ થજો! તું કલ્પ કોટી કાળ સુધી જીવતી રહે! અને તારા સત્સમાગમથી કરોડો જીવોનું કલ્યાણ થજો! હવે અનુકૂળતાએ મને શુદ્ધ ધર્મનું સ્વરૂપ સમજાવો.

સુમતિ—આપની પ્રબળ તત્ત્વ-જિજ્ઞાસાથી હું અત્યંત ખુશી થઇ છું, જેથી આપની ઇચ્છા અનુસારે શુદ્ધ ધર્મ તત્ત્વનું સ્વરૂપ સમજાવવાને યથામતિ ઉદ્યમ કરીશ. મને આશા છે કે તે સર્વ સાવધાનપણે સાંભળી તેમાંથી સાર ખેંચી, તેનો યથાશક્તિ આદર કરીને આપ મારો શ્રમ સફળ કરશો.

ચારિત્ર.—હું તે સર્વ સાવધાનતાથી સાંભળી તેનો સાર લઇ યથાશક્તિ આદર કરવા ચૂકીશ નહિ. તેથી હવે નિઃસંશયપણે ધર્મ તત્ત્વનું સ્વરૂપ સમજાવો.

સુમતિ—"**અહિંસા પરમો ધર્મઃ**" એ સર્વ સામાન્ય વચન છે. એ વચન જેટલું વ્યાપક છે, તેટલુંજ ગંભીર છે. સર્વ સામાન્ય લોકો તેનું યથાર્થ સ્વરૂપ સમજી શકતા નથી. તેથીજ તેઓ તેમાં કવચિત્ ભારે સ્ખલના પામે છે. અથવા તેનો યથાર્થ લાભ લઇ શકતા નથી. "**નહિંસા–અહિંસા**" અર્થાત્ દયા એટલે કોઇને દુઃખ નહિ દેવું એટલોજ તેનો સામાન્ય અર્થ કેટલાક કરે છે. પરંતુ તે કરતાં ઘણીજ વધારે

અર્થ–ગંભીરતા તેમાં રહેલી છે તે નીચેની વાતથી આપને વિદિત થશે–" **પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા** " અર્થાત્ કોઈ પણ પ્રકારના પ્રમાદવાળા મન, વચન, કે કાયાના વ્યાપારથી કોઈ પણ વખતે કોઈ પણ સંયોગમાં આપણા કે પારકા કોઇના પ્રાણનો નાશ કરવો તે હિંસાનો અર્થ છે. તેવી હિંસાથી દૂર રહેવું–દૂર રહેવા અનુકુળ પ્રયત્ન સેવવો તેનું નામ **અહિંસા છે.** એવી નિપુણ અહિંસા, '**સંયમ**' વડે સાધી શકાય છે. અને એવો **સંયમ**, સર્વજ્ઞદર્શિત ઈચ્છા નિરોધરૂપી **તપ**થીજ સાધ્ય થાય છે, માટેજ સિદ્ધાન્તકારે સૂત્રમાં ધર્મનું આવું સ્વરૂપ બતાવ્યું છે કે,

**ધમ્મો મંગલ મુક્કિટ્ઠું, અહિંસા સંજમો તવો;**
**દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો**

(દશવૈકાલિક સૂત્રે.)

તેનો પરમાર્થ એવો છે કે અહિંસા સંજમ અને તપ છે લક્ષણ જેનું એવો ધર્મ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે. જેનું મન મહા મંગલમય ધર્મમાં સદા વર્ત્યા કરે છે. તેને દેવ દાનવો પણ નમસ્કાર કરે છે, " દુર્ગતિમાં પડતાં પ્રાણીને ધારણ કરી લઇને સદ્ગતિમાં સ્થાપન કરે તેજ ખરો ધર્મ છે. " અહિંસા, સંજમ અને તપ, એ તેનું અસાધારણ લક્ષણ છે. તેથીજ અહિંસાદિકનું સવિશેષ સ્વરૂપ સમજવાની ખાસ જરૂર છે.

**ચારિત્ર.**—પરમ પવિત્ર ધર્મના અંગભૂત ઉક્ત અહિંસાદિકનું સહજ વિશેષ સ્વરૂપ જાણવાની મને પણ અભિલાષા થઇ છે, તેથી હવે તે સમજાવો.

સુમતિ—પ્રથમ હું આપને "અહિંસા" નું કંઇક સવિશેષ સ્વરૂપ સમજાવું છું. મે આપને પહેલાં પણ જણાવ્યું છે કે 'પ્રમત્ત યોગાત્ પ્રાણ વ્યપરોપણં હિંસા' તેથી તેમાં કહેલા પ્રમત્તયોગ શી રીતે થાય તે પણ જાણવું જોઇએ. 'મદ્ય' (Intoxication) વિષય (sensual desires) કષાય (Wrath arrogance etc.) નિદ્રા (Idleness) અને વિકથા (false gossips) વડે 'રાગ દ્વેષ યુક્ત કલુષિત મન વચન અને કાયાનું પ્રવર્તન થાય તે પ્રમત્તયોગ કહેવાય. એવા પ્રમત્તયોગથી આત્મા પોતાના કર્તવ્યથી 'ભ્રષ્ટ' થાય છે. તેથી તે શાસ્ત્ર સંબંધી વિહિત માર્ગનો લોપ કરે છે. શાસ્ત્રનો વિહિત માર્ગ મૂળ રૂપમાં આવો છે કે–

**માતૃવત્ પરદારેષુ પરદ્રવ્યેષુ લોષ્ઠવત્;**
**આત્મવત્ સર્વભૂતેષુ, યઃ પશ્યતિ સ પશ્યતિ.**

પરસ્ત્રીને પોતાની માતા તુલ્ય લેખવે, પરદ્રવ્યને ધુળના ઢેફાં જેવું લેખવે અને સર્વ પ્રાણી વર્ગને આત્મ સમાન લેખવે તેજ ખરો જ્ઞાની વિવેકી કે શાસ્ત્ર શ્રદ્ધાળુ છે. પ્રમત્તયોગથી કોઇ પણ પ્રાણી આવા પવિત્ર માર્ગથી પતિત થાય છે, અને સ્વપરને ભારે નુકશાન કરે છે, તેનું ખરૂં નામ હિંસા છે, એવી હિંસાથી પાપની પરંપરા વધતી જાય છે અને તેથી સંસાર સંતતિ વધે છે. આથી પોતાને તથા પરને અધોગતિનું વારંવાર કારણ બને છે. એવી દુઃખદાયક હિંસાથી દૂર રહેવું અને પૂર્વોક્ત પ્રમત્તયોગને તજીને અપ્રમત્તપણે શાસ્ત્રવિહિત માર્ગેજ ચાલીને સ્વપરનું એકાંત હિત થાય એવી અનુકૂલ પ્ર-

વૃત્તિજ સેવવી તે અહિંસા કહેવાય છે. આવી સાચી અહિંસાજ સર્વ ભયહરી–અભયકરી અને કલ્યાણકારી કહી શકાય.

**ચારિત્ર.**—ખરેખર ઉક્ત સ્વરૂપવાળી અહિંસાજ સર્વ દુઃખ હરનારી હોવાથી પરમ સુખદાયી અને સર્વ કલ્યાણને કરનારી હોવાથી ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. આવી અઘહર અહિંસાજ જગત માત્રને સેવન કરવા યોગ્ય છે. હવે ઉક્ત અહિંસાને ઉપષ્ટંભકારી સંયમનું કંઇક સ્વરૂપ સમજાવશો.

**સુમતિ**—"**સંયમનં સંયમઃ**" સ્વચ્છંદપણે ચાલતા આત્માનો નિગ્રહ કરવો, તેને ખોટા માર્ગથી નિવર્તાવી, સાચા માર્ગમાં જોડવો તે **સંયમ** કહેવાય છે. હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ તથા મૂર્છા ( પરિગ્રહ ) નો સર્વથા કે દેશથી ( જેટલે અંશે બને તેટલે અંશે ) ત્યાગ કરી અહિંસાદિ પાંચ મહાવ્રતોનો અને તથા પ્રકારની શક્તિ ન હોય તો પાંચ અણુવ્રતોને સ્વીકાર કરી તેમનો યથાર્થ આદર–નિર્વાહ કરવો, સ્વેચ્છા મુજબ વર્તતી સ્પર્શનેંદ્રિય વિગેરે પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ક્રોધાદિક કષાય ચતુષ્કનો જય કરવો અને મન, વચન, કાયારૂપ યોગત્રયની પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીને તેમની ગોપના–ગુપ્તિ કરવી. એ પ્રમાણે સંયમના ૧૭ ભેદ કહ્યા છે. એ સર્વનો ઉંડો આંતર આશય અહિંસાની પુષ્ટિ કરવાનોજ હોય છે, તેથી સત્યાદિક સર્વે મહાવ્રતો, ઇંદ્રય નિગ્રહ, કષાય જય, વિગેરે તે અહિંસાનાજ સહાયક યા ઉપસહાયક કહેવા યોગ્ય છે.

**ચારિત્ર.**—ઉક્ત સંયમના અધિકારી કોણ કોણ છે ? તે કંઇક સમજાવો.

સુમતિ—હિંસાદિક અવ્રતોનો સર્વથા ત્યાગ કરીને અહિંસાદિક મહાવ્રતોનો સર્વથા સ્વીકાર કરવારૂપ સર્વ સંયમના અધિકારી સાધુ મુનિરાજ છે. અને અંશ માત્ર ઉક્ત વ્રતોનું સેવન કરવાથી દેશ સંયમના અધિકારી તો શ્રમણોપાસક–શ્રાવક હોય છે.

ચારિત્ર.—સર્વ ( સર્વાંશે ) સંયમ લેવાનો શો ક્રમ છે ? સર્વ સંયમ ગ્રહણ કર્યા બાદ કદાચ કર્મવશાત્ તે બરાબર પાળી ન શકાય તો તેનો શો ઉપાય છે તે બતાવો !

સુમતિ—પૂર્વે બતાવેલા અક્ષુદ્રતાદિક ગુણના અભ્યાસવડે હૃદયની શુદ્ધિ કરી, સદ્‌ગુરૂ યોગે સદ્વિવેક યા સમક્તિ પામવાથી ચતુર્થ ગુણ સ્થાનક પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ શંકા કંખાદિક દૂષણ ટાળીને, શુદ્ધ દેવ ગુરૂ સંઘ સાધર્મી વિગેરે પૂજ્ય વર્ગની યથોચિત ભક્તિરૂપ ભૂષણ ધારીને, પૂર્વોક્ત શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિક્યરૂપ લક્ષણ લક્ષિત સમક્તિ રત્નને મન, વચન, તથા કાયાની શુદ્ધિથી અજવાળી શુદ્ધ કરીને સદ્ અભ્યાસના બળથી દેશ–સંયમી શ્રાવકની સીમાયે ( હદે ) પહોંચી શકાય છે. તે દેશ–વિરતિ ગુણ સ્થાનક પાંચમું ગણાય છે. તેમાં પાંચ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતોનો સમાવેશ થઇ જાય છે. દૃઢ વૈરાગી શ્રાવક સદ્‌ગુરૂ યોગે શ્રાવકની ૧૧ પડિમા ( પ્રતિમા ) પણ વહેછે. પરંતુ પૂર્વોક્ત વ્રતને ધારણ કર્યા પહેલાં તેમાંના દરેકનો અભ્યાસ કરી જોવે છે; જેથી તેનું પાલન કરવું કંઇક વધારે સુતર પડે છે. ૧ શ્રાવક યોગ્ય વ્રત અને

૧ શ્રાવક યોગ્ય દ્વાદશ વ્રતો અને પડિમાદિકનું કંઇક સવિસ્તર સ્વરૂપ 'શ્રાવક કલ્પતરૂ' નામના ગ્રંથમાં આપવામાં આવ્યું છે તે જાણવા ખપ કરવો.

પડિમાના શુભ અભ્યાસથી અનુક્રમે 'સર્વ વિરતિસંયમનો' અધિકાર પ્રાપ્ત થાય છે. પાંચ મહાવ્રતાદિકનો એમાં સમાવેશ થાય છે. એ ગુણ સ્થાનક છઠું 'પ્રમત્ત' નામે ઓળખાય છે. લીધેલાં મહાવ્રત વિગેરે જો સાવધાનપણે સાચવી તેમની શુદ્ધિ અને પુષ્ટિ કરવામાં આવે છે તો પરિણામની વિશુદ્ધિથી 'અપ્રમત્ત' નામે સાતમું ગુણ સ્થાનક પ્રાપ્ત થઇ શકે છે, પણ જો ઉક્ત મહાવ્રતાદિકની ઉપેક્ષા કરી સ્વચ્છંદ વર્તન કરવામાં આવે છે તો પરિણામની મલીનતાથી પતિત અવસ્થાને પામી છેવટ મિથ્યાત્વ નામના પ્રથમ ગુણ સ્થાનકે જવું પડે છે, તેથીજ દીર્ઘદૃષ્ટિ થઇને જેનો સુખેથી નિર્વાહ થાય તેવાં વ્રત ગ્રહણ કરવામાં આવે તો તેથી પતિત થવાનો પ્રાયઃ પ્રસંગ આવે નહિ. "સ્વ સ્વ શક્તિ મુજબ બની શકે તેટલી ધર્મ કરણી કપટ રહિતજ કરવાની જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે." એવી અખંડ આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી હાનીજ થાય છે. ઉક્ત આજ્ઞાનું આરાધન કરવામાંજ સર્વ હિત સમાયેલું છે. કદાચિત્ સરલ ભાવથી સર્વ સંયમ આદર્યા બાદ તેનો યથાયોગ્ય નિર્વાહ કરવાની તાકાત જણાય નહિ તો શુદ્ધ બુદ્ધિથી સદ્ગુરૂ સમીપે ખરી હકીકત જાહેર કરીને ગુરૂ મહારાજ પરમાર્થ દૃષ્ટિથી જે હિતકારી માર્ગ બતાવે તેનું નિર્દંભપણે સેવન કરવામાંજ ખરૂં હિત રહેલું છે. દંભ યુક્ત સર્વ સંયમ કરતાં દંભ રહિત દેશ સંયમ (અણુવ્રતાદિક) નું પાલન કરવુંજ વધારે હિતકારી છે. તેથી ગુરૂ મહારાજ તેમ કરવા કે બીજી ઉચિત નીતિ આદરવા કહે તે આત્માર્થી જનને અવશ્ય અંગીકાર કરવા યોગ્ય છે. કેમકે સદ્ગુરૂ મહારાજ આપણું એકાંત હિત ઇચ્છનારાજ હોય છે.

**ચારિત્ર.**—ઉક્ત **સંયમનું** સ્વરૂપ અને તત્સંબંધી કરેલો ખુલાસો મને તો અત્યંત હિતકારી થવા સંભવ રહે છે. અહો આવા સમ્યગ્ જ્ઞાન વિનાનું તો કેવળ **અંધારૂંજ** છે. અહો પ્રાણપ્રિયે ! તારી નિઃસ્વાર્થ વાત્સલ્યતાનાં શાં વખાણ કરૂં ? અહો તારી અનહદ કરૂણા ! તેનો બદલો હું શી રીતે વાળી શકીશ ?

**સુમતિ**—આપના પ્રતિની મારી પવિત્ર ફરજ અદા કરતાં હું કંઇ અધિક કરતી નથી. ગુણ ગ્રાહક બુદ્ધિથીજ આપને એમ ભાસતું હશે. ગમે તેમ હોય પણ આ સર્વ શ્રેયઃ સૂચકજ છે.

**ચારિત્ર**—પ્રાણ પ્રિયે ! ખરૂં કહું છું કે અંતરમાં તત્ત્વ પ્રકાશ થવાથી અને અંધ શ્રદ્ધા નષ્ટ થવાથી જાણે હું કંઈક અપૂર્વ જીવનજ પામ્યો હોઉં એમ મને તો જણાય છે. હવે મને શુદ્ધ સંયમ સેવન કરવાની પૂર્ણ અભિલાષા વર્તે છે. એવી મારી ઉચ્ચ અભિલાષા સફળ થાય માટે સર્વજ્ઞ પ્રભુની કૃપા સાથે તારી સતત સહાય માગું છું.

**સુમતિ**—મારાથી બની શકે તે સર્વ સહાય સમર્પવા હું સેવામાં સદા તત્પર છું અને ખરા જીગરથી ઇચ્છું છું કે આપની આવી ઉચ્ચ અભિલાષા શીઘ્ર ફળીભૂત થાઓ !

**ચારિત્ર.**—પ્રિયે ! તારી સત્સંગતિથી હું દિનપ્રતિદિન અપૂર્વ આનંદ અનુભવતો જાઉં છું તેથી મને ખાત્રી થાય છે કે મારી ઉચ્ચ અભિલાષા એક દિવસે સફળ થાશેજ ! હાલ તો મને ધર્મના પવિત્ર અંગભૂત અવશિષ્ટ રહેલા તપનું સ્વરૂપ જાણવાની પ્રબળ ઇચ્છા વર્તે છે. તેથી તેનું કંઇક વિશેષ સ્વરૂપ સમજાવીને સમાધાન કરવું ઘટે છે.

સુમતિ—જેથી પૂર્વ સંચિત કર્મમળ દગ્ધ થઈને ક્ષય પામે તેનું નામ **તપ** છે. અનાદિ અજ્ઞાનના યોગથી વિવિધ વિષયમાં ભટકતા મનનો અને ઇંદ્રિયોનો નિરોધ કરી સહજ સ્વભાવમાં સ્થિત થાવું તેજ ખરો તપ છે. તે તપના ૬ બાહ્ય અને ૬ અભ્યંતર મળીને ૧૨ ભેદ છે, જે ખાસ લક્ષમાં રાખવા જેવા છે. આત્મ વિશુદ્ધિ કરવાના ખપી જનોને તે સર્વે અત્યંત હિતકારી છે. તેમાંથી પ્રથમ ૬ બાહ્ય ભેદનું કિંચિત્ સ્વરૂપ કહું છું.

૧ અનશન–સર્વ પ્રકારના અન્ન પાણી વિગેરે ભોજ્ય પદાર્થોનો અમુક વખત સુધી અથવા કાયમના માટે ત્યાગ કરીને સહજ સંતોષ રાખવો તે.

૧ ઉણોદરી ) ઔનોદર્ય ) ભોજનનો અમુક ભાગ જાણી જોઇને ઓછો કરવો. નિદ્રા તંદ્રાદિકના જય માટે જાણી જોઇને ઉણું રહેવું અથવા સંતોષ સુખની અભિવૃદ્ધિ માટે જરૂર જેટલા આહારમાં પણ કમી કરતા જવું. પોણા, અર્ધા અને છેવટ પા ભાગના ભોજનથી નિર્વાહ કરી લેવો તે.

૩ વૃત્તિસંક્ષેપ–ભોજન કરતી વખતે વાપરવાની વસ્તુઓનું પ્રમાણ કરવું, અમુક ચીજોથીજ ચલાવી લેવું તેમજ એક કે બે વખત નિયમસરજ વાવરવું.

૪ રસત્યાગ–ષટ્રસ ભોજનમાંથી જેટલા રસનો ત્યાગ થઇ શકે તેટલાનો કરવો ખાટો, ખારો, તીખો, મીઠો, કડવો અને કષાયલો, એવા ષટ્ રસ છે. તેમજ દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, અને તળેલું પકવાન્ન એ ષટ્ વિકૃતિ–વિગઇયો છે.

તેમાંથી જેટલી તજાય તેટલી તજીને બાકીથી સંતોષ રાખવો. તેમજ રસલોલુપતા તજવી.

૫ કાયકલેશ–ઠંડી ઋતુમાં ટાઢ સહન કરવી, ગ્રીષ્મ ઋતુમાં તાપ સહન કરવો, અને વર્ષા ઋતુમાં સ્થિર આસનથી રહી જ્ઞાન ધ્યાન તપજપમાં મશગૂલ રહેવું. કેશનો લોચ કરવો તથા ભૂમી શય્યાદિક કષ્ટ સ્વાધીનપણે ખુશીથી સહન કરવું એવું વિચારીને કે 'દેહે દુખં મહા ફલમ્' દેહને દમવામાં બહુ ફળ છે. આ રીતે સમજીને સહનશીલતા રાખવામાં આવશે તો આગળ ઉપર તે બહુ લાભકારી થાશે. સ્વેચ્છાએ સુખલંપટ થવાથી તો પોતાના બંને ભવ બગડે છે.

૬ સંલીનતા—આસનનો જય કરવા અંગોપાંગ સંકોચીને સ્થિર આસને બેસવું. આ પ્રમાણે સમજીને પૂર્વોક્ત બાહ્ય તપનું સેવન કરવાથી અભ્યંતર તપની પુષ્ટિ થાય છે અને આત્માને બહુ ભારે લાભ થાય છે.

**ચારિત્ર.**—એ બાહ્ય તપ શરીરની આરોગ્યતા માટે પણ બહુ ઉપયોગી લાગે છે. ઉક્ત તપ વિવિધ વ્યાધિઓનો સંહાર કરવાને કાળ જેવા લાગે છે. એ ઉપરાંત તેનું વિધિવત્ સેવન કરવાથી જે અભ્યંતર તપની વૃદ્ધિ થાય છે તેનું કંઈક સ્વરૂપ મને સમજાવો.

**સુમતિ**—પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, ( વૈયાવચ્ચ ) સ્વાધ્યાય, ધ્યાન, અને કાયોત્સર્ગ ( કાઉસ્સગ્ગ ) એવા અભ્યંતર તપના ૬ ભેદ છે. અંતર આત્માને અત્યંત ઉપકારી હોવાથી તે અભ્યંતર તપના નામથી ઓળખાય છે. તેમનું કંઈક સ્વરૂપ આપની તેવી જિજ્ઞાસાથી કહું છું તે આપ ખાસ ધ્યાનમાં રાખી લેશો.

૧ જાણતાં કે અજાણતાં જે અપરાધ થયો હોય તેનું ગુરૂ મહારાજને નિવેદન કરી નિઃશલ્ય થયા બાદ ગુરૂ મહારાજ તેનું નિવારણ કરવા જે શિક્ષા આપે તે બરાબર પાળવી તેનું નામ પ્રાયશ્ચિત્ત સમજવું. થયેલા અપરાધ સંબંધી પોતાના મનમાં પણ પૂર્ણ પશ્ચાત્તાપ કરી, ફરી તેવો અપરાધ બીજી વાર થઇ ન જાય તેવી પુરતી સંભાળ રાખવી જોઇએ.

૨ સદ્ગુણી અથવા અધિક ગુણીજનો સાથે ભક્તિ, બહુમાનાદિ ઉચિત આચરણ કરવું તે વિનય કહેવાય છે. ગુણ સ્તુતિ, અવગુણની ઉપેક્ષા, અને આશાતનાનો ત્યાગ કરવો એ સર્વ વિનયનાજ અંગભૂત છે. વિનય, અનેક દુર્ધર શત્રુઓને પણ નમાવે છે. વળી જિન, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મીભાઈ, અને ચૈત્ય (જિનમુદ્રા યા જિનમંદિર) વિગેરે પુજ્ય વર્ગ ઉપર પૂર્ણ પ્રેમ રાખવો (જગાવવો) એ વિનયનું પ્રબળ અંગ છે.

૩ બાળ, ગ્લાન, વૃદ્ધ, તપસ્વી, સંઘ, સાધર્મીને બનતી સહાય આપવી, તેમની અવસરે અવસરે સંભાળ લેવી, નિઃસ્વાર્થપણે તેમની સેવા બજાવવી તે વૈયાવચ્ચ કહેવાય છે.

૪ અભિનવ શાસ્ત્રની વાચના, તેમાં પડેલા સંદેહના સમાધાન માટે ગુરૂને પૃચ્છના, ભણેલું વિસ્મૃત થઇ ન જાય માટે તેની પરાવર્તના–પુનરાવૃત્તિ કરવી, તેમાં સમાયેલા ગંભીરઅર્થનું ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા અને નિશ્ચિત –સંદેહ વિનાની ધર્મકથાવડે અન્ય આત્માર્થીજનોને યોગ્ય અવલંબન દેવારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી આત્માને

અત્યંત ઉપકાર થતો હોવાથી જ્ઞાની પુરૂષોએ તેને અભ્યંતર તપરૂપ લેખ્યો છે.

૫ અપ્રશસ્ત અને પ્રશસ્ત અથવા શુભ અને અશુભ અથવા શુદ્ધ અને અશુદ્ધ એવા મુખ્યપણે ધ્યાનના બે ભેદ છે. આર્ત અને રૌદ્ર એ બે અપ્રશસ્ત તથા ધર્મ અને શુકલ એ બે પ્રશસ્ત ધ્યાનના ભેદ છે. કોઈ પણ વસ્તુમાં ચિત્તનું એકાગ્રપણું થવું તે ધ્યાન કહેવાય છે. તેથી જો શુભ વસ્તુમાં ચિત્ત પરોવાયું હોય તો શુભ ધ્યાન અને અશુભ વસ્તુમાં ચિત્ત પરોવાયું હોય તો અશુભ ધ્યાન કહેવાય છે. મલીન વિચારવાળું ધ્યાન અશુદ્ધ કહેવાય છે અને નિર્મળ વિચારવાળું ધ્યાન શુદ્ધ કહેવાય છે. 'મનુષ્યોને બંધ અને મોક્ષનું મુખ્ય કારણ મનજ છે.' એમ જે કહેવાય છે. તે આવા શુભાશુભ ધ્યાનને લઈનેજ સમજવાનું છે. ક્ષણવારમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિએ જે સાતમી નર્કનાં દળીયાં મેળવ્યાં અને પાછાં વિખેરી નાંખ્યા તે તથા ભરતમહારાજાએ ક્ષણવારમાં આરીસો અવલોકતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે સર્વ ધ્યાનનોજ માહમા છે.

૬ દેહ ઉપરનો સર્વ મોહ તજીને અને મન વચનને પણ નિયમમાં રાખીને એકાગ્રપણે–નિશ્ચય થઈ આત્માને અરિહંત સિદ્ધ સંબધી શુદ્ધ ઉપયોગમાં જોડી દેવો તે કાયોત્સર્ગ નામે અભ્યંતર તપ કહેવાય છે. આવા કાયોત્સર્ગથી અનેક મહાત્માઓ અક્ષય સુખને પામ્યા છે, અને અનેક સ્વર્ગના અધિકારી થયા છે; તેથી દરેક મોક્ષાર્થી જને તેનો અવશ્ય અભ્યાસ કરવો યોગ્ય છે. અભ્યાસ

કરતાં કરતાં અધિકાર વધતો જાય છે. તેથી ગમે તેવું કઠિન કાર્ય પણ સુલભ થઈ પડે છે, અને આત્માને અનંત લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**ચારિત્ર.**—પ્રાણપ્રિયે ! આ તારી અમૃત વાણીનું મેં અત્યંત રૂચીથી પાન કર્યું છે. તેથી મને પણ આવા અનુપમ ધર્મની પ્રાપ્તિદ્વારા અંતે અક્ષય સુખની પ્રાપ્તિ થશેજ એમ આ મારૂં અંતઃકરણ સાક્ષી પુરેછે.

**સુમતિ.**—પ્રાણપ્રિય ! આ આપની પ્રૌઢ વાણી ખરેખર શુભ અર્થ-સૂચક છે. તે **સર્વાંશે** સફળતાને પામો ! અને આપ અપૂર્વ પુરૂષાર્થયોગે મારી સ્વામિની શિવ-સુંદરીના શીઘ્ર અધિકારી થાઓ ! એવી અંતરથી દુવા દઉં છું.

**ચારિત્ર**—સુમતિ ! હું સાચેસાચું કહું છું કે ધર્મનું આવું અપૂર્વ સ્વરૂપ સમજી, તેનું ગંભીર માહાત્મ્ય મનમાં ભાવી, હવે હું શુદ્ધ ધર્મ સેવન દ્વારા સ્વનામ સાર્થક કરવાને મારાથી બનતું સાહસ ખેડવા બાકી રાખીશ નહિ. તારી સમયોચિત કિંમતી સહાયથી હું મારી ધારણામાં અવશ્ય ફતેહમંદ નીવડીશ.

**સુમતિ.**—તથાસ્તુ ! કિંતુ આપનો પવિત્ર હેતુ સંપૂર્ણ સિદ્ધ કરવાને માટે સબળ સહાયભૂત પૂર્વોક્ત ધર્મનું નિશ્ચય અને વ્યવહારથી સ્વરૂપ કંઇક બારીકીથી સમજી લેવાની આપને જરૂર છે.

**ચારિત્ર.**—વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મનો મુખ્ય શો તફાવત છે અને તેથી શો ઉપકાર થઇ શકે છે ?

**સુમતિ.**—વ્યવહાર ધર્મ સાધન છે, અને નિશ્ચય ધર્મ સાધ્ય છે. શુદ્ધ-નિશ્ચય ધર્મ સાક્ષાત્ પ્રાપ્ત કરવાને વ્યવહાર ધર્મ

પુષ્ટ કારણભૂત છે. વ્યવહાર સાધન વિના નિશ્ચય સાધી શકાય નહિ.

ચારિત્ર—પૂર્વે બતાવેલું ધર્મનું સ્વરૂપ મુખ્યતાથી કેવા પ્રકારનું છે?

સુમતિ.—ધર્મનું પૂર્વોક્ત સ્વરૂપ મુખ્યતાથી વ્યવહારની અપેક્ષાએ કહેલું છે તેથી તેમાં નિશ્ચય સ્વરૂપ કેવળ ગૌણપણેજ રહ્યું છે.

ચારિત્ર.—ત્યારે હવે મને નિશ્ચય ધર્મનું કંઇક સ્વરૂપ સમજાવો.

સુમતિ.—સર્વથા કર્મ કલંક રહિત નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય (શક્તિ) રૂપ આત્માનો સહજ (નિરૂપાધિક) સ્વભાવ એજ નિશ્ચય ધર્મ છે. સત્તા રૂપે તો તે સદા આત્મામાં સ્થિત રહેલોજ છે.

ચારિત્ર.—સત્તા રૂપે રહેલો તે ધર્મ આત્માને ઉપકારી કેમ થઇ શકતો નથી અને તે ક્યારે અને શી રીતે આત્માને ઉપકારી થઇ શકે છે તે હવે સમજાવો

સુમતિ.—આત્મા અનાદિ કર્મ કલંકથી કલંકિત થયેલો હોવાથી સત્તા માત્ર રહેલો ધર્મ આત્માને સહાયભૂત થઈ શકતો નથી. જ્યારે પૂર્વોક્ત વ્યવહાર ધર્મનું રૂચિપૂર્વક સેવન કરવામાં આવે છે, ત્યારે પરિણામની વિશુદ્ધિથી જેટલે જેટલે અંશે કર્મમળના હઠવાથી આત્મ સ્વભાવ ઉજ્વલ થાય છે તેટલે તેટલે અંશે પ્રગટ થયેલા સત્તાગત ધર્મથી આત્માને સહજ ઉપગાર થાયજ છે. યાવત્ શુદ્ધ વ્યવહાર ધર્મના સંપૂર્ણ બળથી જ્યારે ઘનઘાતિ કર્મમળનો સર્વથા ક્ષય થઈ જાય છે, ત્યારે તો

સત્તાગત રહેલ અનંત જ્ઞાન અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય રૂપ સહજ અનંત ચતુષ્ટયી પ્રગટે છે. તેથી આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી, સંપૂર્ણ સુખી અને સર્વ શક્તિવંત થાય છે.

**ચારિત્ર.**—વ્યવહાર ધર્મ ક્યાં સુધી કહી શકાય છે તે સમજાવો ?

**સુમતિ**—જ્યાં સુધી પૂર્વે કહેલા પાંચે પ્રમાદના પરિહાર વડે સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રની સહાયથી રાગ, દ્વેષ અને મોહાદિ દુષ્ટ દોષોનો સર્વથા ક્ષય થાય નહિ ત્યાં સુધી તેમનો સંપૂર્ણ ક્ષય કરવા માટે કાળજીપૂર્વક જે જે ધર્મ કરણી કરવામાં આવે તે તે સર્વ વ્યવહાર કરણીમાંજ લેખાય છે. પરંતુ એટલો વિશેષ ( તફાવત ) છે કે જેમ જેમ આત્મા પૂર્વોક્ત દોષોનો ક્ષય કરવાને વિશેષે ઉજમાળ થતો જાય છે તેમ તેમ સહજ સન્મુખ ભાવે સેવન કરવામાં આવતો તે વ્યવહાર શુદ્ધ, શુદ્ધતર, અને શુદ્ધતમ કહેવાય છે.

**ચારિત્ર.** પૂર્વોક્ત નિશ્ચય અને વ્યવહાર ધર્મનું સ્વરૂપ કંઇક વધારે સ્ફુટ થાય તેમ સમજાવો ?

**સુમતિ**—અનાદિ કર્મ સંયોગથી પેદા થતા રાગ દ્વેષાદિકને **પૂર્વોક્ત** અહિંસા સંયમ અને તપ રૂપ ધર્મની સહાયથી દૂર કરીને આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણોને પ્રગટ કરી તેમનું રક્ષણ કરવું. **પૂર્વોક્ત** પ્રમાદ યોગે તેમનું વિરાધન થવા ન દેવું તેજ નિશ્ચય ધર્મ છે. સત્તાગત રહેલા આત્માના સ્વભાવિક ગુણોને ઢાંકી દેનારા આવરણોને હઠાવવાને અનુકૂળ જે જે સદાચરણ સેવવું પડે તે તે સર્વ વ્યવહાર ધર્મ કહેવાય છે. આથી સ્ફુટ સમજાશે કે વ્યવહાર માર્ગનું વિવેકથી સેવન કરવું એ

નિશ્ચય ધર્મ સિદ્ધ કરવાનું અવંધ્ય (અમોઘ) સાધન છે, એટલે કે વ્યવહાર ધર્મ કારણ રૂપે છે અને નિશ્ચય ધર્મ કાર્ય રૂપે અથવા ફળ રૂપે છે.

**ચારિત્ર.**—ઉક્ત સ્વરૂપનું સમર્થન કરે અને સુખે સમજી શકાય એવું કોઇ પદ્યાત્મક પ્રમાણ ટાંકી દેખાડો ?

**સુમતિ**—મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ઉક્ત વાતનું આ પ્રમાણે સમર્થન કરે છેઃ—

"જેમ નિમલતારે રતન સ્ફટિક તણી, તેમ એ જીવ સ્વભાવ;
તે જિન વીરેરે ધર્મ પ્રકાશિયો, પ્રબલ કષાય અભાવ.
શ્રી સીમંધર સાહિબ સાંભળો૦ ૧

જેમ તે રાતે ફુલે રાતડું, શ્યામ ફૂલથીરે શ્યામ;
પુણ્ય પાપથીરે તેમ જગ જીવને, રાગ દ્વેષ પરિણામ.
શ્રી સીમંધર૦ ૨

ધર્મ ન કહિયેરે નિશ્ચય તેહને, જેહ વિભાવ વડ વ્યાધિ;
પહેલે અંગેરે એણી પેરે ભાખિયું, કર્મે હોય ઉપાધિ.
શ્રી સીમંધર૦ ૩

જે જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે જાણોરે ધર્મ;
સમ્યગ્ દૃષ્ટિરે ગુણઠાણા થકી, જાવ વહે શિવ શર્મ.
શ્રી સીમંધર૦ ૪

એમ જાણીનેરે જ્ઞાન દશા ભજી, રહીયે આપ સ્વરૂપ;
પર પરિણતિથીરે ધર્મ ન છંડીયે, નવિ પડિયે ભવ કૂપ.
શ્રી સીમંધર સાહિબ સાંભળો૦ ૫"

આવી રીતે બન્ને માર્ગનું યોગ્ય સમર્થન કરીને ઉભય ધર્મનું આરાધન કરવા આ પ્રમાણે કહેલું છે.

" નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાલે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.
સોભાગી જિન સીમંધર સુણો વાત!"

આમ ટુંકાણમાં ઉક્ત મહા પુરૂષે જણાવ્યું છે કે નિશ્ચય ધર્મને પામવા ઇચ્છનારે તેનેજ હૃદયમાં સ્થાપીને–તેના સન્મુખજ દૃષ્ટિ રાખીને વિવેકપૂર્વક વ્યવહાર માર્ગનું સેવન કરતાં રહેવું. એમ કરવાથીજ અંતે સાધ્ય સિદ્ધિ–ભવસમુદ્રનો અંત આવી શકશે. તે વિના ભવ ભ્રમણનો કદાપિ અંત આવી શકશે નહિ. એમ સમજીને અક્ષય સુખના અર્થી સર્વ ભાઇ બ્હેનોએ સ્ફટિક રત્ન જેવો નિર્મળ આત્મસ્વભાવ પ્રગટ કરવાના પરમ પવિત્ર ઉદ્દેશથી તેમાં બાધકભૂત ( વિઘ્નકારક ) રાગ, દ્વેષ અને મોહાદિક કર્મમળ જેમ દૂર થાય તેમ ઉપયોગ રાખી સર્વજ્ઞભાષિત અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મનું સદા યત્નથી સેવન કરવુંજ ઉચિત છે. આપશ્રીનું પણ એથીજ કલ્યાણ થવાનું નિશ્ચિત છે? તથાસ્તુ ! ઇતિશમ્.

## અથ શ્રી અમૃતવેલીની સજ્જાય.

ચેતન જ્ઞાન અજુવાલીયેં, ટાલીયેં મોહ સંતાપરે, ચિત્ત ડમડોલતું વાલીયે, પાલીયેં સહજ ગુણ આપરે ॥ ચે૦ ॥ ૧ ॥
ઉપશમ અમૃત રસ પીજીયેં, કીજીયેં સાધુ ગુણગાનરે, અધમવયણે નવિ ખીજીયેં, દીજીયેં સજ્જનને માનરે. ॥ ચે૦ ॥૨॥

ક્રોધ અનુબંધ નવિ રાખીયેં, ભાખીયેં વયણ મુખ સાચરે; સમકિત રત્ન રૂચિ જોડીયેં, છોડીયેં કુમતિ મતિ કાચરે ॥ ચે૦ ॥ ૩ ॥ શુદ્ધ પરિણામને કારણેં, ચારનાં શરણ ધરે ચિત્તરે, પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્તરે ॥ ચે૦ ॥ ૪ ॥ જે સમોસરણમાં રાજતાં, ભાંજતાં ભવિક સંદેહરે; ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહરે ॥ ચે૦ ॥॥ ૫ ॥ શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂરરે; ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપુરરે ॥ ચે૦ ॥ ૬ ॥ સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથરે; મૂલ ઉત્તર ગુણ જે વર્યા, ભવતર્યા ભાવ નિગ્રંથરે ॥ ચે૦ ॥ ૭ ॥ શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વર દયા ભાવરે, જે જે સુખહેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવરે ॥ ચે૦ ॥ ૮ ॥ ચારનાં શરણ એ પડિવજે, વલી ભજે ભાવના શુદ્ધરે; દુરિત સવિ આપણાં નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધિરે ॥ચે૦॥૯॥ ઈહિભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાતરે; જેહ જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ ઘાતરે ॥ ચે૦ ॥ ૧૦ ॥ ગુરૂ તણાં વચન તે અવગણી, ગુંથિયા આપ મત જાલરે; બહુપરે લોકને ભોલવ્યા, નિંદિયે તેહ જંજાલરે ॥ ચે૦ ॥ ૧૧ ॥ જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદરે; જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદરે ॥ ચે૦ ૧૨ ॥ જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાયરે; રાગને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાયરે ॥ ચે૦ ॥ ૧૩ ॥ જુઠ જે આલ પરને દિયાં, જે કર્યા પિશુનતા પાપરે, રતિ અરતિ નિંદ માયા મૃષા, વલિય મિથ્યાત્વ સંતાપરે ॥ સે૦ ॥ ૧૪ ॥

પાપ જે એહવાં સેવીયાં, તેહ નિંદિયે ત્રીહું કાલરે; સુકૃત અનુમોદના કીજિયેં, જિમ હોયે કર્મ વિસરાલરે ॥ ચે૦ ॥ ૧૬ ॥ વિશ્વ ઉપગાર જે જીન કરે, સાર જિન નામ સંયોગરે; તે ગુણ તાસ અનુમોદિયે, પુન્ય અનુબંધ શુભ યોગરે ॥ ચે૦ ॥ ૧૬ ॥ સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહરે; જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહરે ॥ ચે૦ ॥ ૧૭ ॥ જેહ ઉવઝાયનો ગુણ ભલો, સૂત્ર સજઝાય પરિણામરે; સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામરે ॥ ચે૦ ॥ ૧૮ ॥ જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચારરે; સમકિત દ્રષ્ટિ સુરનર તણી, તેહ અનુમોદિયે સારરે ॥ ચે૦ ॥ ૧૯ ॥ અન્યમાં પણ દયાદિક ગુણા, જેહ જિન વચન અનુસારરે; સર્વ તે ચિત્ત અનુમોદિયેં, સમકિત બીજ નિરધારરે ॥ ચે૦ ॥ ૨૦ ॥ પાપ નવી તીવ્ર ભાવે કરી, જેહને નવી ભવ રાગરે; ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગરે ॥ ચે૦ ॥ ૨૧ ॥ થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણરે; દોષ લવ પણ નિજ દેખતાં, નિજ ગુણ નિજ આતમા જાણરે ॥ ચે૦ ॥ ૨૦ ॥ ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામરે; ભાવિયે શુદ્ધ નય ભાવના, પાવનાશય તણું ઠામરે ॥ ચે૦ ॥ ૩ ॥ દેહ દમન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપરે; અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપરે ॥ ચે૦ ॥ ૨૪ ॥ કર્મથી કલ્પના ઉપજે પવનથી, જેમ જલધિ વેલરે; રૂપ પ્રકટે સહજ આપણું, દેખતાં દ્રષ્ટિ સ્થિર મેલરે ॥ ચે૦ ॥ ૨૫ ॥ ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોરરે; જ્ઞાન રૂચી વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોરરે ॥ ચે૦ ॥ ૨૬ ॥ રાગ વિષ દોષ ઉતા-

રતાં, જારતાં દ્વેષ રસ શેષરે; પૂર્વ મુનિ વચન સંભારતાં સા-રતાં કર્મ નિઃશેષરે ॥ ચે૦ ॥ ૨૭ ॥ દેખીંયે માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામરે; તેહ અણુછોડતાં ચાલિયેં, પામિયેં જીમ પરમ ધામરે ॥ ચે૦ ॥ ૨૮ ॥ શ્રી નયવિજય ગુરૂ શિષ્યની, શિખડી અમૃતવેલરે; એહ જે ચતુર નર આદરે, તે લહે સુ-યશ રંગરેલરે ॥ ચે૦ ॥ ૨૯ ॥



# वैराग्य सार अने उपदेश रहस्य.

(૧) જે પરાઇ નિંદા–વિકથા કરવામાં મૂંગો છે, પરસ્ત્રીનું મુખ જોવામાં આંધળો છે, અને પરાયું ધન હરવામાં પાંગળો છે, તેવો મહાપુરૂષજ જગમાં જયવંતો વર્તે છે, પરનિંદા, પરસ્ત્રીમાં રતિ અને પરદ્રવ્ય હરણ મહા નિંદ્ય છે.

(૨) જે આક્રોશ ભરેલાં વચનોથી દૂભાતો નથી અને ખુશામતથી ખુશી થઇ જતો નથી, જે દુર્ગન્ધથી દુગંછા કરતો નથી, અને ખુશબોથી રાજી થઇ જતો નથી, જે સ્ત્રીના રૂપમાં રતિ ધારતો નથી અને મૃતશ્વાનથી સૂગ લાવતો નથી, એવો સમભાવી ઉદાસી યોગીશ્વરજ સર્વત્ર સુખ સમાધિમાં રહે છે.

(૩) જેને શત્રુ અને મિત્ર બંને સમાન છે. જેને ભોગની લાલસા તૂટી ગઇ છે, અને તપશ્ચર્યામાં જેને ખેદ થતો નથી, જેને પથ્થર અને સુવર્ણ (રત્નાદિક) બંને સમાન છે. એવા શુદ્ધ હૃદયવાળા સમભાવી યોગીજનોજ ખરા યોગધારી છે.

(૪) કુરંગની જેવા ચંચળ નેત્રવાળી અને કાળા નાગની જેવા કુટિલ કેશને ધારવાવાળી કામિનીના રાગ પાશમાં જે નથી પડી જાતા તેજ ખરા શુરવીર છે.

(૫) સ્ત્રીનામધ્યમાંકૃશ ., કુટીમાંવક્રતા, કેશમાં કુટિલતા, હોઠમાંરક્તા, ગતિમાંમંદતા, સ્તનભાગમાં કઠીનતા; અને ચક્ષુમાંચંચળતા સ્પષ્ટ જોઇને ફક્ત કામાકૂળ મંદમતિ જનોજ તેમાં લલચાય છે. બાકી જ્ઞાની પુરૂષોને તો તે સઘળું વૈરાગ્યની વૃદ્ધિ માટેજ થાય છે.

(૬) સ્ત્રીઓ કપટ કરી ગદ્‌ગદ્ વાણીથી બોલે છે, તેને કામાંધજનો પ્રેમઉક્તિ તરીકે લેખે છે. વિવેકી હંસો તેથી ઠગાઇ જતા નથી. સ્ત્રીચરિત્રથી તેઓ સારી રીતે વાકેફ હોય છે.

(૭) જ્યાં સુધી આહારની લોલુપતા તજી નથી, સિદ્ધાંતના અર્થરૂપી મહૌષધિનું સમ્યગ્ સેવન કર્યું નથી, અને અધ્યાત્મ અમૃતનું વિધિવત્ પાન કર્યું નથી, ત્યાં સુધી વિષય જ્વરનું જોર જોઇએ તેવું ઘટતું નથી. વિષય તાપની શાંતિ માટે રસલોલુપતાના ત્યાગપૂર્વક સિદ્ધાંતસાર ચૂર્ણ તથા તત્ત્વામૃતરસનું સમ્યગ્ સેવન કરવુંજ જોઇએ.

(૮) ભરયૌવન વયમાં કામનો જય કરનારને ધન્ય, ધન્ય છે.

(૯) જેણે જાણી જોઇને કામિનીને તજી છે, અને સંયમલક્ષ્મીને સેવી છે એવા સુવિવેકી સાધુને કુપિત થયેલો કામદેવ પણ કંઈ કરી શકતો નથી. કામદેવ તેવા સાધુનો તો દાસ થઇ રહે છે.

(૧૦) પ્રિયાને દેખતાંજ કામજ્વરની પરવશતાથી સંયમસત્ત્વ ક્ષીણ થઇ જાય છે, પણ નરકગતિના કડવા વિપાક સાંભરતાંજ તત્ત્વવિચાર પ્રગટ થવાથી ગમે તેવી વ્હાલી વલ્લભા પણ વિખ જેવી ભાસે છે. પછી તેના તરફ રૂચિ–પ્રીતિ થતી નથી.

(૧૧) જેમણે યૌવન વયમાં પવિત્ર ધર્મધુરાને ધારી મહાવ્રતો અંગીકાર કર્યાં છે; તેવા ભાગ્યશાળી ભવ્યોથીજ આ પૃથ્વી પાવન થયેલી છે.

(૧૨) કામદેવના બંધુભૂત વસંતઋતુને પામીને સકળ વન-રાજી પણ વિવિધ વર્ણવાળી માંજરના મિષથી રોમાંચિત થયેલી લાગે છે, તેમાં સિદ્ધાંતના સારનું સતત સેવન કરવાથી, જેમનું મન વિષય તાપથી લગારે તપ્ત થતું નથી, એવા સંત સુસા જનોનેજ ધન્યવાદ ઘટે છે.

(૧૩) સ્વાધ્યાયરૂપી ઉત્તમ સંગીત સહિત અને સંતોષ રૂપી શ્રેષ્ઠ પુષ્પથી મંડિત, સમ્યગ્ જ્ઞાન વિલાસરૂપી ઉત્તમ મંડપમાં રહી શુભ ધ્યાન શય્યાને સેવી, તત્ત્વાર્થ બોધરૂપી દીપકને પ્રગટાવી સમતારૂપી શ્રેષ્ઠ સ્ત્રીની સાથે રમણ કરનાર કેવલ નિર્વાણ સુખના અભિલાષી મહાશયોજ રાત્રીને સમાધિમાં ગાળે છે.

(૧૪) શુદ્ધ ધ્યાનરૂપી મહા રસાયણમાં જેનું મન મગ્ન થયું છે, તેને કામિનીના કટાક્ષ વગેરે વિવિધ હાવભાવો શું કરનાર છે? કશુંજ નહિ.

(૧૫) સમ્યગ્ જ્ઞાનરૂપી જેનાં ઉંડાં મૂળ છે, અને સમકિતરૂપી જેની મજબૂત શાખા છે, એવા વ્રત–વૃક્ષને જેણે શ્રદ્ધાજળથી સિંચ્યું છે, તે તેને અવશ્ય મોક્ષફળજ આપે છે. સ્વર્ગાદિકનાં સુખ તો પુષ્પાદિકની પેરે પ્રાસંગિક છે, અર્થાત્ તેતો સહજમાં પ્રાપ્ત થઈ શકે એવાં છે, સ્વર્ગાદિક સુખને માટેજ ખાસ પ્રયત્ન કરવાની જરૂર નથી.

(૧૬) ક્રોધાદિક ઉગ્ર કષાયરૂપી ચાર ચરણવાળા, વ્યામોહરૂપી સૂંઢવાળા, રાગદ્વેષરૂપી તીક્ષ્ણ અને દીર્ઘ દાંતવાળા અને દુર્જિત કામથી મહોન્મત્ત થયેલા, મહા મિથ્યાત્વરૂપી દુષ્ટ ગજને

સમ્યગ્ જ્ઞાન-અંકુશના પ્રભાવથી જેણે વશ કર્યો છે, તે મહાનુભાવેજ ત્રણે લોકને સ્વવશ કર્યા છે એમ જાણવું.

(૧૭) યશકીર્તિને માટે પોતાનું સર્વસ્વ આપી દે એવા, અને પોતાના સ્વામીને માટે પ્રાણ પણ આપીદે એવા, અનેક જનો મળી આવેખરા; પણ શત્રુમિત્ર ઉપર જેમનું મન સદાય સમરસ (સરખું) વર્તે એવા તો કોઇક વિરલાજ દેખાય છે.

(૧૮) જેનું હૃદય દયાર્દ્ર છે, વચન સત્યભૂષિત છે, અને કાયા પરમાર્થ સાધનારી છે, એવા વિવેકવાનને કળિકાળ શું કરી શકવાનો છે? એવા સજ્જનો સદાય વિજયવંત વર્તે છે.

(૧૯) જે કદાપિ અસત્ય બોલતોજ નથી, જે રણસંગ્રામમાં પાછી પાની કરતો નથી, અને યાચકોનો અનાદર કરતો નથી, તેવા રત્નપુરુષથીજ આ પૃથ્વી રત્નવતી કહેવાય છે તેથીજ 'બહુરત્ના વસુંધરા' એટલે રત્નગર્ભા પૃથ્વી ગવાય છે.

(૨૦) સર્વ આશારૂપી વૃક્ષને કાપવા કુહાડા જેવો કાળ, જો સર્વની પાછળ પડયો ન હોત તો વિવિધ પ્રકારના વિષય સુખથી કોઇ કદાપિ વિરક્ત થાતજ નહિ.

(૨૧) જગતની કલ્પિત માયામાં ફસાઇપડીને જીવો મમતાથી મારૂં મારૂં કર્યા કરે છે, પણ મૂઢતાથી સમીપવર્તી કોપેલા કૃતાંત-કાળને દેખી શકતા નથી. નહિ તો જગતની મિથ્યા મોહ માયામાં અંજાઇ જઇ મારૂં મારૂં કરીને તેએ કેમ મરે?

(૨૨) છતી સામગ્રીનો સદુપયોગ કરવામાં બેદરકાર રહેનારને કાળ સમીપ આવ્યે છતે મનમાં ખેદ થાય છે કે હાય!

મેં સ્વાધીનપણે કાંઇ પણ આત્મ સાધન ન કર્યું, હવે પરાધીન પડેલો હું શું કરી શકું ? પ્રથમથીજ સાવધાનપણે સત્ સામગ્રીને સફળ કરી જાણનારને પાછળથી ખેદ કરવો પડતોજ નથી.

(૨૩) પ્રથમ પ્રમાદવડે તપ જપ વ્રત પચ્ચખાણ નહિં કરનાર કાયર માણસ પાછળથી વ્યર્થ–નકામો દૈવને દોષદે છે. ખરો દોષ તો પોતાનોજ છે કે પોતે છતી સામગ્રીએ સવેળા ચેત્યો નહિ, અને સઘળો વખત કેવળ વાયદામાંજ વીતાવ્યો.

(૨૪) બાળક હોય તે શીઘ્ર યૌવન વયને પ્રાપ્ત કરતો અને જુવાન હોય તે જરા અવસ્થાને પ્રાપ્ત થતો અને તે પણ કાળને વશ થઈને દૃષ્ટ નષ્ટ થયો દેખાય છે; એવા પ્રત્યક્ષ કૌતુકવાળા બનાવ દેખ્યા પછી બીજા ઇંદ્રજાળ દેખવાનું શું પ્રયોજન છે? આ સંસારજ અનેક પાત્રયુક્ત વિચિત્ર નાટકરૂપજ છે.

(૨૫) કર્મનું વિચિત્રપણું તો જૂવો ! જે મોટો રાજાધિરાજ હોય, તે પણ દુર્દૈવ યોગે ભીખ માગતો દેખાય છે; અને એક પામર ભીખારી જેવો હોય તેમ છતાં તે મોટું સામ્રાજ્ય સુખ પામે છે. એ પૂર્વકૃત કર્મનોજ મહિમા છે. કર્મની ગતિને જ્ઞાની વગર કોણ કળી શકે છે ?

(૨૬) પરલોક જતાં પ્રાણીને પુત્રાદિક સંતતી તેમજ લક્ષ્મી વિગેરે કંઇ કામ આવતાં નથી. ફક્ત પુણ્ય ને પાપજ તેની સાથે જાય છે. બાકીનું બધું અહીંજ પડયું રહે છે.

(૨૭) મોહના મદથી માનવી મનમાં ધારે છે કે, ધર્મ તો આગળ કરાશે. પણ એટલામાં તો વિકરાળ કાળ અચાનક આવીને તે બાપડાનો કોળીયો કરી જાય છે. પવિત્ર ધર્મનું

આરાધન કરવામાં પ્રમાદસેવનાર ખરેખર ઠગાઈ જાય છે, માટેજ કહ્યું છે કે 'કાલે કરવું હોય તે આજેજ કર અને આજે કરવું હોય તે અબઘડીએજ કર.' કેમકે **'કાલને કાળનો ભય છે'** એ ભૂલવું જોઈતું નથી.

(૨૮) રાવણ જેવા રાજવી, હનુમાન જેવા વીર અને રામચંદ્ર જેવા ન્યાયીનો પણ કાળ કોળીયો કરી ગયો તો બીજાનું તો કહેવુંજ શું? આથીજ **કાળ સર્વભક્ષી** કહેવાય છે, એ વાત સહુને સાક્ષાત્ પ્રત્યક્ષ થઈ શકે એવી નિર્વિવાદ સત્ય છે.

(૨૯) સુકૃત યા સદ્દાચરણ વિના માયામય બંધનોથી બંધાયેલા *સંસારી જીવોની મુક્તિ—મોક્ષ શી રીતે થઇ શકે વારૂ?*

(૩૦) આ મનુષ્ય જન્મરૂપી ચિંતામણિરત્ન પામીને, જે ગફલત કરે છે, તે તેને ગુમાવીને પાછળથી પસ્તાવો કરે છે. કામ, ક્રોધ, કુબોધ, મત્સર, કુબુદ્ધિ અને મોહ માયાવડે જીવો સ્વ માનવજન્મને નિષ્ફળ કરી નાંખે છે, પછી તે ફરી ફરી મળવો મુશ્કેલ છે.

(૩૧) આ મનુષ્ય દેહાદિક શુભ સામગ્રીનો સદુપયોગ કરવાથી નિર્વાણ સુખ સ્વાધીન થઇ શકે તેમ છતાં, રાગાંધ બની જીવ મોહમાયામાં મુંઝાઇ વિષય તૃષ્ણાવડે મૂઢની જેમ કોટી મૂલ્યવાળું રત્ન આપી કાંગણી ખરીદે છે. પછી તેનો પસ્તાવો કરે તેમાં વળે શું?

(૩૨) ભયંકર નર્કાદિકનો મોટો ડર ન હોત તો કોઇ કદાપિ પાપનો ત્યાગ કરી શકત નહિ; અને સદ્ગુણનો માર્ગ સેવી શકત નહિ. (ભય વગર પ્રીતિ થતી નથી).

(૩૩) જેણે નિર્મલ શીળ પાળ્યું નથી, શુભ પાત્રમાં દાન દીધું નથી, અને સદ્‌ગુરૂનું વચન સાંભળીને આદર્યું નથી, તેનો દુર્લભ માનવ ભવ અલેખે ગયો જાણવો.

(૩૪) સંયોગનું સુખ ક્ષણીક છે; દેહ વ્યાધિગ્રસ્ત છે અને ભયંકર કાળ નજદીક આવતો જાય છે; તોપણ ચિત્ત પાપ કર્મથી વિરક્ત કેમ થતું નથી ? અથવા સંસારની માયાજ એવી કંઈ વિલક્ષણ છે.

(૩૫) આ સંસાર ચક્રમાં જીવે અનંતશઃ જન્મ મરણના અસહ્ય દુઃખ સહ્યાં છતાં હજી તેથી મન ઉદ્વિગ્ન થતું નથી, અને પાપ ક્રિયામાં તો તે અહોનિશ મગ્નજ રહે છે. કેવું આશ્ચર્ય ?

(૩૬) અહો આંકેલા સાંઢની પેરે ચિત્ત સ્વેચ્છા મુજબ નિંદનિક માર્ગમાં ભમ્યા કરે છે, પણ ચારિત્ર–ધર્મની ધુરાને અથવા મહાવ્રતના ભારને વહન કરતું નથી (આથીજ આત્માની સંસાર ચક્રમાં બહુ પ્રકારે ખરાબી થવા પામે છે).

(૩૭) પૂર્વ પુણ્યયોગે અનુકૂળ સામગ્રી મળ્યા છતાં પ્રમાદના વંશથી જીવ કંઇ પણ આત્મ સાધન કરી શકતો નથી, તેથીજ તેને સંસાર ચક્રમાં પુનઃ પુનઃ ભમવું પડે છે.

(૩૮) જેણે સંસાર સંબંધી સર્વ દુઃખનાં મૂળ કારણ રૂપ ક્રોધ, માન, માયા, અને લોભરૂપી ચારે કષાયોને હઠાવવા પ્રયત્ન કર્યો નથી, તે બાપડાએ હાથમાં આવેલું મનુષ્ય જન્મરૂપી કલ્પવૃક્ષનું અમૃત ફળ ચાખ્યુંજ નથી.

(૩૯) બાલ્યવય ક્રીડા માત્રમાં, યોવનવય વિષયભોગમાં

અને વૃદ્ધ અવસ્થા વિવિધ વ્યાધિના દુઃખમાં હારી જનારને સુકૃતના અભાવે પરલોકમાં કંઈ પણ સુખ સાધન મળી શકતું નથી.

(૪૦) જે દ્રવ્યના લોભથી જીવ અનેક આકરાં જોખમમાં ઉતરે છે તે દ્રવ્યનું અસ્થિરપણું વિચારીને સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે. સંતોષ વૃત્તિવગર સાચા સુખનો અનુભવ થનાર નથીજ.

(૪૧) આ મન–મર્કટ મોહ–મદિરાના મદથી મત્ત બન્યું છતાં અનેક પ્રકારની કુચેષ્ટા કરવા તત્પર રહે છે; સત્ સમાગમરૂપી અમૃતના સિંચન વિના મનનું ઠેકાણું પડવું મહા મુશ્કેલ છે. સદ્બોધથી કેળવાઇને લાંબા અભ્યાસે તે સીધું થઇ શકે છે.

(૪૨) નિર્મળ શીલવ્રતધારી શ્રાવકને, પરસ્ત્રીથી અને ઉત્તમ ચારિત્રધારી સાધુજનને સર્વ સ્ત્રીથી નિરંતર ચેતતા રહેવાની ખાસ જરૂર છે. પ્રમાદથી ઘણા વ્રતધારીઓ પણ પ્રતિત થઇને પાયમાલ થઇ ગયા છે.

(૪૩) જો વિષયભોગમાં નિત્ય જતું મન રોકવામાં આવે નહિં તો ભસ્મ ચોળવાથી, ધૂમ્ર પાન કરવાથી, વસ્ત્રત્યાગથી, તેમજ અનેક બીજાં કષ્ટ સહન કરવાથી કે જપમાળા ફેરવવાથી શું વળવાનું હતું? મુમુક્ષુએ ઇંદ્રિયજિત્ થવાની બહુજ જરૂર છે.

(૪૪) અમૃત જેવાં મધુર વચનથી ખળ પુરૂષોને જે સન્માર્ગમાં જોડવા ઇચ્છે છે; તે મધના બીંદુથી ખારા સમુદ્રને મીઠો કરવા વાંછે છે અને નિર્મળ જળથી કોયલાને સાફ કરવા

માગે છે, જે બનવું કેવળ અશક્ય છે. તેથી તેવો પ્રયત્ન કરવો તદ્દન વ્યર્થ છે.

(૪૫) કુમતિને સર્વથા તિલાંજલી દઇને, સુમતિનો સદા સર્વદા આદર કરનાર મહામતિ દુર્ગતિને દળીને સદ્‌ગતિનો ભાગી થઇ શકે છે. કુમતિના સંગ–પ્રસંગથી જીવની ભારે કદર્થના થાય છે.

(૪૬) કમળના પત્ર ઉપર રહેલા જળબિંદુ સમાન જીવિતને ચંચળ લેખીને વિવિધ વિષય ભોગથી વિરમીને, મોક્ષાર્થી જીવે દાન શીલ તપ અને ભાવનારૂપી પવિત્ર ધર્મનું સેવન કરવુંજ ઉચિત છે.

(૪૭) સર્વ સંયોગિક ભાવોને ક્ષણ વિનાશી સમજીને, ગુરૂકૃપાથી શીઘ્ર સ્વહીત સાધી લેવા બનતો શ્રમ કરવો વિવેકીને ઉચિત છે.

(૪૮) જેમણે દુર્જનની સંગતિ કરી તેણે ધર્મ સાધનની આ અપૂર્વ તક ખોઇ છે એમ નિશ્ચયથી સમજવું. દુર્જન દ્વિજિહ્વ–સર્પની જેવાજ ઝેરીલા હોવાથી સામાને પણ વિક્રિયા ઉપજાવે છે. એમ સમજી શાણા જનોએ દુર્જનથી સદાય દૂરજ રહેવું.

(૪૯) જો પરમાત્મામાં પૂર્ણ પ્રેમ જાગ્યો નહિ, યાતો ગુણીજનોમાં સંપૂર્ણ ગુણાનુરાગ જાગ્યો નહિ, તો વિવિધ શાસ્ત્ર–પરિશ્રમ કરવા માત્રથી શું વળ્યું ?

(૫૦) મિથ્યાડંબરથી જીવ પરિણામે ભારે દુઃખી થાય છે. મિથ્યા દમામથી જીવ ઉંધું વેતરવા જાય છે, જેમાં નિશ્ચે

હાનિજ પામે છે. એવો દંભ નિશ્ચે દૂર્ગતિનુંજ મૂળ છે. માટે સર્વ પ્રકારે કપટવૃત્તિ તજીને સરલ ભાવજ ધારણ કરવો એજ મોક્ષાર્થીને યુક્ત છે. દંભયુક્ત સર્વ કષ્ટ કરણી મિથ્યા થાય છે, નિર્મળ જ્ઞાન વૈરાગ્ય યોગેજ દંભની દુષ્ટ ઘાટી ઉલ્લંઘી શકાય છે.

(૫૧) હે હૃદય! કરૂણા સમાન બીજો કોઈ અમૃતરસ નથી, પરદ્રોહ સમાન બીજું હલાહલ ઝેર નથી, સદાચરણ સમાન બીજો કલ્પવૃક્ષ નથી, ક્રોધ સમાન કોઇ દાવાનળ નથી, સંતોષ સમાન કોઈ પ્રિય મિત્ર નથી, અને લોભ સમાન કોઈ શત્રુ નથી. આમાંથી યુક્તાયુક્ત વિચારીને તુજને રૂચે તે આદર! હિતકારી માર્ગજ આદરવો એ સદ્વિવેક પામ્યાનો સાર છે.

(૫૨) હે ભાઇ! જો તું નિર્વાણ સુખને વાંછતો હોય તો પરમ ક્ષાન્તિરૂપી પ્રિયાનો આદર કર, કેમકે તે શીલ, શ્રદ્ધા, ધ્યાન, વિવેક, કારૂણ્ય, ઔચિત્ય, સદ્બોધ અને સદાચરણાદિક અનેક ગુણ રત્નોથી અલંકૃત છે. ક્ષાન્તિ–ક્ષમાનું સમ્યગ્ સેવન કર્યા વિના કોઇ કદાપિ મોક્ષપદ પામી શકેજ નહિ.

(૫૩) જે રાગદ્વેષ અને મોહાદિક દુષ્ટ દોષોથી સર્વથા મુક્ત થઇ પરમાત્મપદને પ્રાપ્ત થયા છે, અને જેમનું વચન સર્વ વિરોધ રહિત છે અને જે ત્રણ જગત્ના નિષ્કારણ બંધુ છે, એવા પરમ કારૂણિક સર્વજ્ઞ પુરૂષજ શરણ કરવા યોગ્ય છે. એવા આપ્ત પુરૂષનાં વચન અનુસારે વદનારા સત્પુરૂષો પણ મોક્ષાર્થી સજ્જનોએ સાવધાનપણે સેવન કરવા યોગ્યજ છે.

(૫૪) જ્યાં સુધી સુકૃતવડે કરેલો પુણ્યનો સંચય ર્હો-

ચે છે, ત્યાં સુધીજ સર્વ પ્રકારની અનુકુળ સુખસામગ્રી મળી આવે છે, એમ સમજીને શુભ ધર્મકરણી કરવા મન સંદોદિત રહે તેમ પ્રમાદરહિત વર્ત્તવું જોઇએ.

(૫૫) જ્યાં સુધી દુષ્કૃત–કરેલો પાપસંચય પ્હોંચે છે ત્યાંસુધીજ સર્વ પ્રકારની પ્રતિકૂળતાવાળાં કારણ મળી આવે છે, એમ સમજીને પૂર્વ પાપનો ક્ષય કરવા ઉદિત દુઃખને સમભાવે સહન કરવા પૂર્વક નવાં પાપ–કર્મથી સદા નિવર્ત્તીને શુભ ધર્મ કરણી કરવા સદા સાવધાન રહેવું યુક્ત છે.

(૫૬) જેમણે આ અમૂલ્ય મનુષ્ય જન્મ પામીને પ્રમાદને પરવશ થઇ ધર્મ આરાધ્યો નહિ, તેમજ છતે ધને કૃપણતાથી તેનો સદુપયોગ કર્યો નહિ, એવા વિવેકવિકળને મોક્ષની પ્રાપ્તિ દૂરજ છે. સદ્‌વિવેકવંત આત્માજ મોક્ષનો અધિકારી હોઈ શકે છે.

(૫૭) આકાશ મધ્યે પણ કદાચ પર્વતશિલા મંત્રતંત્રના યોગે લાંબો કાળ લટકી રહે, દૈવ અનુકુળ હોય તો બે હાથના બળે કદાચ સમુદ્ર પણ તરાય અને ધોળે દહાડે પણ કદાચ ગ્રહ યોગથી આકાશમાં સ્ફુટ રીતે તારાઓ દેખાય, પરંતુ હિંસાથી કોઈનું કદાપિ કંઇ પણ કલ્યાણ હોઇ શકેજ નહિ.

(૫૮) જેમ, જ્યોતિશ્ચક્ર રાત્રી અને દિવસનું મંડન છે, તેમ અખંડ શીલ ધારવું એ સતીઓ અને યતિઓનું ખરેખરૂં ભૂષણ છે.

(૫૯) માયાવડે વેશ્યા, શીલવડે કુલબાલિકા, ન્યાયવડે પૃથ્વીપતિ એમજ સદાચારવડે યતિમહાત્મા શોભે છે.

(૬૦) જ્યાંસુધીમાં શરીર વ્યાધિગ્રસ્ત થઇ ન જાય, જ્યાંસુધીમાં જરા અવસ્થાથી દેહ જર્જરિત થઇ ન જાય, અને જ્યાંસુધીમાં ઇંદ્રિયોનું બળ ઘટી ન જાય, ત્યાંસુધીમાં સ્વશક્તિ અને યોગ્યતા મુજબ પવિત્ર ધર્મનું સેવન કરવું યુક્ત છે. સદ્‌-ઉદ્યમથી સકળ કાર્યની સિદ્ધિ થાય છે, અને પ્રમાદાચરણથી સકળ કાર્યને હાનિ પ્હોંચે છે.

(૬૧) મદ્ય ( Intoxication ) વિષય ( evil propensities ) કષાય ( wrath etc. ) નિદ્રા ( Idleness ) અને વિકથા–કપોલ કથા ( false gossips ) રૂપ પાંચ પ્રકારના પ્રમાદ જીવોને દુરંત વ્યથામાં પાડે છે.

(૬૨) જગતગુરૂ જિનેશ્વર પ્રભુના પવિત્ર વચનનું ઉલ્લંઘન કરીને સ્વચ્છંદ વર્ત્તન ચલાવવું એજ પ્રમાદનું વ્યાપક લક્ષણ ( defination ) છે.

(૬૩) દુષ્ટ પ્રમાદના જોરથી ચૌદ પૂર્વધર સમાન સમર્થ પુરૂષો પણ સત્ય ચારિત્ર–ધર્મથી ચલાયમાન થઇ પતિત થઇ ગયા છે, તો બીજા અલ્પજ્ઞ અને ઓછા સામર્થ્યવાળાઓનું તો કહેવુંજ શું ? એથીજ પ્રમાદાચરણથી સદંતર દૂરજ રહેવું જોઇએ.

(૬૪) થોડું ઋણ, થોડું વ્રણ, ( ચાંદુ ) થોડો અગ્નિ અને થોડા કષાયનો પણ કદાપિ વિશ્વાસ કરવો નહિ. કેમકે તે સર્વ થોડામાંથી વધીને મોટું ભયંકર રૂપ ધારણ કરે છે.

(૬૫) જ્યાં સુધી ક્રોધાદિ ચારે કષાયોનો સર્વથા ક્ષય થાય નહિ, થોડો પણ કષાય શેષ રહ્યો હોય ત્યાં સુધી તેનો વિશ્વાસ કરવો નહિ. થોડા પણ અવશિષ્ટ રહેલા કષાયની ઉપેક્ષા

કરવાથી કવચિત્ ભારે વિષમ પરિણામ આવે છે, માટે તેમનો સર્વથા ક્ષય કરવા સતત્ પ્રયત્ન કરવો યુક્ત છે.

(૬૬) જ્ઞાની પુરૂષો ક્રોધાદિક ચારે કષાયને ચંડાળચોકડી તરીકે ઓળખાવે છે, અને તેનાથી સર્વથા અળગા રહેવા અને તેના પ્રતિકારરૂપ ક્ષમાદિકનું સેવન કરવા આગ્રહ કરે છે.

(૬૭) રાગ અને દ્વેષ એ બંને ક્રોધાદિક ચારે કષાયનું પરિણામ છે, અથવા તો રાગ અને દ્વેષથી ઉક્ત ક્રોધાદિ ચારે કષાયની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે, એમ સમજીને રાગદ્વેષનોજ અંત કરવા ઉજમાળ થવું યુક્ત છે. તે બંનેનો અંત થયે પૂર્વોક્ત ચારે કષાયનો સ્વતઃ અંત થઈ જાય છે.

(૬૮) રાગદ્વેષ એ બંને મોહથકી ઉપજે છે, તેથી તે બંને મોહનાજ પુત્ર તરીકે ઓળખાય છે. રાગને કેસરીસિંહ જેવો બળવાન કહ્યો છે, ત્યારે દ્વેષને મદોન્મત્ત હાથી જેવો મસ્ત માન્યો છે. તેથી તેમનો જય કરવા જ્ઞાની પુરૂષો મોટા સામર્થ્ય (પુરૂષાર્થ) ની જરૂર જુવે છે.

(૬૯) રાગ અને દ્વેષ કેવળ મોહનાજ વિકારભૂત હોવાથી જ્ઞાની પુરૂષો મોહનેજ મારવાનું નિશાન તાકે છે. મોહ સર્વ કર્મમાં અગ્રેસર છે.

(૭૦) મોહનો ક્ષય થયે છતે શેષ સર્વપરિવાર પણ સ્વતઃ ક્ષય થાય છે, અને તેની પ્રબળતા વડે સર્વ શેષપરિવારનું પણ પ્રાબલ્ય વધતું જાય છે. દુનિયામાં બળવાનમાં બળવાન શત્રુ મોહ જ છે.

(૭૧) કામ, ક્રોધ, મદ મત્સરાદિક સર્વ મોહનોજ પરિ-

વાર છે, એમ સમજીને મોહનો ક્ષય કરવા ઇચ્છનારે તે સર્વથી ચેતતા રહેવાની ખાસ જરૂર છે.

(૭૨) હું અને મ્હારૂં એવા ગુપ્ત મંત્રથી મોહે જગતને આંધળું કરી નાંખ્યું છે. અર્થાત્ મમતાથીજ મોહની વૃદ્ધિ થતી જાય છે.

(૭૩) નહિ હું અને નહિ મ્હારૂં એ મોહનેજ મારવાનો ગુપ્ત મંત્ર છે. અર્થાત્ નિર્મમતાજ મોહને મારવાનું પ્રબળ સાધન છે.

(૭૪) આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજવાથી તેમજ પરભાવને બરાબર પીછાનવાથી મોહનું જોર પાતળું પડે છે.

(૭૫) સ્ફટિક રત્નોના જેવું નિર્મલ આત્માનું સ્વરૂપ છે, છતાં કર્મ કલંકથી તે મલીનતાને પામેલું હોવાથી જીવ તેમાં મુગ્ધતાથી મુંઝાય છે.

(૭૬) કર્મકલંક દૂર થયે છતે જેવું ને તેવું નિર્મલ આત્મસ્વરૂપ પ્રગટે છે અને ત્યારેજ આત્માને તેનો સાક્ષાત અનુભવ થાય છે.

(૭૭) કર્મકલંકને દૂર કરવા માટે સર્વજ્ઞ પ્રભુએ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી શ્રેષ્ટ સાધન બતાવેલું છે.

(૭૮) એજ સાધનથી પૂર્વે અનેક મહાશયોએ આત્મશુદ્ધિ કરી છે, વર્તમાન કાળે સાક્ષાત કરે છે; અને આગામી કાળે કરશે એમ સમજીને ઉક્ત સાધનમાં દઢતર ઉદ્યમ કરવો યુક્ત છે.

(૭૯) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એજ આત્માનું અનન્ય લક્ષણ છે. એથી ભિન્ન વિપરીત લક્ષણ અજીવ જડનુંજ છે.

(૮૦) સ્વ લક્ષણાંકિત સદ્ગુણોમાં રમણ કરવું તે સ્વભાવ-રમણ કહેવાય છે, અને તેથી વિપરીત દોષોમાં રમણ કરવું તે વિભાવપ્રવૃત્તિ કહેવાય છે. મોક્ષાર્થીએ વિભાવપ્રવૃત્તિને તજી સ્વભાવરમણજ કરવું ઉચિત છે, એમ કરવાથી. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.

(૮૧) સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપી રત્નત્રયીનું સંસેવન કરવાથી જેમને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત–વીર્યરૂપી અનંત ચતુષ્ટયી પ્રાપ્ત થયેલ છે એવા પરમાત્મપદને પ્રાપ્ત થયેલા મહાપુરુષોજ મોક્ષાર્થી જનોએ ધ્યાન કરવા યોગ્ય છે.

(૮૨) પરમાત્માનું ધ્યાન કરવાથી મન સ્થિર થાય છે, ઇંદ્રિયો અને કષાયનો જય થાય છે, અને શાંત રસની પુષ્ટિથી આત્મા પોતેજ પરમાત્મપદનો અધિકારી થાય છે, તેમજ ઘન-ઘાતિ કર્મનો ક્ષય થતાંજ પોતે પરમાત્મ રૂપ થાય છે, માટે મોક્ષાર્થી જનોએ એવાજ પરમાત્મ પ્રભુનું ધ્યાન કરવું કે જેથી અંતે પોતે પણ તદ્રૂપજ થાય.

(૮૩) પરમાત્મપદ પ્રાપ્તપુરૂષો પણ અવશિષ્ટ અઘાતિ કર્મનો ક્ષય થતાં સુધી તો શરીરધારીજ હોય છે, પણ સંપૂર્ણ કર્મથી મુક્ત થયે છતે તેઓ શરીરમુક્ત–અશરીરી પૂર્ણ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થાય છે અને એકજ સમયમાં સર્વથા સર્વ

બંધનમુક્ત થયા છતાં લોકના અગ્ર ભાગે જઇ અક્ષય સ્થિતિને ભજે છે. પછી તેમને કદાપિ પુનર્જન્મ કરવો પડતોજ નથી.

(૮૪) ત્યાં તેઓ અનંત જ્ઞાનાદિક સ્વરૂપ સ્વભાવમાં સ્થિત છતાં પરમાનંદમાં મગ્ન રહે છે ને જન્મ મરણાદિક સર્વ બંધનથી સર્વથા મુક્તજ રહે છે એવા સિદ્ધ પરમાત્મા પણ સંખ્યાએ અનંત છે.

(૮૫) સિદ્ધ ભગવાનના સદ્ગુણોનું અનુકરણ કરીને જે તેમનું અભેદપણે ધ્યાન કરે છે તે મહાશયો પણ તેવીજ સ્થિતિને અંતે ભજે છે, અર્થાત્ સિદ્ધ દશાને પ્રાપ્ત થાય છે.

(૮૬) એ રીતે ભાવી સિદ્ધ થનારા પુરૂષો પણ અનંત છે.

(૮૭) ઉત્તમ પ્રકારના આચાર વિચારમાં કુશળપણે પોતે પ્રવર્તતા અને અન્ય મોક્ષાર્થી વર્ગને પ્રવર્તાવતા આચાર્ય મહારાજાઓ, પવિત્ર અંગ ઉપાંગરૂપ આગમ સિદ્ધાંતને સંપૂર્ણ જાણીને અન્ય વિનીત વર્ગને પરમાર્થ દાવે પઢાવનારા ઉપાધ્યાય મહારાજાઓ તથા પવિત્ર રત્નત્રયીના પાલન પૂર્વક અન્ય આત્માર્થી જનોને યથાશકિત આલંબન આપનારા મુનિરાજ મહારાજાઓ, સર્વોત્તમ લોકોત્તર માર્ગના સેવનથી પૂર્વોકત પરમાત્મપદના પૂર્ણ અધિકારી હોવાથી અનુક્રમે પરમાત્મપદ પામીને સંપૂર્ણ સિદ્ધરૂપ થાય છે.

(૮૮) જેઓ સંસારિક સુખ સંયોગોની અનિત્યતા વિચારીને સંસારના સર્વ સંબંધથી વિરકત થઈ ઉદાસીન ભાવ ધારણ કરી પરમાત્મ પંથને અનુસરવા કટિબદ્ધ થઇ સ્વ સ્વભાવમાં સ્થિત થઈ સિદ્ધ પરમાત્માને અભેદ ભાવે ધ્યાવે છે તેઓ સર્વ

દુઃખબંધનને છેદીને વિશુદ્ધ સિદ્ધ દશાને પ્રાપ્ત થાય છે.

(૮૯) એવા મહાપુરૂષોનો સમાગમ મોક્ષાર્થી જીવોને પરમ આશીર્વાદરૂપ છે એમ સમજીને સર્વ પ્રમાદ તજી સત્સમાગમનો બનતો લાભ લેવા ચુકવું નહિ; સત્સમાગમથી ક્ષણ વારમાં અપૂર્વ લાભ પ્રાપ્ત થાય છે.

(૯૦) જેમનું મન સત્સમાગમ વડે જ્ઞાન વૈરાગ્યમાં તરબોળ રહે છે તેમનું સુખ તેઓજ જાણે છે. પ્રિયાનાં આલિંગનથી કે ચંદનના રસથી તેવી શીતળતા વળતી નથી, જેવી શીતળતા વૈરાગ્ય રસની લહેરીયોથી વળે છે; તેથી જેમ વૈરાગ્ય રસની વૃદ્ધિ થાય તેમ પ્રયત્ન કરવો જરૂરનો છે.

(૯૧) વૈરાગ્ય રસથી અનાદિ કાળનો રાગાદિકનો તાપ ઉપશમે છે, તૃષ્ણા શાંત થાય છે, અને મમત્વભાવ દૂર થાય છે, યાવત્ મોહનું જોર નરમ પડે છે અને ચારિત્રમાર્ગની પુષ્ટિ થાય છે.

(૯૨) વૈરાગ્ય રસની અભિવૃદ્ધિથી એવી તો ઉત્તમ ઉદાસીન દશા જાગે છે કે તેથી સર્વત્ર સમાનભાવ વર્તે છે. નિંદાસ્તુતિમાં તેમજ શત્રુ-મિત્રમાં સમપણું આવવાથી હર્ષ શોક થતા નથી અને અનુકૂળ કે પ્રતિકૂળ સર્વ સંયોગોમાં સમચિત્તપણું આવે છે તેથી સ્વભાવની શુદ્ધિ વિશેષે થાય છે.

(૯૩) વૈરાગ્યની વૃદ્ધિથી સંસારવાસ કારાગૃહ જેવો ભાસે છે અને તેથી વિરક્ત થઇ પારમાર્થીક સુખ માટે યત્ન કરવા મન દોરાય છે. એટલે અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મ સહેજે પ્રિય લાગે છે.

(૯૪) શાંત રસથી પુષ્ટિ થતાં દ્રવ્ય અને ભાવ કરૂણાની વૃદ્ધિ થાય છે અને શાંત રસના સમુદ્ર એવા વીતરાગ પ્રભુના વચન ઉપર પૂર્ણ પ્રતીતિ આવે છે જેથી ગમે તેવી કસોટીના વખતે પણ સત્ય માર્ગથી ચલાયમાન થવાતું નથી.

(૯૫) પ્રશમ રસની પુષ્ટિ થવાથી અપરાધી જીવનું પણ મનથીએ અહિત ચિંતવતું નથી. એવી રીતે વિવેકયુક્ત વર્તનથી મોક્ષ મહેલનો મજબૂત પાયો નંખાય છે, જેથી સકળ ધર્મકરણી મોક્ષ સાધકજ થાય છે.

(૯૬) ચિરકાળના લાંબા અભ્યાસથી શાંતવાહિતા યોગે અહિંસાદિક મહાવ્રતોની દૃઢતા અને સિદ્ધિ થાય છે જેથી સમીપવર્તી હિંસક જીવો પણ પોતાનો ક્રુર સ્વભાવ તજી દઇને શાંત ભાવને ભજે છે અને સાત્તિશય પણાથી દેવ દાનવાદિક પણ સેવામાં હાજર રહે છે. આવો અપૂર્વ મહિમા શાંત–વૈરાગ્ય રસનોજ છે એમ સર્વ મોક્ષાર્થી જનોને દ્રઢ પ્રતીતિ થાય છે તેથી તેમાં તેઓ અધિક આદર કરે છે.

(૯૭) જેમને મન, વચન અને કાયામાં સંપૂર્ણ સ્થિરતા પ્રાપ્ત થઇ છે એવા યોગીશ્વરો ગામમાં કે અરણ્યમાં દિવસે કે રાત્રીમાં સરખી રીતે સ્વ સ્વભાવમાંજ સ્થિત રહે છે, તેઓ કદાપિ સંયમ માર્ગમાં અરતિ ભજતાજ નથી, પરંતુ સુવર્ણની પેરે સદાય વિષમ સંયોગમાં પણ ચઢવાને તે વર્તે છે.

(૯૮) જેઓ ફક્ત અન્યનેજ શિખામણ દેવામાં શુરા પૂરા છે તેઓ ખરી રીતે પુરૂષની ગણનામાંજ નથી. પણ જેઓ પોતાના આત્મનેજ ઉત્તમ શિખામણો આપીને ચારિત્ર માર્ગમાં સ્થિર કરે છે, તેઓજ ખરેખર સત્ પુરૂષોની ગણનામાં ગણવા યોગ્ય છે.

(૯૯) કાંચનને જેમ જેમ અગ્નિમાં તપાવવામાં આવે છે તેમ તેમ તેનો વાન વધતોજ જાય છે. શેલડીના સાંઠાને જેમ જેમ છેદવામાં કે પીલવામાં આવે છે તેમ તેમ તે સરસ મિષ્ટ રસ સમર્પે છે, અને ચંદનને જેમ જેમ ઘસવામાં કે કાપવામાં આવે છે તેમ તેમ તે તેના ઘસનારને કે કાપનારને ઉત્તમ પ્રકારની સુગંધ અથવા ખુશબો આપે છે. તેવીજ રીતે સત્પુરૂષોને પ્રાણાંત કષ્ટ પડયે છતે પણ કદાપિ પ્રકૃતિનો વિકાર થતોજ નથી. તેમનીપ્રકૃતિ તો તેવે વખતે ઉલટી અધિક ઉજળી થઇ આત્મલાભ ભણી થાય છે. આવાજ પુરૂષો જગતમાં ખરા પુરૂષની ગણનામાં ગણાવા યોગ્ય છે.

(૧૦૦) યોગી પુરૂષોને વૈરાગ્ય—પુષ્ટિથી જે અંતરંગ સુખ થાય છે તેવું સુખ ઇંદ્રાદિકને સ્વપ્નમાં પણ સંભવતું નથી. કેમકે ઇંદ્રાદિકનું સુખ વિષયજન્ય હોવાથી કેવળ બહિરંગ-બાહ્ય—કલ્પિતજ છે.

(૧૦૧) મધ્ય-ઉદરની દુર્બળતાથી કૃશોદરી—સ્ત્રી શોભે છે, તપોનુષ્ટાનવડે થયેલી શરીરની દુર્બળતાથી યતિ-મુનિ શોભે છે, અને મુખની કૃશતાથી ઘોડા શોભે છે, પણ તેઓ કંઇ આભુપણથી શોભતાં નથી. સર્વ કોઈ સ્વ સ્વ લક્ષણે લક્ષિત છતાંજ શોભે છે.

(૧૦૨) જે સ્ત્રીનાં પ્રેમાળ વચન સાંભળીને ચંચળ-ચિત્ત થતું નથી, તેમજ સ્ત્રીના નેત્ર કટાક્ષથી પણ લગારે સંક્ષોભ પામતો નથી તેજ યોગીશ્વર રાગદ્વેષ વિવર્જિત હોવાથી જગતમાં જયવંતો વર્તે છે.

(૧૦૩) અનેક દોષથી ભરેલી કામિની-સ્ત્રી કુપિત થયાં છતાં પણ કામાતુર જીવ તેણીનો આદર કરતો જાય છે. એવી કામાંધતાને ધિક્કાર પડો.

(૧૦૪) જેનો સંયોગ થયો છે તેનો વિયોગ તો અવશ્ય વ્હેલો મોડો થવાનોજ છે. ત્યારે વિયોગ વખતે શા માટે હૃદયને શલ્ય જેવો શોક કરવોજ જોઇએ! તેવા દુઃખદાયી શોકથી શું વળવાનું છે?

(૧૦૫) મમતા વિના શોક થતો નથી. જ્ઞાન વૈરાગ્યથી તે મમતા ઘટે છે, સમ્યગ્જ્ઞાન યા અનુભવ જ્ઞાનથી મોહની ગાંઠ તટે છે અને હૃદયનું બળ વધવાથી અર્થાત્ ઘટમાં વિવેક જાગવાથી શોકાદિકને અંતરમાં પેસવાનો અવકાશ મળતો નથી.

(૧૦૬) કફના વિકારવાળું નારીનું મુખ ક્યાં અને અમૃતથી ભરેલો ચંદ્રમા ક્યાં? તે બંને વચ્ચે મહાન્ અંતર છતાં મંદબુદ્ધિ એવા કામી લોકો તેમનું ઐક્ય-સરખાપણુંજ લેખે છે.

(૧૦૭) હાથીના કાનની માફક ચપળ-ક્ષણવારમાં છેહ દેઇ ચાલ્યા જાય એવા વિષય ભોગને પરિણામે માઠા વિપાક આપવાવાળા જાણ્યા છતાં તજી ન શકાય એ કેવળ મોહનીજ પ્રબળતા દેખાય છે.

(૧૦૮) એક એક ઇંદ્રિયની વિષય લંપટતાથી પતંગીયા, ભમરા, માછલાં, હાથી અને હરણિયાં પ્રાણાંત દુઃખ પામે છે, તો એકી સાથે પાંચે ઇંદ્રિયોને પરવશ પડેલા પામર પ્રાણીઓનું તો કહેવુંજ શું?

(૧૦૯) જેમ ઈંધનથી અગ્નિ શાંત થતો નથી, પરંતુ તે વૃદ્ધિજ પામે છે તેમ વિષય ભોગથી ઈંદ્રિયો તૃપ્ત થતી નથી, પરંતુ તેથી તૃષ્ણા વધતી જાય છે, અને જેમ જેમ વિશેષે વિ· ષય સેવન કરવા જીવ લલચાય છે તેમ તેમ અગ્નિમાં આહુતિ ની પેરે કામાગ્નિની વૃદ્ધિ થયા કરે છે.

(૧૧૦) અનુભવ જ્ઞાનિયોએ યુક્તજ કહ્યું છે કે જ્ઞાન ગર્ભિત વૈરાગ્યજ પરમમિત્ર છે, કામભોગજ પરમ શત્રુ છે, અહિંસા-જ પરમ ધર્મ છે અને નારીજ પરમ જરા છે. ( જરા વિષય-લંપટીનો શીઘ્ર પરાભવ કરે છે. )

(૧૧૧) વળી યુક્તજ કહ્યું છે કે **તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી, અને સંતોષ સમાન કોઇ સુખ નથી.**

(૧૧૨) પવિત્ર જ્ઞાનામૃતથી યા વૈરાગ્યરસથી આત્માને પોષવાથી તૃષ્ણાનો અંત આવે છે, અને સંતોષ ગુણની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

(૧૧૩) સંતોષ સર્વ સુખનું સાધન હોવાથી મોક્ષાર્થી જનોએ અવશ્ય સેવન કરવા યોગ્ય છે. અને લોભ સર્વ દુઃખ-નું મૂળ હોવાથી અવશ્ય તજવા યોગ્ય છે. લોભ–બુદ્ધિ તજ-વાથીજ સંતોષ ગુણ વાધે છે.

(૧૧૪) ક્રોધાદિ ચારે કષાય, સંસારરુપી મહાવૃક્ષનાં ઉંડાં અને મજબુત મૂળ છે. તેથી સંસારનો અંત કરવા ઇચ્છનાર મોક્ષાર્થીએ કષાયનોજ અંત કરવો યુક્ત છે. કષાયનો અંત થયે છતે ભવનો અંત થયો જ સમજવો.

(૧૧૫) ઉપશમ ભાવથી ક્રોધને ટાળવો, વિનયભાવથી માનને ટાળવો, સરલભાવથી માયા કપટનો નાશ કરવો અને

સંતોષથી લોભનો નાશ કરવો. ઉક્ત કષાયને ટાળવાનો એજ ઉપાય જ્ઞાનીયોએ બતાવ્યો છે.

(૧૧૬) રાગ અને દ્વેષથી ઉક્ત ચારે કષાયને પુષ્ટિ મળે છે, માટે વીતરાગ પ્રભુએ સર્વ કર્મની જડ જેવા રાગ અને દ્વેષનેજ મૂળથી ટાળવા વારંવાર ઉપદેશ કર્યો છે. દ્વેષથી ક્રોધ અને માનની તથા રાગથી માયા અને લોભની વૃદ્ધિ થાય છે. રાગ દ્વેષનો ક્ષય થવાથી સર્વ કષાયનો સ્વતઃ ક્ષય થઇ જાય છે. માટે મોક્ષાર્થીએ રાગ દ્વેષનો અવશ્ય ક્ષય કરવો યુક્ત છે.

(૧૧૭) વિષય ભોગની લાલસાથી રાગ દ્વેષની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે. માટે મોક્ષાર્થીએ વિષય લાલસાને તજીને સહજ સંતોષ ગુણ સેવવો યુક્ત છે.

(૧૧૮) વિવિધ વિષયની લાલસાવાળું મલીન મનજ દુર્ગતિનું મૂળ છે, માટે એવા મનનેજ મારવા મહાશયો ભ[illegible] દઇને કહે છે.

(૧૧૯) મનને માર્યાથી ઇંદ્રિયો સ્વતઃ મરી જાય છે. ઇંદ્રિયોના મરણથી વિષય લાલસાનો અંત આવવાથી રાગદ્વેષરૂપ કષાયનો પણ અંત આવે છે, રાગદ્વેષ રૂપ કષાયનો ક્ષય થવાથી ઘાતિ કર્મનો ક્ષય થાય છે, અને અનંત જ્ઞાનાદિક સહજ [illegible] ચતુષ્ટયી પ્રગટ થાય છે, યાવત્ અવશિષ્ટ અઘાતિ કર્મનો પણ અંત થતાંજ અજ અવિનાશી મોક્ષ પદવી પ્રાપ્ત થાય છે.

(૧૨૦) મન અને ઇંદ્રિયોને વશ કરીને વિષયલાલસા તજવાથી આવો અનુપમ લાભ થતો જાણીને કોણ હતભાગ્ય કામ ભોગની વાંછના કરીને આવો શ્રેષ્ટ લાભ ચૂકશે ? મુમુક્ષુ જનોને તો વિષયવાંછના હલાહલ ઝેર જેવી છે.

(૧૨૧) વિષયલાલસા હલાહલ ઝેરથી પણ આકરી છે કેમકે ઝેર તો ખાધા બાદજ જીવનું જોખમ કરે છે અને વિષયનું ચિંતવન કરવા માત્રથી ચારિત્ર–પ્રાણનું જોખમ થાય છે, અથવા વિષ ખાધું છતું એકજ વખત મારે છે, પણ વિષયવાંછના તો જીવને ભવોભવ ભટકાવે છે, (અનેક જન્મ મરણ નીપજાવે છે.)

(૧૨૨) વિષયસુખને વૈરાગ્ય યોગે તજીને તેને ફરી વાંછનારા વમનભક્ષી શ્વાનની ઉપમાને લાયક છે.

(૧૨૩) સંયમ માર્ગથી પતિત થતા મુમુક્ષુને યોગ્ય આલંબન આપીને પાછા માર્ગમાં સ્થાપવામાં અનગળ લાભ રહેલો છે.

(૧૨૪) જેમ રાજીમતિયે રથનેમિને તથા નાગિલાએ ભવદેવમુનિને તથા કોશાએ સિંહ ગુફાવાસી સાધુને પ્રતિબોધ આપીને સંયમ માર્ગમાં પુનઃ સ્થાપ્યા, તેમ નિઃસ્વાર્થ બુદ્ધિથી મોક્ષાર્થી જીવને અવસર ઉચિત આલંબન આપનાર મોટો લાભ હાંસલ કરી શકે છે.

(૧૨૫) મોક્ષાર્થી જનોએ હમેશાં ચઢતાના દાખલા લેવા યોગ્ય છે પણ પડતાના દાખલા લેવા યોગ્ય નથી. ચઢતાના દાખલાથી આત્મામાં શૂરાતન આવે છે, અને પડતાના દાખલાથી કાયરતા આવે છે.

(૧૨૬) ચ્હાય તો પુરૂષ હોય કે સ્ત્રી હોય પણ ખરો પુરૂષાર્થ સેવવાથીજ તે સદ્ગતિ સાધી શકે છે. પુરૂષ છતાં પુરૂષાર્થહીન હોય તો તે પુંગણનામાં નથી અને સ્ત્રી છતાં પુરૂષાર્થયોગે પુંગણનામાં ગણવા યોગ્યજ છે. પૂર્વે અનેક ઉત્તમ સ્ત્રીઓએ પુરૂષાર્થના બળે પરમ પદનો અધિકાર પ્રાપ્ત કર્યો છે.

મોક્ષાર્થી જનોએ એવા ચઢતાના દાખલા લેવા યોગ્ય છે. તેથી સ્વપુરૂષાર્થ જાગૃત થાય છે.

(૧૨૭) કેવળ પુરૂષજ પરમપદમોક્ષનો આધકારી છે, સ્ત્રીને તેનો અધિકાર નથી, એમ બોલનારા પક્ષપાતી યા મિથ્યાભાષી છે. ખરી વાત તો એ છે કે જે ખરો પુરૂષાર્થ સેવે છે, તે ચ્હાય તો પુરૂષ હોય યા તો સ્ત્રી હોય પણ અવશ્ય પરમપદનો અધિકારી હોવાથી પરમ–પદ મોક્ષ સુખને સાધી શકે છે. પુરૂષની પેરે અનેક સ્ત્રીઓએ પણ પૂર્વે પરમ પદ સાધેલું છે.

(૧૨૮) સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્રનું વિધિવત્ પાલન કરવું તે ખરો પુરૂષાર્થ છે. પુરૂષાર્થ હીન કાયર માણસો તેમ કરી શકતાં નથી.

(૧૨૯) અહિંસાદિક પાંચ મહાવ્રત તથા રાત્રીભોજનનો સર્વથા ત્યાગ કરવારૂપી છઠું વ્રત વિવેકબુદ્ધિથી સમજીને ગ્રહણ કરી સિંહની પેરે શૂરવીરપણે તે સર્વ વ્રતોનું યથાવિધિ પાલન કરવું તથા અન્ય યોગ્ય–અધિકારી સ્ત્રીપુરૂષોને શુદ્ધ માર્ગ સમજાવી સન્માર્ગમાં સ્થાપી તેમને યથોચિત સહાય આપવી તે ખરો કલ્યાણનો માર્ગ છે.

(૧૩૦) સર્વ જીવોને આત્મ સમાન લેખીને કોઇને ક્યારે પણ કોઇ રીતે મનથી, વચનથી કે કાયાથી હણવો નહિ, હણાવવો નહિ કે હણનારને સંમત થવું નહિ એ પ્રથમ મહાવ્રતનું સ્વરૂપ સારી રીતે સમજવાનું છે, અને એમ આગળ પણ સર્વત્ર સમજી લેવાનું છે.

(૧૩૧) ક્રોધાદિક કષાયથી, ભયથી કે હાસ્યથી જૂઠ બોલવું નહિ, જૂઠ બોલાવવું નહિ તેમજ જૂઠ બોલનારને સંમત થવું નંહિ એ બીજું મહાવ્રત છે. પવિત્ર શાસ્ત્રના માર્ગને બાજુએ મુકીને સ્વછંદે બોલનાર મૃષાવાદીજ છે.

(૧૩૨) પવિત્ર શાસ્ત્રની આજ્ઞા વિરૂદ્ધ કોઇ પણ ચીજ સ્વામીની રજાવિના લેવી નહિ, લેવડાવવી નહિ, તેમજ લેનારને સંમત થવું નહિ. સંયમના નિર્વાહ માટે જે કાંઇ અશન વસનાદિક ચીજની જરૂર હોય તે પણ શાસ્ત્ર આજ્ઞા મુજબ સદ્ગુરૂની સંમતિ લઇને અદીનપણે ગવેષણા કરતાં નિર્દોષ મળે તોજ ગ્રહણ કરવી એ ત્રીજું મહાવ્રત કહ્યું છે.

(૧૩૩) દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયભોગ મન, વચન, કે કાયાથી સેવવા નહિ બીજાને સેવડાવવા નહિ અને સેવનારને સંમત થવું નહિ એ ચોથું મહાવ્રત જાણવું.

(૧૩૪) કંઇ પણ અલ્પ મૂલ્યવાળી કે બહુ મૂલ્યવાળી વસ્તુ ઉપર મુર્છા રાખવી નહિ, સંયમને બાધકભૂત કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, કરાવવો નહિ, તેમજ કરનારને સંમત થવું નહિ. એ પાંચમું મહાવ્રત છે.

(૧૩૫) અશન, પાણી, ખાદિમ કે સ્વાદિમ રાત્રી સમયે (સૂર્ય અસ્ત પછી અને સૂર્ય ઉદય પહેલાં) સર્વથા વાપરવા નહિ, વપરાવવા નહિ તેમજ વાપરનારને સંમત થવું નહિ એ છઠું વ્રત છે.

(૧૩૬) પૂર્વોક્ત સર્વ મહાવ્રતોનું યથાવિધિ પાલન કરતાં જેમ રાગદ્વેષની હાનિ (ઓછાશ) થાય તેમ સાવધાનપણે પ્રવૃત્તિ

નિવૃત્તિ માર્ગ સ્વીકારી તેનો યથાર્થ નિર્વાહ કરવો, અને અન્ય આત્માર્થી જનોને યથાશક્તિ યથાવકાશ સહાય કરવી તે ઉત્તમ પ્રકારનો પુરૂષાર્થ છે.

(૧૩૭) સદ્દગુરૂનું શરણ લહી તેમની પવિત્ર આજ્ઞાનુસાર વર્તનાર મહાશયોનો સકળ પુરૂષાર્થ સફળ થાય છે.

(૧૩૮) સદ્દગુરૂની કૃપાથી પ્રાપ્ત થયેલા સદ્દબોધવડે, સંયમ માર્ગમાં આવતા અપાયો (વિઘ્નો) સહેલાઇથી દૂર કરી શકાય છે.

(૧૩૯) મુમુક્ષુજનોએ ચંદ્રની પેરે શીતળ સ્વભાવી, સાયરની જેવા ગંભીર, ભારંડ પંખીના જેવા પ્રમાદ રહિત, અને કમળની પેરે નિર્લેપ થવું જોઇએ. તેમજ મેરૂ પર્વતની પેરે નિશ્ચળતા ધારીને સિંહની જેમ શૂરવીર થઇને વૃષભની પેરે નિર્મળ ધર્મની ધુરા મુનિજનોએ અવશ્ય ધારવી જોઇએ.

(૧૪૦) મુમુક્ષુજનોએ કંચન અને કામનીને દૂરથીજ તજવાં જોઇએ.

(૧૪૧) મુમુક્ષુજનોએ રાય અને રંકને સરખા લેખવા જોઇએ, તથા સમભાવથી તેમને ધર્મ ઉપદેશ આપવો જોઇએ.

(૧૪૨) મુમુક્ષુજનોએ નારીને નાગણી સમાન લેખી તેણીનો સંગ સર્વથા તજવો જોઇએ. નારીના સંગથી નિશ્ચે કલંક ચડે છે.

(૧૪૩) મુમુક્ષુજનોએ સમરસ ભાવમાં ઝીલતાં થકાં શાસ્ત્ર અવગાહન કર્યા કરવું જોઇએ.

(૧૪૪) મુમુક્ષુજનોએ અધિકારીની હિતશિક્ષા હૃદયમાં ધારીને સ્વશક્તિને ગોપવ્યા વિના તેનું યત્નથી પાલન કરવું જોઇએ. કોઇ રીતે અધિકારીની હિતશિક્ષાનો અનાદર નજ કરવો જોઇએ.

(૧૪૫) મુમુક્ષુજનોએ ક્ષુધાદિકનો ઉદય થયે છતે ગુર્વાદિકની સંમતી લઇને નિર્દોષ આહાર પાણીની ગવેષણા કરી તેવો નિર્દોષ આહાર પ્રમુખ મળે તો તે અદીનપણે લઈને ગુર્વાદિકની સમીપે આવીને તેની આલોચના કરી ગુર્વાદિકની રજાથી અન્ય મુમુક્ષુ જનની યથાયોગ્ય ભક્તિ કરીને લોલુપતા રહિત લાવેલો આહાર સંયમના નિર્વાહ માટે વાપરતાં મનમાં સમભાવ રાખી તેને વખાણ્યા કે વખોડયાવિના પવિત્ર મોક્ષના માર્ગમાં પુનઃ દત્તચિત થઇને વિશેષે ઉદ્યમ કરવો જોઈએ.

(૧૪૬) મુમુક્ષુજનોની શાસ્ત્ર આજ્ઞા મુજબ વર્તીને કરવામાં આવતી 'માધુકરી' ભિક્ષાને જ્ઞાની પુરૂષો 'સર્વ સંપત્ કરી' કહે છે.

(૧૪૭) મુમુક્ષુજનોની શાસ્ત્ર આજ્ઞા વિરુદ્ધ વર્તીને કરવામાં આવતી ભિક્ષાને જ્ઞાની પુરુષો 'બલહરણી' કહીને બોલાવે છે.

(૧૪૮) કેવળ અનાથ અશરણ એવાં આંધળાં પાંગળાં વિગેરે દીનજનોની ભિક્ષાને જ્ઞાની પુરુષો 'વૃત્તિ ભિક્ષા' કહીને બોલાવે છે.

(૧૪૯) મુમુક્ષુજનોએ શાસ્ત્ર વિરૂદ્ધ માર્ગે વર્તતાં થતી 'બલહરણી' ભિક્ષાને સર્વથા તજીને શાસ્ત્ર વિહિત માર્ગે વર્તીને 'સર્વ સંપત્કરી' ભિક્ષાનોજ ખપ કરવો યુક્ત છે.

(૧૫૦) મુમુક્ષુ જનોએ અકૃત, અકારિત અને અસંકલ્પિતજ આહાર ગવેષીને ગ્રહણ કરવો જોઇએ. પોતે નહિં કરેલો, નહિં કરાવેલો, તેમજ પોતાને માટે ખાસ સંકલ્પીને ગૃહ-

સ્થાદિકે નહિ કરેલો કે કરાવેલો આહારજ મુમુક્ષુજનોને કલ્પે છે. તેવો પણ આહાર ગવેષણા કરતાં મળી શકે ખરો.

(૧૫૧) યતિધર્મ યાને મુમુક્ષુ માર્ગ અતિ દુષ્કર કહ્યો છે, કેમકે તેમાં એવા નિર્દોષ આહારથીજ સંયમ નિર્વાહ કરવાનો કહ્યો છે.

(૧૫૨) ગૃહસ્થ જનો પોતાના માટે અથવા પોતાના કુટુંબને માટે અન્ન પાનાદિક નીપજાવતા હોય તેમાં એવો શુભ વિચાર કરે કે આપણે માટે કરવામાં આવતાં આ અન્ન પાણીમાંથી કદાચ ભાગ્ય યોગે કોઇ મહાત્માના પાત્રમાં થોડું પણ અપાશે તો મોટો લાભ થશે. આવો શુભ વિચાર ગૃહસ્થ જનોને હિતકારીજ છે.

(૧૫૩) એવા શુભ ચિંતન યુક્ત ગૃહસ્થોએ પોતાને માટે કે પોતાના કુટુંબને માટે નીપજાવેલાં અન્ન પાણી વિગેરે મુમુક્ષુમુનિને લેવામાં બાધક નથી.

(૧૫૪) નિર્દોષ આહાર લાવી વિધિવત્ (સમભાવે) તે વાપરનાર મુનિ સંયમની શુદ્ધિ કરી શકે છે. તેથી ઉલટી રીતે વર્તતાં સંયમની વિરાધના થાય છે.

(૧૫૫) મુમુક્ષુજનોએ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ સંબંધી સર્વ વિષય આસક્તિથી સાવધપણે દૂર રહેવું જોઇએ.

(૧૫૬) મુમુક્ષુજનોએ વિષય વાસનાનેજ હઠાવવા યત્ન કરવો જોઇએ.

(૧૫૭ ) મુમુક્ષુજનોએ ગૃહસ્થોનો પરિચય તજીને બ્રહ્મચર્યની ખૂબ પુષ્ટિ થાય તેમ પવિત્ર જ્ઞાન ધ્યાનનો સતત અભ્યાસ કરવો જોઇએ.

(૧૫૮) મુમુક્ષુજનોએ સ્ત્રી; પશુ, પંડગ વિનાનું સંયમને અનુકૂળ સ્થાનજ રહેવાને પસંદ કરવું જોઇએ.

(૧૫૯) મુમુક્ષુજનોએ કામવિકાર પેદા થાય એવી કોઇ પણ ચેષ્ટા કરવી ન જોઇએ. સ્ત્રી કથા, સ્ત્રી શય્યાનું સેવન, સ્ત્રીનાં અંગોપાંગનું નિરીક્ષણ, સ્ત્રી સમીપે સ્થિતિ, પૂર્વે કરેલી કામક્રિડાનું સ્મરણ, સ્નિગ્ધ ભોજન તથા પ્રમાણાતિરિક્ત ભોજન, તથા શરીર વિભૂષાદિક સર્વે તજવાં જોઇએ.

(૧૬૦) મુમુક્ષુજનોએ પૂર્વે થયેલા મહા પુરૂષોના પવિત્ર ચારિત્રને જાણીને તેમનું બનતું અનુકરણ કરવાને સદા સાવધાન રહેવું જોઇએ.

(૧૬૧) મુમુક્ષુજનોએ ગમે તેવા સંયોગોમાં સંયમથી ચલાયમાન થવું ન જોઇએ. દેવ, મનુષ્ય કે તિર્યંચે કરેલા સર્વે અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ પરીષહોનો અદીનપણે આત્મકલ્યાણાર્થે સહન કરવા જોઇએ.

(૧૬૨) મુમુક્ષુજનોએ માર્ગમાં ચાલતાં ધુસરા પ્રમાણ ભૂમિને આગળ જોતાં કોઇ પણ ન્હાના કે મોટા જીવને જોખમ ન પહોંચે તેમ કરૂણા નજરથી તપાસીને ચાલવું જોઈએ.

( ૧૬૩ ) મુમુક્ષુજનોએ જરૂર પડતું બોલતાં કોઈને અપ્રીતિ ન ઉપજે એવું હિત, મિત, મિષ્ટ અને સત્ય, ધર્મને બાધક ન થાય તેવું વિચારીને ભાષણ કરવું જોઇએ.

( ૧૬૪ ) મુમુક્ષુજનોએ સંયમના નિર્વાહ માટે જરૂર પડયે છતે ૪૨ દોષ રહીત આહાર પાણી વિગેરે ગુર્વાદિકની સંમતિથી લાવીને વિધિવત્ વાપરવાં જોઇએ.

( ૧૬૫ ) મુમુક્ષુજનોએ કોઇ પણ વસ્તુ લેતાં યા મૂકતાં કોઈ પણ જીવની વિરાધના થઈ ન જાય તેમ સંભાળીને તે વસ્તુ જયણા સહિત લેવી મૂકવી જોઇએ.

( ૧૬૬ ) મુમુક્ષુજનોએ લઘુનીતિ, વડીનીતિ વિગેરે શરીરના સર્વ મળનો ત્યાગ નિર્જીવ સ્થાનમાં જોઇને વિધિવત્ કરવો જોઇએ.

(૧૬૭) મુમુક્ષુજનોએ મુખ્યપણે મનને ગોપવીને ધર્મ ધ્યાનમાં જોડાવું જોઇએ. જેમ બને તેમ તેને વિવિધ વિકલ્પ જાળથી મનને મુક્ત રાખવું જોઇએ.

( ૧૬૮ ) મુમુક્ષુજનોએ મુખ્યપણે તથાપ્રકારના કારણવિના મૌનજ ધારણ કરી રહેવું જોઇએ. જરૂર જણાતાં સત્ય નિર્દોષજ ભાષણ કરવું જોઇએ.

(૧૬૯) મુમુક્ષુજનોએ મુખ્યપણે (સંયમાર્થે જવા આવવાની જરૂર નજ હોય) તો કાયાને કાચબાની પેરે ગોપવી રાખવી જોઇએ. સ્થિર આસન કરીને પવિત્રજ્ઞાન ધ્યાનનોજ અભ્યાસ કરવો જોઇએ.

(૧૭૦) મુમુક્ષુજનોએ ચાલવાની, બેસવાની, ઉઠવાની, સુવાની, ખાવાની, પીવાની કે બોલવાની જે જે ક્રિયા કરવી પડે તે તે કોઈ જીવને ઈજા ન થાય તેમ જયણાસહિત સંભાળથીજ કરવી જોઇએ.

(૧૭૧) મુમુક્ષુજનોએ રસગૃદ્ધ નહિ થતાં સંયમનાહિત માટેજ પરિમિતભોજી થવું જોઇએ.

(૧૭૨) મુમુક્ષુજનોએ સંયમ અનુષ્ઠાનને સમજપૂર્વક પ્રમાદ રહિત સેવીને અન્ય મુમુક્ષુજનોને યથાશક્તિ સંયમમાં

સહાયભૂત થવું જોઇએ. એક ક્ષણ માત્ર પણ કલ્યાણાર્થીએ પ્રમાદ કરવો ન જોઇએ.

(૧૭૩) પ્રીય મનોહર અને સ્વાધીન ભોગને જે જાણી જોઇને છતી શક્તિએ તજે છે, તેજ ખરો ત્યાગી કહેવાય છે.

(૧૭૪) વસ્ત્ર, ગંધ, માલ્ય, અલંકાર તથા સ્ત્રી શય્યાદિક નહિ મળવા માત્રથી ભોગવતો નથી, પણ મનથી તો તેવા વિષયમાં સાર માનીને મગ્ન રહે છે તે ત્યાગી કહેવાય નહિ.

(૧૭૫) જો જળમાં મચ્છની પદ પંક્તિ માલુમ પડે કે આકાશમાં પંખીની પદ પંક્તિ જણાય, તોજ સ્ત્રીના ગહન ચરિત્રની સમજ પડી શકે, તાત્પર્ય કે સ્ત્રીના ચરિત્રનો પાર પામવો અશકય છે.

(૧૭૬) પ્રિયાલાપથી કોઇની સાથે વાત કરતી હોય, કટાક્ષ વડે કોઈ અન્યને સાનમાં સમજાવતી હોય, તેમ વળી હૃદયથી તો કોઈ બીજાનુંજ ધ્યાન [ચિંતવન] કરતી હોય, એવી સ્ત્રીની ચંચળતાને ધિક્કાર પડો. સ્ત્રીઓ પ્રાયઃ કપટનીજ પેટી હોય છે.

(૧૭૭) જો મન વૈરાગ્યના રંગથી રંગાયલું ન હોય તો દાન, શીલ, અને તપ કેવળ કષ્ટરૂપજ થાય છે. વૈરાગ્ય યુક્ત કરેલી સર્વ ધર્મકરણી કલ્યાણકારી થાય છે. માટે જેમ બને તેમ વૈરાગ્ય ભાવની વૃદ્ધિ કરવી યુક્ત છે. તે વિના સલુણા ધાન્યની પેરે ધર્મકરણીમાં લ્હેજત આવતી નથી, વૈરાગ્ય યોગેજ તેમાં મીઠાશ પ્રકટે છે.

(૧૭૮) અભિનવ આધ્યાત્મિક શાસ્ત્રો વાંચવાથી સહજે વૈરાગ્યની વૃદ્ધિ થાય છે.

(૧૭૯) મૈત્રી, મુદિતા, કરૂણા અને (માધ્યસ્થ્ય) એવી ચાર ભાવનાઓનું સંયમના કામીએ અવશ્ય સેવન કરવું જોઇએ.

(૧૮૦) જગતના સર્વ જંતુઓ આપણા મિત્ર છે, કોઇ પણ આપણા શત્રુ નથી, તે સર્વે સુખી થાઓ ! કોઈ દુઃખી ન થાઓ ! સર્વે સુખનાજ માર્ગે સંચરો ! એવી મતિને મૈત્રી-ભાવના કહે છે.

(૧૮૧) સદ્ગુણીના સદ્ગુણો જોઇને ચિત્તમાં રાજી રાજી થવું, જેમ ચંદ્રને દેખીને ચકોર રાજી થાય છે, અથવા મેઘનો ગર્જારવ સાંભળીને મોર રાજી થાય છે, તેમ ગુણીને દેખી પ્રમુદિત થવું, અંતઃકરણમાં આનંદની ઉર્મિઓ ઉઠે તેનું નામ મુદિતભાવના કહેવાય છે.

(૧૮૨) કોઇ પણ દુઃખીને દેખી દયાર્દ્ર દીલથી શક્તિ અનુસારે તેને સહાય કરવી, તેમજ ધર્મ કાર્યમાં સીદાતા સાધર્મી ભાઇને યોગ્ય આલંબન આપવું તેનું નામ કરૂણા ભાવના કહેવાય છે.

(૧૮૩) જેને કોઇ પણ પ્રકારે હિતોપદેશ અસર કરી શકે નહિ એવા અત્યંત કઠોર મનવાળા જીવ ઉપર પણ દ્વેષ નહિ કરતાં તેવાથી દૂરજ રહેવું તેનું નામ મધ્યસ્થ ભાવના કહેવાય છે.

(૧૮૪) બીજી પણ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક સ્વભાવ, બોધિ દુર્લભ અને સ્વતત્વનું ચિંતનરૂપ દ્વાદશ અનુપ્રેક્ષા,–ભાવના કહી છે.

(૧૮૫) 'ભાવના ભવનાશિની' અર્થાત્ આવી ઉત્તમ ભાવનાથી ભવ સંતતિનો ક્ષય થઈ જાય છે, અને શાંતરસની વૃદ્ધિથી ચિત્તની શાંતિ–પ્રસન્નતા થાય છે. માટે મોક્ષાર્થી જનોએ અવશ્ય ઉક્ત ભાવનાઓનો અભ્યાસ કર્યા કરવો યુક્ત છે.

(૧૮૬) ગમે તેટલી કળા પ્રાપ્ત થાય, ગમે તેવો આકરો તપ તપાય, અથવા નિર્મળ કીર્તિ પ્રસરે પરંતુ અંતરમાં વિવેકકળા જો ન પ્રગટે તો તે સર્વ નિષ્ફળજ છે. વિવેકકળાથી ત સર્વની સફળતા છે.

(૧૮૭) વિવેક એ એક અભિનવ સૂર્ય યા અભિનવ નેત્ર છે. જેથી અંતરમાં વસ્તુ તત્ત્વનું યથાર્થ દર્શન થાય એવું અજવાળું થાય છે. માટે બીજી બધી જંજાળ તજીને કેવળ વિવેકકળા માટેજ ઉદ્યમ કરવો યુક્ત છે.

(૧૮૮) સત્સમાગમ યોગે હિતોપદેશ સાંભળવાથી યાતો આપ્ત પ્રણીત શાસ્ત્રના ચિર પરિચયથી વિવેક પ્રગટે છે.

(૧૮૯) વિવેકવડે સત્યાસત્યનો નિર્ણય કરી શકાય છે. તે વિના હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ઉચિતાનુચિત કે ગુણદોષની ખાત્રી થઇ શકતી નથી. વિવેક વડેજ અસત્-વસ્તુનો ત્યાગ કરીને સદ્ વસ્તુનો સ્વીકાર કરી શકાય છે.

(૧૯૦) જેમ નિર્મળ આરિસામાં સામી વસ્તુનું બરાબર પ્રતિબિંબ પડી રહે છે, તેમ નિર્મળ વિવેકયુક્ત હૃદયમાં વસ્તુનું યથાર્થ ભાન થાય છે. જેમ સૂક્ષ્મદર્શક યંત્રથી સુક્ષ્મ વસ્તુ સહેલાઇથી દેખી શકાય છે, તેમ વિવેકના અધિકાધિક અભ્યાસથી સુક્ષ્મમાં સુક્ષ્મ ને દુરમાં દુર રહેલા પદાર્થનું યથાર્થ ભાન થઇ શકે છે માટે જ્ઞાની પુરૂષો વિવેક રહીતને પશુ માનેછે.

(૧૯૧) વિવેકી પુરૂષ આ મનુષ્યભવના ક્ષણુને પણ લાખેણો ( લક્ષ મુલ્ય અથવા અમુલ્ય ) લેખે છે:

(૧૯૨) જેમ રાજહંસ પક્ષી ક્ષીર નીરને જુદાં કરીને ક્ષી:ર માત્ર ગ્રહે છે, તેમ વિવેકી પુરૂષ દોષ માત્રને તજી ગુણ માત્રને ગ્રહણ કરે છે.

(૧૯૩) મનની ક્ષુદ્રતા (પારકાં છિદ્ર જોવાની બુદ્ધિ) મટવાથીજ ગુણગ્રાહકતા આવે છે, ગુણગુણીનો યોગ્ય આદરસત્કાર કરવારૂપ વિનયગુણથી ગુણગ્રાહકતા વધતી જાય છે.

(૧૯૪) વિનય સર્વગુણોનું વશીકરણ છે. ભક્તિ યા બાહ્યસેવા, હૃદય પ્રેમ યા બહુમાન, સદ્‌ગુણની સ્તુતિ અવગુણને ઢાંકવા અને અવજ્ઞા, આશાતના, હેલના, નિંદા કે હિંસાથી દુર રહેવું એવા વિનયના મુખ્ય પાંચ પ્રકાર છે.

(૧૯૫) જેમ અણધોયેલા મેલા વસ્ત્ર ઉપર રંગ ચડી શકતો નથી, અથવા વિષમ ભૂમિમાં ચિત્ર ઉઠી શકતું નથી, તેમ વિનયાદિ ગુણ હીનને સત્ય ધર્મની પ્રાપ્તી થઈ શકતી નથી.

( ૧૯૬ ) વિનયાદિ સદ્‌ગુણ સંપન્નને સહેજે ધર્મની પ્રાપ્તી થઇ શકે છે.

( ૧૯૭ ) વિનયાદિશૂન્યને વિદ્યાદિકળા ઉલટી અનર્થકારી થાય છે, માટે પ્રથમ વિનયાદિકનો જ અભ્યાસ કરવો યોગ્ય છે.

( ૧૯૮ ) ધર્મની યોગ્યતા–પાત્રતા પ્રાપ્ત કરવી એ પ્રથમ અવશ્યનું છે. દેખો ! તૃણ થકી ગાયને દુધ થાય છે અને દુધ થકી સર્પને ઝેર થાય છે. એ ઉપરથીજ પાત્રાપાત્રનો વિવેક ધારવો પ્રગટ સમજાય છે.

( ૧૯૯ ) ધર્મની યોગ્યતા મેળવવા માટે નીચેના ૨૧ ગુણોનો ખુબ અભ્યાસ કરવો ખાસ જરૂરનો છે.

૧ અક્ષુદ્રતા–ગંભીરતા–ગુણગ્રાહકતા. ૨ સૌમ્યતા–પ્રસન્નતા ૩ નિરોગતા–અંગસૌષ્ટવ–સુંદરાકૃતિ. ૪ જનપ્રિયતા–લોકપ્રિયતા ૫ અક્રૂરતા–મનની કોમળતા–નરમાશ. ૬ ભીરૂતા–પાપથી યા અપવાદથી બીવાપણું. ૭ અશઠતા–નિષ્કપટીપણું–સરલતા. ૮ દાક્ષિણ્યતા મોટાની અનુજ્ઞા પાળવી તે. ૯ લજાળુતા–મર્યાદશીલપણું–માજા. ૧૦ દયાળુતા–કરૂણા. ૧૧ સમદષ્ટિ–મધ્યસ્થતા –નિષ્પક્ષપાતપણું. ૧૨ ગુણરાગીપણું. ૧૩ સત્યવાદીપણું--સત્યપ્રિયતા. ૧૪ સુપક્ષતા–ધર્મીકુટુંબ હોવાપણું. ૧૫ દીર્ઘ દર્શિતા –લાંબી નજર પહોંચાડવાપણું. ૧૬ વિશેષજ્ઞતા–લાંબી સમજ. ૧૭ વૃદ્ધાનુસારીપણું શિક્ષાનુસારિતા. ૧૮ વિનીતતા–નમ્રતા. ૧૯ કૃતજ્ઞતા–કર્યા ગુણનું જાણપણું. ૨૦ પરોપકારતા–પરહિત રસિકતા. ૨૧ લબ્ધલક્ષતા–કાર્યદક્ષતા–સુનિપુણતા–કળાકૌશલ્ય.

(૨૦૦) પુર્વોક્ત ગુણના અભ્યાસ વગર યોગ્યતા વિનાજ ધર્મની. પ્રાપ્તી થવી વંધ્યાપુત્ર અથવા શશશૃંગની પેરે અશકય છે.

(૨૦૧) યોગ્ય જીવને પણ સત્ય ધર્મની પ્રાપ્તિ બહુધા શ્રમણ નિર્ગ્રંથદ્વારા હિતોપદેશ સાંભળવાથીજ થાય છે. માટે યોગ્ય જીવોને પણ સત્‌સમાગમની ખાસ અપેક્ષા રહેછેજ.

(૨૦૨) હજારો ગ્રંથ વાંચવાથી સાર ન મળે એવો સરસ સાર ક્ષણ માત્રમાં સત્સમાગમથી ભાગ્ય યોગે મળી શકે છે.

(૨૦૩) દુર્જનો, છતે યોગે, તેવા લાભથી કમનશીબજ રહે છે.

(૨૦૪) સજ્જનોને તો દુર્જનોની હૈયાતીથી અભિનવ જાગૃતિ રહે છે.

(૨૦૫) દુર્જનો સજ્જનોના નિષ્કારણ શત્રુ છે. પણ સજ્જનો તો સમસ્ત જગતના નિષ્કારણ મિત્ર છે.

(૨૦૬) દુર્જનોને દ્વિજીહ્વ–સર્પ જેવા કહ્યા છે તે યથાર્થજ છે. કેમકે તે એકાંત હિતકારી સજ્જનને પણ કાટે છે.

(૨૦૭) સજ્જનો તો એવા ખારીલા–ઝેરીલા દુર્જનોને પણ દુહવવા ઇચ્છતા નથી એજ તેમનું ઉદાર આશયપણું સૂચવે છે.

(૨૦૮) કાગડાને કે કોયલાને ગમે તેટલો ધોયો હોય તોપણ તે તેની કાળાશ તજેજ નહિ તેમ દુર્જનને પણ ગમે તેટલું જ્ઞાન આપો પણ તે કદાપિ તેની કુટિલતા તજવાનોજ નહિ.

(૨૦૯) સજ્જનને તો ગમે તેટલું સંતાપશો તોપણ તે તેમની સજ્જનતા કદાપિ તજશે નહિ.

(૨૧૦) સજ્જનજ સત્ય ધર્મને લાયક છે. માટે બીજી ધમાલ તજી દઇને કેવલ સજ્જનતાજ 'આદરવા' પ્રયત્ન કરો.

(૨૧૧) વીતરાગ સમાન કોઇ મોક્ષદાતા દેવ નથી.

(૨૧૨) નિર્ગ્રંથ સાધુ સમાન કોઇ સન્માર્ગ દર્શક સાથી નથી.

(૨૧૩) શુદ્ધ અહિંસા સમાન કોઇ ભવદુઃખવારક ઔષધ નથી.

(૨૧૪) આત્માના સહજ ગુણોનો લોપ કરે એવા રાગ-દ્વેષ અને મોહાદિક દોષોને સેવવા સમાન કોઈ પ્રબળ હિંસા નથી.

(૨૧૫) આત્માના જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સદ્ગુ-

ણોને સાચવી રાખવા અથવા તે સહજ ગુણોનું પોષણ કરવું તેના સમાન કોઇ શુદ્ધ અહિંસા નથી.

(૨૧૬) આત્મ હિંસા તજયા વિના કદાપિ આત્મ દયા પાળી શકાતી નથી. રાગ દ્વેષ અને મોહ–મમતાદિક દુષ્ટ દોષોને તજીને સહજ આત્મ ગુણમાં મગ્ન રહેવું એજ ખરી આત્મ દયા છે. બીજી ઔપચારિક જીવદયા પાળવાનો પણ પરમાર્થ રાગાદિ દુષ્ટ દોષોને આવતા વારવાનો અને જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સદ્ગુણોને પોષવાનોજ છે.

(૨૧૭) સત્યાદિક મહાવ્રતો પાળવાનો પણ એજ મહાન્ ઉદ્દેશ છે, યાવત્ સકલ ક્રિયાનુષ્ઠાનનો ઉંડો હેતુ શુદ્ધ અહિંસા વ્રતની દૃઢતા કરવાનોજ છે.

(૨૧૮) એવી શુદ્ધ સમજ દીલમાં ધારી સંયમક્રિયામાં સદાય સાવધાન રહેનારા યોગીશ્વરો અવશ્ય આત્મહિત સાધી શકે છે.

(૨૧૯) એવી શુદ્ધ સમજ દીલમાં ધાર્યા વિનાજ કેવળ અંધશ્રદ્ધાથી ક્રિયાકાંડને કરનારા સાધુઓ શીઘ્ર સ્વહિત સાધી શકતા નથી.

(૨૨૦) શુદ્ધ સમજવાળા જ્ઞાની પુરૂષોનો પૂર્ણ શ્રદ્ધાથી આશ્રય લહી સંયમ પાળનારા પ્રમાદ રહિત અન્ય સાધુઓ પણ અવશ્ય આત્મહિત સાધી શકે છે. કેમકે તેમના નિયામક (નિયંતા–નાયક) શ્રેષ્ઠ સમજવાળા છે, જેથી સ્વાશ્રિત સાધુઓનું તેઓ યત્નથી રક્ષણ કરી શકે છે.

( ૨૨૧ ) સુવિહિત સાધુજનો મોક્ષમાર્ગના ખરા સારથી છે, એવી શુદ્ધ શ્રદ્ધાથી મોક્ષાર્થી ભવ્ય જનોએ, તેમનું દૃઢ આલંબન લેવું અને તેમની લગારે પણ અવજ્ઞા કરવી નહિ.

( ૨૨૨ ) ગ્રહણ કરેલાં વ્રત યા મહાવ્રતને અખંડ પાળનાર સમાન કોઇ ભાગ્યશાળી નથી, કેમકે તેનુંજ જીવિત સફળ છે.

( ૨૨૩ ) ગ્રહણ કરેલાં વ્રત કે મહાવ્રતને ખંડીને જે જીવે છે તેની સમાન કોઇ મંદભાગ્ય નથી. કેમકે તેવા જીવિત કરતાં તો ગ્રહણ કરેલા વ્રત કે મહાવ્રતને અખંડ રાખીને મરવુંજ સારૂં છે.

( ૨૨૪ ) જેને હિતકારી વચનો કહેવામાં આવતાં છતાં બિલકુલ કાને ધારતો નથી અને નહિ સાંભળ્યા જેવું કરે છે તેને છતે કાને બ્હેરોજ લેખવો યુક્ત છે, કેમકે તે શ્રોત્રને (કાનને) સફળ કરી શકતો નથી.

(૨૨૫ ) જે જાણી જોઇને ખરો રસ્તો તજીને ખોટે માર્ગે ચાલે છે, તે છતી આંખે આંધળો છે એમ લેખવું ખોટું નથી.

( ૨૨૬ ) જે અવસર ઉચિત પ્રિય વચન બોલી સામાનું સમાધાન કરતો નથી તે છતે મુખે મૂંગો છે, એમ શાણા માણસો લેખે છે.

( ૨૨૭ ) મોક્ષાર્થી જનોએ પ્રથમપદે આદરવા યોગ્ય **સદ્ગુરૂનું વચનજ છે.**

( ૨૨૮ ) જન્મ મરણના દુઃખનો અંત થાય એવો ઉપાય વિચિક્ષણ પુરૂષે શીઘ્ર આદરવો યુક્ત છે, કેમકે તે વિના કદાપિ ખરી શાંતિ મળવાની નથી.

( ૨૨૯ ) તત્ત્વજ્ઞાન પૂર્વક સંયમાનુષ્ટાન સેવવાથીજ ભવનો અંત થાય છે.

(૨૩૦) પરભવ જતાં સંબલ માત્ર ધર્મનુંજ છે, માટે તેનો ખરેખર ખપ કરવો યુક્ત છે; તે વિનાજ જીવ દુઃખની પરંમપરાને પામે છે.

(૨૩૧) જેનું મન શુદ્ધ-નિર્મળ છે તેજ ખરો પવિત્ર છે એમ જ્ઞાનીઓ માને છે.

(૨૩૨) જેના અંતર-ઘટમાં વિવેક પ્રગટયો છે, તેજ ખરો પંડિત છે એમ **જ્ઞાનીઓ** કહે છે.

(૨૩૩) સદ્ગુરૂની સુખાકારી સેવાને બદલે અવજ્ઞા કરવી એજ ખરૂં **વિષ** છે.

(૨૩૪) સદા સ્વપરહિત સાધવા ઉજમાલ રહેવું એજ મનુષ્ય જન્મનું ખરૂં ફલ છે.

(૨૩૫) જીવને બેભાન કરી દેનાર-સ્નેહ-રાગજ ખરી **મદિરા** છે એમ જ્ઞાનીઓ વદે છે.

(૨૩૬) ધોળે દહાડે ધાડ પાડીને ધર્મધનને લૂંટનારા **વિષયોજ** ખરા ચોર છે.

(૨૩૭) જન્મ મરણનાં અત્યંત કટુક ફળને દેનારી **તૃષ્ણાજ** ખરી ભવવેલી છે.

(૨૩૮) અનેક પ્રકારની આપત્તિને આપનાર પ્રમાદ સમાન કોઈ શત્રુ નથી.

(૨૩૯) મરણ સમાન કોઈ ભય નથી અને તેથી મુક્ત કરનાર વૈરાગ્ય સમાન કોઈ મિત્ર નથી. વિષયવાસના જેથી નાબુદ થાય તેનેજ ખરો વૈરાગ્ય ગણી શકાય.

(૨૪૦) વિષયલંપટ–કામાંધસમાન કોઇ અંધ નથી, કેમકે તે વિવેક શૂન્ય બની જવાથી કંઇ પણ સ્વહિતાહિત જોઇ શકતો નથી.

(૨૪૧) સ્ત્રીના નેત્ર કટાક્ષથી જે ન ડગે તેજ ખરો શુરવીર છે.

(૨૪૨) સંત પુરુષોના સદુપદેશ સમાન બીજું અમૃત નથી, કેમકે તેથી ભવતાપ ઉપશાંત થવાથી જન્મ મરણનાં અનંત દુઃખોનો સહેજે અંત આવે છે.

(૨૪૩) દીનતાનો ત્યાગ કરવા સમાન બીજો મોટો ગુરુતાનો સીધો રસ્તો નથી.

(૨૪૪) સ્ત્રીનાં ગહન ચરિત્રથી ન જીતાય તેના જેવો કોઈ ચતુર નથી.

(૨૪૫) અસંતોષી સમાન કોઈ દુઃખી નથી કેમકે તે મંમણ શેઠની જેવો સદાય દુઃખી રહે છે.

(૨૪૬) પારકી યાચના કરવા ઉપરાંત કોઈ મોટું લઘુતાનું કારણ નથી.

(૨૪૭) નિર્દોષ–નિષ્પાપ વૃત્તિસમાન બીજું સારું જીવિતનું ફળ નથી.

(૨૪૮) બુદ્ધિબળ છતાં વિદ્યાભ્યાસ નહિ કરવા સમાન બીજી કોઇ જડતા નથી.

(૨૪૯) વિવેકસમાન જાગૃતિ અને મુઢતાસમાન નિદ્રા નથી.

(૨૫૦) ચંદ્રની પેરે ભવ્ય લોકોને ખરી શીતળતા કરનાર આ કલિકાળમાં ફક્ત સજ્જનો શિવાય બીજું કોઇ નથી.

(૨૫૧) પરવશતા–પરાધીનતા જેવું પ્રાણીઓને પીડાકારી બીજું કોઇ નથી.

(૨૫૨) સંયમ યા નિવૃત્તિસમાન કોઇં સુખ નથી.

(૨૫૩) જેથી આત્માને હિત થાય તેવુંજ વચન વદવું તે સત્ય છે પણ જેથી ઉલટું અહિત થાય એવું વચન વિચાર્યા વિના વદવું તે સત્ય હોય તો પણ અસત્યજ સમજવું. આથી-જ અંધને પણ અંધ કહેવાનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે.



## શ્રીમાન્ હરિભદ્રસૂરિકૃત.

# पंचम षोडशक.

### લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિ અથવા પરમાર્થ પંથની પ્રાપ્તિ.

૧ ઉપરના અધિકારમાં લોક–લોકોત્તર ધર્મની વહેંચણ કર્યા વગર સામાન્ય રીતે સમજાવ્યા પ્રમાણે ઉક્ત લક્ષણ યુક્ત ધર્મ સિદ્ધ થયે છતે સ્વશાસ્ત્ર વ્યવહારમાં કુશળ એવા અપુનર્બંધક અને સમ્યગ્ દૃષ્ટિ સહુ કોઇ ભવ્ય જનોને લોકોત્તર તત્ત્વની એટલે **પરમાર્થ પંથની** ખરેખર પ્રાપ્તિ થઇ શકે છે.

હવે એ લોકોત્તર તત્ત્વનો લાભ કેવા રૂપમાં અને ક્યારે પ્રાપ્ત થાય છે તે વાતને જણાવવા શાસ્ત્રકાર કહે છે.

૨ શરૂઆતમાં સમ્યક્ત્વની સ્પર્શનારૂપ ભાવઆરોગ્યની પ્રાપ્તિ થવી તે શાશ્વત શર્મ રૂપ મોક્ષ અથવા વીતરાગત્વાદિક પરમ ભાવઆરોગ્યનું આદ્ય બીજ છે, અને તે **છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં** ક્ષીણપ્રાય સંસારવાળાને નિયમા પ્રાપ્ત થાય છે.

ઉક્ત પરમાર્થ પંથની પ્રાપ્તિ છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાંજ કેમ થાય છે ? તેનું કારણ જણાવે છેઃ—

૩ સુકૃત કર્મ, સ્વભાવ, પુરૂષાર્થ અને નિયતિ રૂપ અન્ય અપેક્ષિત કારણો વિદ્યમાન સતે જ્વર શમન–ઔષધ સમય વત્ કાળની પ્રધાનતા હોવાથી છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાંજ તેની પ્રાપ્તિ થાય છે. જેમ ચઢતા તાવમાં તાવને શમાવવા આપેલું ઔષધ ગુણ કરી શકતું નથી પણ ઉલટો અવગુણ કરે છે,

જ્યારે તાવ પાકી જાય ત્યારેજ તે દીધેલું ઔષધ ગુણકારી થાય છે તેમ ભવ પરિપાક સમય પ્રાપ્ત થયેજ આપવામાં આવતું સદ્ધર્મ ઔષધ આત્માને અત્યંત હિતકારી થઇ શકે છે. એવી રીતે સિદ્ધાન્તના જાણ પુરૂષો સારી રીતે સમજે છે.

એજ વાતનું વિશેષ સ્પષ્ટીકરણ કરી શાસ્ત્રકાર કહે છે.—

૪. જેમ ચઢતા તાવમાં અકાળે આપેલું ઔષધ હિતકારી થતું નથી તેમ ભવસ્થિતિ પરિપાક સમય પ્રાપ્ત થયા પહેલાં આપવામાં આવેલું ધર્મ ઔષધનું સમ્યગ્ પરિણમન થઈ શકતું નથી, પણ વિપરીત પરિણમન થાય છે. તે વાતને જ શાસ્ત્રકાર દૃષ્ટાન્તથી સિદ્ધ કરે છે.

૫. જેમ મંદ ચક્ષુવાળા લોકો દીપકાદિક પ્રભામંડળને મોરના પીંછા જેવા લીલા રાતા વર્ણવાળા રંગબેરંગી આકારનાં જુએ છે તેમ મંદબુદ્ધિવાળા લોકો આગમ-સિદ્ધાંત દીપકમાં પણ પરમાર્થથી અછતું **અધ્યારોપ મંડળ** જુએ છે એટલે જેમાં અપવાદનો વિષય હોય નહિં તેવા સ્થાનમાં અપવાદ વિષય લક્ષણ આરોપ કરી બેસે છે. એવી રીતે તેમને દૃષ્ટિદોષથી આગમનું અવળું પરિણમન થાય છે. એજ વાતનું કાર્ય લિંગવડે સમર્થન કરે છે.

૬. ઉક્ત **અધ્યારોપ** અથવા **ભ્રાન્તિથીજ** સ્વર્ગ અપવર્ગાદિક પ્રસિદ્ધ ફળ દેવાવાળા દાન શીલાદિક ધર્મ વિષે તેઓ અવિધિનું સેવન કરે છે. જો એમ ન હોય અર્થાત્ એવી ભ્રાન્તિ ન હોય તો પછી તત્ત્વદૃષ્ટિ જનો શામાટે દુષ્ટ અવિધિનું સેવન કરે ? ન જ કરે. અર્થ-ભ્રમવગર દુષ્ટ અવિધિસેવા અસંભવિત છે. એજ વાતને શાસ્ત્રકાર સ્ફુટ કરી બતાવે છે.

૭. જે જનો આ રીતે અવિધિનું સેવન કરે છે તેમને આગમ વચન કે સર્વજ્ઞ વચન સમ્યગ્ પરિણમેલ નથી, એમ સ્પષ્ટ જણાય છે, કેમકે અમૃત રસના આસ્વાદને જાણનાર કોણ માણસ વિષસેવન કરવા પ્રવર્તે ? અપિતુ કોઇ પણ ન પ્રવર્તે. અવિધિસેવન વિષજેવું જાણી જરૂર તેનો પરિહાર જ કરે. હવે ફલિતાર્થ જણાવે છે.

૮. તેથી છેલ્લા પુદ્‌ગલ પરાવર્તમાં આગમ વચનનું ખરે-ખર તત્વથી પરિણમન થાય છે અને આગમ વચનનું જેમને સમ્યક્ પરિણમન થાય છે તેજ આ લોકોત્તર તત્વપ્રાપ્તિના ખરેખર યોગ્ય અધિકારી બને છે. બાકીના તો અનધિકારી અયોગ્યજ ગણાય છે. આગમ વચનના પરિણામની પ્રશસ્યતા શા કારણથી છે ? તે કહે છે.

૯. આગમ વચનનું યથાવત્ પરિણમન થવું એ આ સં-સાર ભ્રમણરૂપ ભાવ રોગનું નિર્દોષ ઔષધ છે. તેથીજ તે તત્ત્વ પરિણતિ સદ્ અનુષ્ઠાન સેવનના હેતુરૂપ હોવાથી પ્રધાન સદ્‌બોધ છે એમ જાણવું. તત્વ વચનની પરિણતિ થયા વગર સદ્‌અનુષ્ઠાનનું સેવન યથાવિધ થઇ શકતું નથી અને એ આગમ વચનની પરિણતિ જાગ્યે સતે સદ્‌અનુષ્ઠાન યથાવિધ સેવી શકાય છે માટે તેવી તત્ત્વ પરિણતિ થવી એ ઉત્તમ સદ્-બોધરૂપ છે—એજ શ્રેષ્ઠ સમ્યગ્ જ્ઞાન છે. સદ્‌બોધ થકી અનુ-ષ્ઠાન પરિપૂર્ણ શી રીતે થાય તે કહે છે.

૧૦ ક્રોધ, લોભાદિક દશ સંજ્ઞાઓ મુદ્રિત થયે છતે પરો-પકાર કરવામાં સદા તત્પર અને ગંભીરતા તથા ઉદારતાને સદા સેવનાર સદ્ અનુષ્ઠાનને અખંડ આરાધી શકે છે. વિધિ-

રસિક જીવે લોક સંજ્ઞાદિકનો યથાશક્તિ નિરોધ કરવો જોઇએ અથવા નિરોધ કરવા ઉત્સાહ અવશ્ય આરંભવો જોઇએ. તેથી સદા પરોપકારરસિક ઉદાર અને ગંભીર એવા તેને સદ્ અનુષ્ઠાનનો અખંડ લાભ મળે છે.

૧૧ સર્વજ્ઞ પ્રભુનાં વચન કહો કે આગમ વચન કહો, તેનું સમ્યગ્ પરિણમન થયે છતે પૂર્વોક્ત **ક્રિયામળ** અને **ભાવમળનો** નાશ થવાથી પુરૂષોને એ દશે સંજ્ઞાનો નિરોધ કરવો એ નિશ્ચે દુર્લભ નહિ પણ સુલભ જ થાય છે.

૧૨. શ્રી ગુરૂમહારાજને અનુયાયી થઇ રહેવાથી અને સર્વત્ર સમાનપણે યથાસંભવ દીનાદિક વિષયમાં ઉચિત આચરણ સેવવાથી દાનાદિક સંબંધી સઘળા ધર્માનુષ્ઠાન નિશ્ચે આગમને અનુસારે જ થાય છે.

૧૩ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પૈકી સ્વ સ્વ જાતિની મર્યાદા મુજબ કરેલા વ્યાપારથી ઉપાર્જેલું થોડું પણ દ્રવ્ય, પોતાના માતપિતાદિક વડીલોની આજ્ઞા મેળવીને, નોકર ચાકર કે સ્વજન પ્રમુખના પોષણમાં અડચણ ન આવે તેવી રીતે લક્ષ રાખી, જો દીન-દુઃખીને અથવા તપસ્વી પ્રમુખને દેવામાં આવે તે **મહાદાન** અથવા **પ્રધાનદાન** જાણવું અને ઉપર કહેલાં વિશેષણો વગરનું બીજું દાન સામાન્ય **દાનમાત્ર** જાણવું. એવી રીતે મહાદાન અને સામાન્ય દાન આશ્રી કહી હવે દેવાર્ચન આશ્રી કહે છે.

૧૪. વીતરાગત્વાદિક જે દેવના ગુણો તેના પરિજ્ઞાન-અવબોધથકી, તે વીતરાગત્વાદિક ગુણોમાં બહુમાન યુક્ત અને શાસ્ત્રોક્ત વિધિવડે આદર કરણ પ્રીતિ આદિક યુક્ત જે ઉત્તમ

દેવાર્ચન તેજ દેવાર્ચન ઈષ્ટ છે. બાકીનું દેવાર્ચન તો માત્ર નામનુંજ જાણવું.

'પ્રસ્તુત વિષયમાં સંબંધ જોડવા માટે શાસ્ત્રકાર કહે છે':-

૧૫ એવી રીતે કાળે કાળે વિધિપૂર્વક જ ગુરૂસેવા, અને દેવપૂજા પ્રમુખ કાર્યો પોતાના સ્વાધ્યાય ધ્યાનાદિક ધર્મ વ્યાપારોમાં ખલેલ ન આવે તેમ કાળજીથી કરવાં અર્થાત્ આગમોક્ત ઉપર જણાવેલા અને તદ્ઉપરાંત બીજાં પણ આવશ્યક કાર્યો વિધિ-બહુ માનયુક્ત કરવાં એજ લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિ સમજવી.

એ લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિ શી રીતે સંપાદન થાય છે તે કહે છે.

૧૬. આ લોકોત્તર તત્વની સંપ્રાપ્તિ, આપ્તપ્રણીત આગમવચનની પરિણતિવડે યથોક્ત નીતિ-વિધિ બહુમાન સહિત દેવગુરૂની સેવા પ્રમુખ નિજ કર્તવ્ય કાર્ય કરવાથી પુરૂષોના પુન્ય-વિપાકયોગે પરસ્પર અવિરોધી-એક બીજા કાર્યમાં વિરોધ ન આવે તેમ થઈ આવે છે. કેમકે જો એક બીજા કાર્યમાં વિરોધ આવે એવી રીતે સત્કાર્ય પણ કરવામાં આવે તો તે લૌકિક કોટિમાં જ ગણાય છે. અહીં આગમ વચનનું યથાર્થ પરિણમન થવાનું આ ઉત્તમ ફળ બતાવવામાં આવ્યું છે, કે જેથી જેજે ધર્માનુષ્ટાન કરવામાં આવે તે તે પૂર્વાપર વિરોધ રહિત, યથોક્ત નીતિ મુજબ, નિષ્કામ વૃત્તિથી-કેવળ આત્મ કલ્યાણ સાધવા માટે જ કરવામાં આવે કે જેથી ભવ્યાત્મા શીઘ્ર શાશ્વત્ સુખનો અધિકારી બની શકે છે.

ઇતિશમ.

# ષોડશકોમાંથી ઉદ્‌ભવેલા પ્રશ્નોત્તરો.

પ્ર૦—સ્તુતિ, સ્તોત્ર, સ્તવનાદિકવડે ભાવપૂજા થાય છે તે સ્તોત્રાદિક કેવા જોઇએ ?

ઉ૦–નવા **ષોડશક**માં શ્રીમાન્ **હરિભદ્ર** સૂરિજીએ કહ્યું છે તેમ તે સ્તુતિ **સ્તોત્રાદિક** પ્રભુના પિંડ ( ૧૦૦૮ લક્ષણ લક્ષિત શરીર ) સંબંધી, ક્રિયા ( સર્વોત્કૃષ્ટ આચાર–ચરિત્ર નિરૂપમ ધૈર્ય પ્રમુખ પરમ સાત્વિક વૃત્તિ ) સંબંધી, અને ગુણો ( શ્રદ્ધા, જ્ઞાન, વિરતી પરિણામાદિક સામાન્ય ગુણો અને કેવળ જ્ઞાન દર્શનાદિક વિશેષ ગુણો ) સંબંધી વર્ણનવાળા ગંભીર અર્થ–ભાવવાળાં વિચિત્ર વર્ણયુક્ત અલંકારવાળાં, પરિણામની વિશુદ્ધિ કરવાવાળાં, વૈરાગ્ય રસ અથવા મોક્ષાભિલાષીને પોષનારાં, પુન્યનું પોષણ કરનારાં, તેમજ જેમાં પોતે કરેલાં પાપ નિવેદન કરવામાં આવેલાં હોય, જે ઉપયોગ સહિત એકાગ્રપણે ઉચ્ચારવામાં આવેલાં હોય, જેના અનેક ઉત્તમ અર્થ થઇ શક્તા હોય, અસ્ખલિતાદિક ગુણો વડે યુક્ત હોય અને મહા મતિવંત પુરૂષોએ ગુંથેલાં–રચેલાં હોય એવા સ્તોત્રાદિક વડે પ્રભુની સ્તવના કરવી જોઇએ. વળી કહ્યું છે– **“ગભીર મહુર સદ્દં, મહથ્થ જુત્તં હવઈ થુત્તં”** એટલે ગંભીર–ઉંડા આશયવાળું, મધુર શબ્દ ધ્વનિવાળું, અને અનેક ઉત્તમ અર્થ ગર્ભિત સ્તોત્ર–સ્તવન પ્રભુ સન્મુખ કહેવું જોઇએ.

પ્ર૦—કાયાદિક શુદ્ધથી કરવામાં આવેલી દ્રવ્યપૂજાનું કેવું ફળ સંપજે છે ?

ઉ૦—કાયાદિક શુદ્ધિથી કરેલી નિર્દોષ દ્રવ્યપૂજા **વિઘ્નોપશામિની અભ્યુદયજનની અને નિવૃતિ—નિર્વાણપદપ્રાપિકાં થાય છે.**

મતલબ કે પ્રધાન પુષ્પ ગંધ માલ્યાદિક વસ્તુઓ જાતે જ જિનેશ્વર ભગવાનને જયણાપૂર્વક આરોપવા વડે, અને તેવી જ ઉત્તમ સામગ્રી બીજા પાસે અણાવવા વડે તેમજ ત્રિભુવનમાં શ્રેષ્ઠ એવાં કલ્પવૃક્ષનાં ફળ તથા નંદનવન સંબંધી ચંદન પ્રમુખ દુર્લભ વસ્તુઓ અંતઃકરણવડે સંપાદન કરવાવડે, ત્રિકરણ શુદ્ધયોગે કીધેલી પ્રભુપૂજા ઉપર જણાવેલા ઉત્તમ લાભ નીપજાવી શકે છે.

પ્ર૦—મુગ્ધજનો કહે છે કે જિનપૂજા કરતાં જીવવધ થાય છે, તેમ છતાં તે પૂજાવડે પ્રભુને કશો લાભ નથી, પ્રભુ તો કૃતકૃત્ય છે તેથી પૂજા વ્યર્થ—ફોકટ છે તેનું કેમ ?

ઉ૦—પૂજા પ્રસંગે અશક્ય પરિહારે થતો કાયવધ પણ કૂપ ઉદાહરણ મુજબ ગૃહસ્થ જનોને ગુણકારીજ ગણેલો છે. તેમજ મંત્રાદિકની પેરે તેથી ( મંત્રને ) લાભ નહિ છતાં તે મંત્ર ગણનારને તો લાભ થાયજ છે. વળી પ્રભુ પોતે કૃતકૃત્ય હોવાથીજ ગુણોત્કર્ષ થકી તેમની પૂજા ગુણકારી થાય છે. માટે શરીર, સ્વજન અને ગૃહાદિક આરંભવાળા ગૃહસ્થ જનોને તે પ્રભુપૂજા સફળ—સારાં શુભ ફળ આપનારી થાય છે એમ નિર્મળ બુદ્ધિવાળા મહાત્માઓ કહે છે. ફક્ત સર્વ સાવદ્ય આરંભવર્જિત

મુનિજનોની પેરે સામાયિક પૌષધાદિક ભાવસ્તવમાં લીન થઈ રહેલા, સાવદ્ય આરંભ રહિત ગૃહસ્થને તેટલો વખત દ્રવ્ય-પૂજાનો અધિકાર નથી. બાકી તો તે રોગીને ઐાષધની પેરે અવશ્ય ગુણકારી જ છે. એમ સ્વ સ્વ અધિકાર મુજબ અવસરે અવસરે ઉચિત પ્રભુપૂજા નિયમસર-નિશ્ચય પૂર્વક કરનાર, કર-વામાં સહાય અર્પનાર તેમજ તેની અનુમોદના કરનાર ધન્ય-કૃતપુન્ય ભવ્યાત્મા સુકૃત સમુપાર્જીને અનુક્રમે ભવનો અંત કરી શકે છે.

પ્ર૦—સદ્ અનુષ્ઠાન કેટલા પ્રકારનું હોય છે ? અને તે હરેકનું સામાન્ય રીતે કેવું સ્વરૂપ છે ?

ઉ૦—૧ પ્રીતિ અ૦ ૨ ભક્તિ અ૦ ૩ વચન અ૦ અને ૪ અસંગ અ૦ એમ ચાર પ્રકારનું સદ્ અનુષ્ઠાન હોઇ શકે છે. તે હરેકનું સંક્ષેપથી સ્વરૂપ નીચે મુજબ છે. જે અનુષ્ઠાન કરવામાં કરનારને પરમ આદર હોય, હિતબુ-દ્ધિથી જેમાં અધિક પ્રીતિ હોય અને બીજી બધી વાત તજીને જે તત્કાળ કરવામાં આવે તે પ્રીતિ અનુષ્ઠાન જાણવું. ક્રિયા-વડે પ્રીતિ અનુષ્ઠાન તુલ્ય છતાં જે ગૌરવ વિશેષથી ( અધિક પૂજ્યભાવથી ) બુદ્ધિવંત પુરૂષો વિશુદ્ધતર કરે તે ભક્તિ અનુષ્ઠાન જાણવું

સ્ત્રી અને માતા પ્રત્યે ઉચિત આચરણની પેરે પ્રથમમાં પ્રીતિ અનુષ્ઠાન અને બીજામાં ભક્તિ અનુષ્ઠાન જાણવું. સર્વત્ર ધર્મ વ્યાપારમાં દેશ, કાળ, પુરૂષ, વ્યવહારાદિ અનુકૂળતાએ સદ્વર્તનવંત સાધુજનોની જે નિશ્ચે આગમ-વચનાનુ-સારે પ્રવૃતિ તે વચન અનુષ્ઠાન જાણવું.

વ્યવહારથી તો માર્ગાનુસારી જનોની પ્રવૃત્તિ પણ ( અમુક અંશે ) વચન અનુષ્ઠાન રૂપ જાણવી. અને જે અનુષ્ઠાન આગમ સંસ્કાર થકી અત્યંત અભ્યાસ યોગે, સત્પુરૂષો ચંદન-ગંધના દૃષ્ટાન્તે અનાયાસે એકીભાવે આચરે તે **અસંગ અનુષ્ઠાન** કહેવાય છે.

જેમ પ્રથમ દંડવતી ચક્રભ્રમણ કરવામાં આવે પછી તે ચક્ર અનાયાસે ફર્યા કરે તેમ જે પ્રથમ વચનાનુષ્ઠાન હોય તે અભ્યાસવશાત્ દૃઢ સંસ્કારથી **અસંગ અનુષ્ઠાન** રૂપ થઇ જાય છે. તેમાં પ્રથમનાં બે સદ્અનુષ્ઠાનથી અભ્યુદય-સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે પાછળનાં બે સદ્અનુષ્ઠાનથી નિઃશ્રેયસ્-મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે.

પ્ર૦—શાસ્ત્રમાં કહેલી પાંચ પ્રકારની ક્ષમાનો કેવી રીતે ( વિભાગથી ) ઉક્ત ચાર પ્રકારના સદ્ અનુષ્ઠાન સાથે સંબંધ ઘટી શકે છે ?

ઉ૦—**ઉપકારક્ષમા, અપકારક્ષમા** અને **વિપાકક્ષમાનો** પ્રથમના બે અનુષ્ઠાન સાથે અને **વચનક્ષમા** અને **સહજક્ષમાનો** પાછળના બે અનુષ્ઠાન સાથે સંબંધ ઘટે છે.

પ્ર૦—જ્ઞાન ત્રણ પ્રકારનું જે કહ્યું છે તે કેવા પ્રકારના દૃષ્ટાંતથી કહ્યું છે તે સમજાવો.

ઉ૦—**શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન** અને **ભાવનાજ્ઞાન** ( અનુભવ જ્ઞાન ) એ ત્રણ પ્રકારનું જ્ઞાન અનુક્રમે મિષ્ટજળ, દુધ અને અમૃતની પેરે ભવતૃષાને શમાવી શકે છે. તેથી રત્નત્રય સમાન ઉક્ત ત્રિવિધ જ્ઞાનને વિષે પરમ આદર કરવો

યુક્ત છે. તેમાં **શ્રુતજ્ઞાન** તે વિનય બહુમાનપૂર્વક ગુરૂનાં ચરણ સેવી પ્રાપ્ત કરેલ શાસ્ત્રાર્થ સંબંધી જ્ઞાન, તેજ મનન કરેલું **ચિન્તાજ્ઞાન**, અને તેને સમ્યગ પરિણમાવી રસરૂપ કરેલું અમૃત સમાન શાન્તિકારક **અનુભવજ્ઞાન** જાણવું.

પ્ર૦—શ્રુતમયજ્ઞાનનું શું વિશિષ્ટ લક્ષણ જાણવું ?

ઉ૦—સકળ શાસ્ત્રગત વચન સાથે અવિરોધી એનું નિર્ણીત અર્થ વચન રૂપ સારી રીતે સાચવી રાખેલાં બીજની જેવું સજીવન અને અસદ્ અભિનિવેશથી અત્યંત રહિત હોય તે **શ્રુતમયજ્ઞાન** જાણવું. આમાં શ્રુતરાગથી આજ દર્શન સુંદર છે એવો કંઇક દર્શન–આગ્રહ હોય,

પ્ર૦—ચિન્તામય જ્ઞાનનું વિશિષ્ટ લક્ષણ શું જાણવું ?

ઉ૦—મહા વાક્યાર્થ જનિત, અત્યંત સૂક્ષ્મ બુદ્ધિગમ્ય, સર્વ પ્રમાણ નયગર્ભિત અવિરૂદ્ધ યુક્તિઓની આલોચના યુક્ત જળમાં તેલ પસરી જાય એવું જે જ્ઞાન તે **ચિન્તાત્મક જ્ઞાન** જાણવું. દર્શન આગ્રહ આમાં મુદ્દલ હોયજ નહિ.

પ્ર૦—**ભાવના** જ્ઞાનનું વિશિષ્ટ લક્ષણ શું જાણવું ?

ઉ૦—સર્વ જ્ઞેય ક્રિયા વિષયે સર્વજ્ઞ આજ્ઞાજ પ્રધાન કારણ છે એવા તાત્પર્યવાળું અને તેથીજ દાનવિધિ તેમજ બીજી વિધિમાં ચિત્ત વિત્ત અને પાત્રાદિક મધ્યે અત્યંત આદરવાળું **ભાવના જ્ઞાન**, અશુદ્ધ એવા જાતિવંત રત્નની સ્વાભાવિક કાન્તિ સમાન જાણવું. બીજા જ્ઞાન કરતાં તે અધિક પ્રકાશકારી હોય છે.

**આ ભાવના જ્ઞાનમાં ચારિસંજીવની** ચારના દૃષ્ટાંતે

સર્વ જીવનો અનુગ્રહ કરવાની પરિણતિવડે ગંભીર આશયથી સર્વ કોઇની ઉપર હિત વૃત્તિજ હોય છે.

પ્ર૦—વ્રત-મહાવ્રત ગ્રહણ કરવા રૂપ દીક્ષા આદરવા યથાર્થ અધિકારી કોને જાણવો ?

ઉ૦—આ ઉપર જણાવેલા શ્રુત-ચિન્તા-ભાવનાજ્ઞાન પ્રાપ્ત થયે સતે ભવ્યાત્મા દીક્ષા ગ્રહણ કરવા યથાર્થ રીતે લાયક સમજવો. તથા પ્રકારના જ્ઞાન વગરની દીક્ષા તો વસન્ત નૃપ ( ઇલાજી ) સમાન વિડંબના પ્રાય સમજવી.

પ્ર૦—દીક્ષા શબ્દનો—અક્ષરશઃ અર્થ શો થાય છે ?

ઉ૦—શ્રેય-કલ્યાણનું **દાન** આપે અને અશિવ-અશ્રેય તેનો ક્ષય કરે તે યથાર્થ **દીક્ષા.** આ જિનશાસનમાં મુનિજનોને માન્ય છે, તેથી તે યથોક્ત જ્ઞાની-અધિકારીનેજ નિશ્ચે હોવી ઘટે છે.

પ્ર૦—જો ઉક્તજ્ઞાનીનેજ દીક્ષા નિર્દોષ હોવી ઘટે તો પછી માષતુષ પ્રમુખ મુનિઓને શાસ્ત્રમાં નિર્દોષ દીક્ષ કહેલી છે તેનું કેમ ?

ઉ૦—જે રાગાદિક દોષ-અનુબંધરહિત હોવાથી શ્રદ્ધાવાન્ હોય અને કેવળ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય ગ્રન્થાર્થાદિકની જેમને ગમ ન હોય એમ છતાં પાપ ભીરૂ, ગુરૂ ભક્ત અને આગ્રહ ( મીથ્યાભિનિવેશ ) રહિત હોય તે પણ જ્ઞાનવાન્જ કહેવાય. જ્ઞાનનું પણ એજ ફળ છે કે સંસારથી વિરક્તપણું પ્રાપ્ત કરવું; શ્રીમદ્ ગુરૂની ભક્તિમાં એકનિષ્ઠ બનવું ઇત્યાદિક, તે તો આ મહાભાવોમાં હોયજ છે. તેથી તેમની દીક્ષા પણ નિર્દોષ છે. મતલબ કે જો એક નિર્મળ ચક્ષુવાળો હોય અને બીજો અંધ છતાં

નિર્મળ ચક્ષુવાળાના મત પ્રમાણે ચાલનારો હોય તો તે બંને માર્ગમાં ચાલનારા એક સાથેજ નિયમિત સ્થળે પહોંચી શકે છે. તેવીજ રીતે નિર્મળ જ્ઞાની ગુરૂની પવિત્ર આજ્ઞાને અનુસરી આત્મ કલ્યાણ સાધવા ઉજમાળ બનેલા તથાપ્રકારના જ્ઞાનરહિત છતાં **માસતુષાદિક** મુનિઓ પણ સ્વનિયામક જ્ઞાની ગુરૂઓની પેરે નિર્દોષ દીક્ષાપાત્ર ગણાય છે.

પ્ર૦–સાધુજનોએ સ્વસાધુયોગ્ય ધર્મ કરણીમાં કેવું સાવધાન રહેવું જોઇએ ?

ઉ૦–જેમ રોગથી કંટાળેલો માણસ નીરોગી થવા માટે તે રોગની પ્રતિક્રિયા (પથ્ય, ઔષધ માત્રા પ્રમુખ) સાવધાનપણે કરે છે તેમ દીક્ષિત–સાધુજનોએ પણ આ ભયંકર ભવ રોગથી ઉદ્વિગ્ન બની તેથી મુક્ત થવા માટે સાધુયોગ્ય સદાચરણ સેવવા સદાય સાવધાન રહેવું જોઇએ.

પ્ર૦–કેવા પ્રકારના સદાચરણમાં સાધુ–મુનિરાજ સાવધાન રહ્યા કરે ?

ઉ૦–૧ ગુરૂ વિનય, ૨ સ્વાધ્યાય (સઝાય ધ્યાન), ૩ યોગાભ્યાસ, ૪ પરોપકાર વૃત્તિ, અને ૫ સંયમ અનુકૂળ સઘળી કરણી કરવામાં ભવભીરૂ સાધુજનો સદાય સાવધાન રહ્યા કરે. તેમાં પ્રમાદસેવન ન જ કરે.

પ્ર૦–ગુરૂમહારાજનો વિનય શી રીતે સાચવ્યો ગણાય ?

ઉ૦–ગુરૂજન પ્રત્યે પુરૂષ ભૂમિકાની અપેક્ષાએ ઉચિત મર્યાદાપૂર્વક વર્તન રાખવું (તેમનું યથાયોગ્ય વૈયાવચ્ચ કરવું), તેમના સદ્ગુણથી આકર્ષાઇ શુદ્ધ અંતઃકરણનો પ્રેમ બતાવવો–

બહુમાન કરવું, તેમણે કરેલા અતુલ ઉપકારને લક્ષમાં રાખી સંભાર્યા કરવો-ભૂલી ન જવો, હરેક કાર્યમાં તેમની કલ્યાણ-કારી આજ્ઞાને આગળ કરી ચાલવું, તેમજ ગુરૂ મહારાજ વિદ્ય-માન હોય અથવા ન હોય તોપણ તેમની પવિત્ર આજ્ઞાને યથાર્થ અનુસરી-સર્વથા તે મુજબ વર્તીને તેને સત્ય-સફળ કરવી પણ નિષ્ફળ કરી નાંખવી નહિ, એ સર્વ રીતે સાવધા-નપણે વર્તતાં ગુરૂજનનો વિનય સાચવ્યો કહેવાય છે. (વિનય-વડેજ બીજું બધું લેખે થાય છે તે વગર બીજું બધું ફોગટ થાય છે.)

પ્ર૦-પૂર્વોક્ત સદાચરણને સાવધાનપણે સેવનાર સાધુને કેવા પ્રકારનો લાભ થાય છે?

ઉ૦-એ રીતે સદાચરણયુક્ત સાધુજનો અત્યંત વિશુદ્ધ પરિણામને પામી, શીઘ્ર મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા એ ચાર ભાવનાને નિશ્ચે સિદ્ધ કરી શકે છે. એજ ચાર ભાવ-નાઓ સર્વોત્કૃષ્ટ થયે સતે અંતે તેમને અજરામર પદની પ્રાપ્તિ થાય છે. પછી ત્યાં મોક્ષમાં તેમને તે ભાવનાઓ (મૈત્રી પ્રમુખ) નિષ્પ્રયોજન હોવાથી સંભવતી નથી.

પ્ર૦-મોક્ષમાર્ગમાં યોજાવારૂપ યોગ-સાધકને કયા કયા ચિત્ત દોષ વર્જવા જોઇએ?

ઉ૦-૧ ખેદ=ક્રિયામાં અપ્રવૃત્તિના હેતુરૂપ થાક, ૨ ઉદ્વેગ, ૩ ક્ષેપ=આંતરે આંતરે અન્યત્ર ચિત્તનું સ્થાપવું-વ્યાક્ષિપ્તચિ-ત્તતા, ૪ ઉત્થાન=ચિત્તની અપ્રશાન્તવાહિતા, ૫ ભ્રાન્તિ, ૬ અન્યમુદ્=અન્ય સ્થળે હર્ષ, ૭ રોગ-પીડા-ભંગ, અને ૮ આ-

સંગ=આજ ઠીક છે એવો રાગ=અભિષ્વંગ એ આઠ ચિત્ત દોષો સાધકને ખાસ વર્જ્ય છે.

પ્ર૦–તત્ત્વપ્રવૃત્તિ કરનારને શું શું કર્તવ્ય છે?

ઉ૦–૧ અપ્રીતિને પરિહરવારૂપ **અદ્વેષ**, ૨ તત્ત્વ જાણવાની ઇચ્છારૂપ **જિજ્ઞાસા**, ૩ બોધ પ્રવાહની સિરા (સેર) જેવી **શુશ્રૂષા**, ૪ **તત્ત્વ શ્રવણ**, ૫ **તત્ત્વ બોધ**, ૬ **તત્ત્વ વિચારણા**, ૭ તત્પુર્વક પરિશુદ્ધ **નિશ્ચયાત્મક જ્ઞાનપ્રાપ્તિ** અને ૮ તત્પૂર્વક **તાત્ત્વિક ક્રિયામાં પ્રવૃત્તિ**. એ રીતે તાત્ત્વિક પ્રવૃત્તિ ઉપર કહેલા **અદ્વેષાદિક** આઠ અંગોવડે નિર્માણ થયેલી હોવાથી તત્ત્વ પ્રવૃત્તિ કરનારે ઉક્ત મર્યાદા મુજબ કર્તવ્ય પરાયણ થવુંજ જોઇએ. મતલબ કે દ્વેષાદિક દોષો તજી સમતાદિક ગુણોને અવશ્ય સજવા જોઇએ.

પ્ર૦–સદ્અનુષ્ટાનને સેવનારા સત્ પુરૂષોનો કયો અવિચલિત માર્ગ હોય છે?

ઉ૦–શ્રી વીતરાગ પ્રણીત ભાવોના ગર્ભાર્થ–રહસ્યાર્થને સારી રીતે સૂક્ષ્મ બુદ્ધિ બળથી આલોચી–વિચારી સત્પુરૂષોએ કુશળ કલ્યાણકારી અનુષ્ઠાન કરવા પ્રવૃત્ત કરવી એ તેમનો અચળ માર્ગ હોય છે. ઇતિશમ્.

# उपदेश तरंगिणीमांथी उद्धवेला केटलाक प्रश्नोत्तरो.

પ્રશ્ન–શ્રી જિન ભવન કરાવવા અધિકારી (લાયક) કોને જાણુવો ?

ઉત્તર–ન્યાય નીતિવડે ઉપાર્જિત દ્રવ્યવાળો, મતિમાન્, ઉદાર દીલવાળો, સદાચારવંત અને ગુરૂને તેમજ રાજાદિકને માન્ય હોય તેને જિનભવન કરાવવા લાયક જાણુવો.

પ્ર૦—ધર્મશાળા કે પોષધશાળાથી શો લાભ થઈ શકે ?

ઉ૦—મુનિજનોના નિવાસપૂર્વક ત્યાં ધર્મશ્રવણ, પ્રતિક્રમણાદિક ઉત્તમ કરણી થઈ શકે. કઇ આત્માર્થી જનો ગુરૂ સમીપે આવી સાધુ–શ્રાવક યોગ્ય વ્રતોને ગ્રહણ કરી મહા પુન્ય ઉપાર્જી શકે. વળી જેમ કુરૂક્ષેત્રમાં સ્નેહીજનોને પણ કલેશબુદ્ધિ પ્રગટે છે તેમ ધર્મશાળામાં કે પૌષધશાળામાં અધમજનોને પણ ધર્મશુદ્ધિ જાગે છે. આમ અનેક રીતે તે શાળા અનેક ભવ્યાત્માઓને બોધિબીજ પ્રાપ્તિ માટે હેતુરૂપ થાય છે. તેથી તેનું નિર્માણુ કરાવનારા સંસારસાગરને તરી પરમપદ જે મોક્ષ તેને પામે છે.

પ્ર૦—શ્રી સંપ્રતિરાજાએ સવા લાખ જિનભવનો બનાવ્યા તે કેમ ? બધાં નવાંજ ?

ઉ૦—તેમાં ૩૬૦૦૦ નવીન જિનમંદિરો અને બાકીનાં ૮૯૦૦૦ પ્રાચીન દેરાસરોનો જીર્ણોધાર કરાવ્યો જાણુવો અને જિનપ્રતિમાઓ સર્વ જાતની મળી સવા કરોડ ભરાવી.

પ્ર૦—'માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;' એમના આશ્રી કશી મૂળ હકીકત છે?

ઉ૦—સીતા મહાસતીને પૂજવા માટે, વનવાસમાં રહેતાં લક્ષ્મણ કુમારે કરેલી છાણમય શ્રી સુપાર્શ્વ પ્રભુની પ્રતિમા તે સતીના શીલના પ્રભાવે વજ્રમયી થઇ ગયેલી તે અત્યારે પણ માંડવગઢમાં બિરાજમાન છે, મહામહિમાવાળી છે અને સર્વ ઉપસર્ગોનો વિનાશ કરનારી છે.

પ્ર૦—શ્રી સમરાશાહે શ્રી શત્રુંજય ઉપર કેવા સંયોગમાં ઉદ્ધાર કરાવ્યો?

ઉ૦—યોગિનીપૂરથી ૧ લાખ ૮૦ હજાર ફોજ સાથે આવેલા મ્લેચ્છરાજાએ સુરાષ્ટ્ર દેશમાં આવી શ્રી શત્રુંજય ઉપર ચઢી, જાવડશાહે ભરાવેલી પ્રતિમાનો ભંગ કર્યો ત્યારે સુરત્રાણને મહામાન્ય હોવાથી તેના ફરમાનથી સંવત્ ૧૩૭૧ વર્ષે શ્રી સમરાશાહે મહોત્સવપૂર્વક જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો તે આશ્રી કહેલું છે કે—

'સગર ચક્રવર્તી કરતાં પણ સમરાશાહને હું કંઇક અધિક લેખું છું કેમકે તેમણે મ્લેચ્છ લોકોના બળથી વ્યાપ્ત એવા આ કલિયુગમાં પણ શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો.'

પ્ર૦—ધર્મ શાસ્ત્રનું શ્રવણ કરવાથી શું ફળ થાય? અને કોની પેરે?

ઉ૦—શાસ્ત્રશ્રવણથી ધર્મકાર્ય કરવામાં ઉદ્યમ કરી શકાય, સારી બુદ્ધિ આવે, ખરા ખોટાનો નિર્ણય થાય, ત્યાજ્યાત્યાજ્ય, ભક્ષ્યાભક્ષ્યાદિકનો વિવેક જાગે, સંવેગ-શાશ્વત સુખ મેળવવા

અભિલાષા જાગે, અને ઉપશમ–કષાયની શાંતિ થાય. આ પ્રમાણે શાસ્ત્રશ્રવણ કરતાં અનેક લાભ થાય છે, જેમ **રોહિણીયા** ચોરે શ્રી વીર પ્રભુના મુખથી એક ગાથા સાંભળી સ્વકલ્યાણ સાધ્યું હતું તેમ અથવા **યવરાજર્ષિ**ને અનાયાસે સાંભળેલી ત્રણ ગાથા ગુણકારી થઇ હતી તેમ ભવસમુદ્રમાં બુડતા માણસોને જ્ઞાન જહાઝ તુલ્ય છે તેમજ મોહ અંધકારને ટાળવા માટે **જ્ઞાન** સૂર્ય મંડળ સમાન ઉપકારી થાય છે.

પ્ર૦—ગુરૂ સમીપે કોઇ પણ પ્રકારનાં વ્રતનિયમ ગ્રહણ કરવાથી કોની પેરે લાભ થાય ?

ઉ૦—પૂર્વે **વંકચુલ** નામના રાજપુત્રે અજાણ્યાં ફળ, રાજાની પટરાણી, કાગડાનું માંસ અને ૧૦ ડગલાં પાછા ઓસરી પછી ઘા કરવા સંબંધી કરેલા નિયમો તેના જીવિત વિગેરેની રક્ષા માટે થયા હતા તેમજ કુંભારની ટાલ જોયા પછી ભોજન કરવાના નિયમથી શ્રેષ્ઠીપુત્ર કમળને કેટલાક કાળે સોનાના ચરૂનો લાભ થતાં તે પછી પરમ શ્રાવક થયો હતો, એ રીતે નિયમથી ઘણાજ લાભ છે.

પ્ર૦—નવકાર ( નમસ્કાર ) મહામંત્રનું સ્મરણ ક્યારે ક્યારે ને કેવી રીતે કરવું ઉચિત છે? અને તેનાથી શા શા લાભ સંભવે છે ?

ઉ૦—ભોજન સમયે, શયન કરતાં, જાગતાં, પ્રવેશ કરતાં, ભય અને કષ્ટ સમયે યાવત્ સર્વકાળે સદાય નવકાર મહામંત્રનું નિશ્ચે સ્મરણ કર્યાજ કરવું. મરણ વખતે જે કોઇ એ મહામંત્રને ધારી રાખે છે તેની સદ્ગતિ થાય છે. એ મહા-

મંત્રનું સ્મરણ કરી કરીને અનેક જનો સંસાર સમુદ્રનો પાર પામ્યા, પામે છે અને પામશે. **ઉત્સાહ સહિત** પ્રમાદ રહિત ગણુવામાં આવતા નવકારના પ્રભાવથી સર્વ ઉપદ્રવો તત્કાળ શમી જાય છે, સર્વ પાપ વિલય પામે છે અને સર્વ પ્રકારનાં ભય નષ્ટ થઇ જાય છે.

શ્રી જિનેશ્વરમાં પોતાનું લક્ષ સ્થાપી પ્રસન્ન ચિત્તે, સુસ્પષ્ટ રીતે, શ્રદ્ધાયુક્ત અને વિશેષે કરીને જિતેન્દ્રિય સતો જે કોઇ શ્રાવક **એક લાખ નવકાર મંત્ર** જપે છે અને એક લાખ શ્વેત અને સુગંધી પુષ્પોવડે યથાવિધ જિનેશ્વર ભગવાનને પૂજે છે તે જગત્ પૂજ્ય શ્રી તીર્થંકરની પદ્વી પ્રાપ્ત કરે છે.

વળી એ મહામંત્ર દુઃખને દૂર કરે છે, સુખને પેદા કરે છે, યશ કીર્ત્તિ પ્રસરાવે છે, ભવનો પાર કરે છે. એ રીતે આ લોકમાં અને પરલોકમાં સર્વ સુખના મૂળરૂપ એ મહામંત્ર છે. વધારે શું ? પણ તિર્યંચ–પશુ પંખી પણ અન્ત વખતે એ મહામંત્રના સ્મરણથી સદ્દગતિ પામે છે.

પ્ર૦—ન્યાય માર્ગે ચાલવાથી આ લોકમાં તેમજ પરલોકમાં શા શા ફાયદા થાય છે ?

ઉ૦—ન્યાય–નીતિના માર્ગે એક નિષ્ઠાથી ચાલતાં આ લોકમાં યશ, કીર્ત્તિ, મહત્વ, પ્રતિષ્ઠાદિક બહુ પ્રકારના લાભ થાય છે અને પરભવમાં સદ્દ્ગતિ, સુલભબોધિપણું, ઉચ્ચ કુળમાં અવતાર તથા છેવટ શાશ્વત સુખ મળે છે. કહ્યું છે કે “ ન્યાય માર્ગમાં પ્રવૃત્ત જનને તિર્યંચો પણ સહાયભૂત થાય છે ત્યારે અનીતિ અન્યાય માર્ગમાં પ્રવર્ત્તનારને તેનો સગો ભાઇ પણ

તજી દે છે. ” ( જેવી રીતે અન્યાયમાં પ્રવૃત્ત થયેલા રાવણુને તજી તેનો બંધુ વિભીક્ષણુ ચાલ્યો ગયો હતો અને તેને ન્યાય માર્ગમાં પ્રવૃત્ત રામચંદ્રજીનો પક્ષ ( આશ્રય ) લીધો હતો. કોઇ પણુ રાજા ન્યાયવંત, ધર્માત્મા હોય છે ત્યારે તેનું **રામ-રાજ્ય** કહેવાય છે.

પ્ર૦—વિષય ઇંદ્રિયને પરવશ પડેલ પ્રાણીઓના કેવા હાલ થાય છે ?

ઉ૦—જ્યારે એક એક ઇંદ્રિયના વિષયમાં લુબ્ધ બનેલા બાપડા પતંગીયા, ભમરા, માછલાં, હાથીઓ અને હરણીયાં પ્રાણાંત કષ્ટ પામે છે ત્યારે જે મૂઢ જનો મોહથી અંધ બની એકી સાથે એ પાંચે ઇંદ્રિઓના વિષયોમાં લીન બન્યા રહે છે તેમનું તો કહેવું જ શું ? આ ભવમાં પરતંત્રતાદિક પ્રગટ દુઃખને પામે છે અને પરલોકમાં નીચી ગતિ પામે છે.

પ્ર૦—શ્રી સંઘને રત્નાકરની ઉપમા શી રીતે ઘટે છે ?

ઉ૦—ચતુર્વિધ શ્રી સંઘ મધ્યે બહુ મૂલ્યવાળાં **પંચપરમેષ્ટિ રત્નો** (અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સમુદાય રૂપ) સદાય ઉત્પન્ન થયાં કરે છે તેથી તે **રત્નાકર** તુલ્યજ છે. વળી સર્વ તીર્થંકરોને પણુ નમસ્કાર કરવા યોગ્ય એવો શ્રી સંઘ ‘ **પચવીસમો તીર્થંકર** ’ કહેવાય છે. તેવા શ્રી સંઘની ઉન્નતિ **વજ્રસ્વામીની** પેરે જે કોઇ મહાશયો કરે છે તે ખરેખરા ઉત્તમ પુરૂષોની કોટિમાં ગણાવા યોગ્ય છે. તેઓ ધન્ય-કૃતપૂન્ય છે એમ જાણવું.

પ્ર૦—આ દુનીયામાં કયા પાંચ સકાર દુર્લભ કહ્યા છે ?

ઉ૦—૧ ( ન્યાયોપાર્જિત ) સદ્દ્રવ્ય, ૨ સત્કુળમાં જન્મ, ૩ સિદ્ધક્ષેત્ર (શત્રુંજય તીર્થ) ની સેવા ભક્તિ, ૪ સમાધિ અને ૫ ચતુર્વિધ શ્રી સંઘનો મેળો–મેળાપ.

પ્ર૦—સીદાતા સાધર્મી જનોને સમયોચિત સહાય આપવા માટે કોણે કોનું લક્ષ કેવી રીતે ખેંચ્યું હતું ? તેનું શું પરિણામ આવ્યું હતું ?

ઉ૦–શ્રીમાન્ **હેમચંદ્રસૂરિજીએ કુમારપાળ ભૂપાળનું** લક્ષ આવી રીતે ખેંચ્યું હતું. " એકદા શ્રી હેમસૂરિજી **શાકંભરીમાં** પધાર્યા હતા. ત્યાં નિર્ધન શ્રેષ્ટી ધનાકે પોતાને પહેરવા–ઓઢવા માટે ભાર્યાએ કાંતેલા જાડા સૂત્રથી બનાવેલું વેજું વહોરાવ્યું. પાટણ શહેરમાં પ્રવેશ કરતી વખતે શ્રી કુમારપાળ પ્રમુખ ૭૨ નૃપો અને શ્રેષ્ટી છાડા કુબેરદત્તાદિક ૧૮ હજાર વ્યવહારિયા સ્વ સ્વઋદ્ધિસહિત સન્મુખ આવ્યા ત્યારે એજ ગજીનો કપડો ગુરૂમહારાજે ઓઢયો. તે જોઇ રાજાએ કહ્યું કે આપ સાહેબ મારા ગુરૂ છો, આવો જાડો ખાદીનો કપડો આપે ઓઢેલો છે તેથી અમને લાજ આવે છે. ગુરૂમહારાજાએ ઉત્તરમાં જણાવ્યું કે ત્હારા રાજ્યમાં ત્હારા સાધર્મી ભાઇઓ આવા નિર્ધન છે, તેઓ મહા મુશીબતે પોતાનો નિર્વાહ કરી શકે છે; તે બાબત તમને લજ્જા કેમ આવતી નથી ? અમને તો સામાન્ય વેષ ધારણ કરતાં પણ ગુરૂતાજ છે, કેમકે એમ કરવાથી તો શ્રી સર્વજ્ઞ કથિત આચારનું પાલન થાય કહ્યું છે કે–

" સર્વસંગ–પરિચય તજી જીર્ણ (પ્રાય) વસ્ત્ર ધારી મળ

(મેલ) વડે મલીન ગાત્રયુક્ત, મધુકરી વૃત્તિને ભજતો (આત્મા) સાધુ–ચર્યાને ક્યારે સેવશે ? આ પ્રકારનાં અવસર ઉચિત હિત વચનને શ્રવણ કરવાથી શ્રી કુમારપાળ ભૂપાળને શ્રી સંઘ ઉપર પ્રેમ વધ્યો અને તેથી તેણે કોઈ પણ સીદાતા સાધર્મી ભાઈનો ઉદ્ધાર કરવા એક હજાર સોનામહોરો મારે અર્પવી એવો અભિગ્રહ ધારણ કર્યો. તે એવી રીતે એક વર્ષમાં સાધર્મી જનોને તે એક ક્રોડ સોનામહોરો આપતો, એમ ૧૪ વર્ષોમાં તેણે ૧૪ ક્રોડ સોનામહોરો સાધર્મી જનોને આપી. નિઃસ્પૃહ મહાત્માઓના સમયોચિત સદુપદેશથી આવો અદ્ભૂત લાભ થાય છે ! !

વળી શ્રી **વસ્તુપાળ મંત્રીશ્વર** દરેક વર્ષમાં ત્રણ વાર શ્રી સંઘને અત્યંત આદરપૂર્વક નિમંત્રી વિવિધ વસ્ત્ર અલંકારાદિવડે પોતાની સર્વ શક્તિથી શ્રી સંઘની પૂજા ભક્તિ કરતા હતા. અને પૂર્વે 'અનુકંપાદાનના અધિકારે' કહેવામાં આવ્યું છે તેમ જગડુશાહ પ્રમુખ અનેક ઉદારાશય સજ્જન શ્રેષ્ઠી જનોએ સ્વ સાધર્મી ભાઈઓનો બહુ પેરે ઉદ્ધાર કર્યો છે. તે વાત વિસરી જવી જોઇતી નથી.

પ્ર૦—શ્રી સંઘના ચરણની રજ પણ પવિત્ર ગણી છે, તે શી રીતે ?

ઉ૦—ચતુર્વિધ શ્રી સંઘને પવિત્ર જંગમ તીર્થરૂપજ કહેલો છે. જ્યારે શત્રુંજયાદિક સ્થાવર તીર્થની રજ પ્રમુખ પવિત્ર કહેલી છે તો શ્રી તીર્થંકર ભગવાનની પવિત્ર આજ્ઞાને શીર્ષ ઉપર વહન કરનાર આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક

અને શ્રાવિકારૂપ શ્રી સંઘની ચરણરજ પવિત્ર હોય એમાં તો કહેવુંજ શું ? આવો શ્રી સંઘ વળી શત્રુંજયાદિક તીર્થ પ્રત્યે યાત્રાર્થે ગમન કરતો હોય ત્યારે તો ઉજ્વળ શંખમાં દુધ ભર્યું અથવા સુવર્ણ સાથે રત્ન જડયું જાણવું. એ તો વિશેષે સત્કારપાત્ર છે. કહ્યું છે કે " શ્રી તીર્થ પ્રત્યે જતા યાત્રિકોના ચરણની રજવડે ભવ્ય જનો પાપ કર્મરહિત નિર્મળ થાય છે, તીર્થો વિષે પરિભ્રમણ કરવાથી ભવમાં ભ્રમણ કરવું પડતું નથી ભવ ભ્રમણની ભીતિ દૂર થાય છે. તીર્થભૂમિમાં દ્રવ્ય ખરચવાથી લક્ષ્મી સ્થિર થાય છે અને ત્ય તીર્થપતિ શ્રી જિનેશ્વર ભગવંતની અર્ચા–પૂજા કરવાથી ભવ્યજનો જગત્પૂજ્ય થાય છે."

પ્ર૦–સાધર્મી વાત્સલ્ય વર્તમાન સમયે કેવા દૃષ્ટાંતથી કરવું જોઇએ ?

ઉ૦–જેમ સુરગિરિમાં રહેતા સા૦ જગસિંહે ૩૬૦ સાધર્મી જનોને પોતાની રાશિમાં વ્યાપાર કરાવવાવડે તેમને પોતાની જેવા મહા શ્રેષ્ઠી બનાવ્યા હતા તેમ વર્તમાન સમયે સાધર્મી વાત્સલ્ય કરી બતાવવું જોઇએ. અને પૂર્વે થઇ ગયેલા અનેક ઉદારાશય, શ્રેષ્ઠ જાવડ, મંત્રી ઉદયન. બાહડદે, પેથડ, ઝાંઝણદે, જગડુશા તેમજ ભીમાશાહ પ્રમુખનાં દૃષ્ટાંતો ગ્રહી ભાગ્યવંત જનોએ અત્યારે સમયોચિત સાધર્મી વાત્સલ્યવડે સ્વજન્મ સફળ કરી લેવો જોઇએ. કેવળ ગતાનુગતિકતા હવે તજી દેવી જોઇએ. વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવને લક્ષમાં રાખી ખાસ પોષણ કરવા યોગ્ય સીદાતા ક્ષેત્રનું પોષણ કરનારા સમયજ્ઞ સજ્જનોજ પ્રશંસાપાત્ર છે.

પ્ર૦–મહા શ્રાવક કોણ કહેવાય ? તેનાં કેવાં લક્ષણ કહ્યાં છે ?

ઉ૦-"શ્રાવક યોગ્ય દ્વાદશ વ્રતોનું વિધિવત્ પાલન કરે, પ્રસિદ્ધ સાત ક્ષેત્રોમાં સ્વધન વાવે અને અતિ દીન દુ:ખીજનો ઉપર ખાસ કરીને અનુકંપા રાખે, તેમાં પણ સીદાતા સાધર્મી જનોનો હરેક રીતે ઉદ્ધાર કરે તે **મહાશ્રાવક** કહેવાય છે." એ રીતે શ્રી હેમચંદ્ર સૂરિજીએ '**યોગશાસ્ત્ર**' માં પ્રકાશેલું છે.

પ્ર૦-શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા કરવાથી શો લાભ થાય છે?

ઉ૦-શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા-સેવા કરવાથી ચિન્તામણિ રત્નનીપેરે સર્વવાંછિત પૂર્ણ થાય છે, જગત્માં પરમ પૂજ્ય-ભાવને પામે છે, ધનધાન્યાદિક ઋદ્ધિ અને કુટુંબ પરિવાર, માન, મહત્વ, પ્રતિષ્ઠાદિકની વૃદ્ધિ પામે છે; તેમજ વળી તેથી જય, અભ્યુદય, રોગોપશાન્તિ, સન્તાન પ્રમુખ મનોભીષ્ટ અર્થની સિદ્ધિ થઇ શકે છે, માટે ભાગ્યવંત ભાઈ બ્હેનોએ પ્રમાદ દોષ દૂર કરીને ત્રિકાળ પ્રભુપૂજા-ભક્તિ યથાવિધ કરવા તત્પર રહેવું યુક્ત છે.

પ્ર૦—**પ્રભાવના** કોને કહીએ ? અને પ્રભાવનાથી કેવા લાભ થઈ શકે ?

ઉ૦—અઠ્ઠાઇ મહોત્સવ, સ્નાત્ર ઉત્સવ, શ્રી પર્યુષણા કલ્પ-ચરિત્ર પુસ્તકનું વાંચવું, તથા સીદાતા સાધર્મી જનોને પુષ્ટ આલંબન આપી તેમનો ઉદ્ધાર કરવો એ વિગેરે જેથી શ્રી જિનશાસનની ઉન્નતિ થાય તે સર્વ **પ્રભાવનાજ** જાણવી. ભાવના કરતાં પ્રભાવના અધિક છે કેમકે ભાવના તો કેવળ પોતાનેજ લાભકારી થાય છે. ત્યારે **પ્રભાવના** તે સ્વપર ઉભયને લાભકારી થાય છે.

પ્ર૦-શ્રી જિનમંદિરે દર્શનાર્થે જતાં અનુક્રમે કેટલું ફળ મળે છે?

ઉ૦—શ્રી જિનમંદિરે જવા મન કરતાં એક ઉપવાસનું ફળ, જવા ઉઠતાં બે ઉપવાસનું, જવાનો પ્રારંભ કરતાં ત્રણ ઉપવાસનું, માર્ગે ગમન કરતાં ચાર ઉપવાસનું, માર્ગમાં થોડુંક ગયે છતે પાંચ ઉપવાસનું, અર્ધ પંથે આવ્યે છતે

૧૫ ઉપવાસનું, જિનભવન સાક્ષાત્ નજરે દીઠે એક માસ ઉપવાસનું, જિનભવને આવી પહોંચતાં છ માસ ઉપવાસનું અને જિનમંદિરમાં દાખલ થયે છતે એક વર્ષ ઉપવાસનું ફળ ભાગ્યશાળી આત્માં મેળવે છે. વળી શ્રી જિનાલયમાં આવી જયણાપૂર્વક **પ્રમાર્જન** ( ભૂમિશુદ્ધિ ) કરતાં અથવા પ્રભુપ્રાતમાના અંગે જરૂર પૂરતી શુદ્ધિ કરતાં ૧૦૦ વર્ષ ઉપવાસનું ફળ, શીતલ ભાવનાચંદનાદિકવડે પ્રભુના અંગે **વિલેપન** કરતાં ૧૦૦૦ વર્ષ ઉપવાસનું ફળ, સરસ સુગંધી અને તાજા પુષ્પોની **માળા** પ્રભુના કંઠે આરોપતાં લાખ વર્ષ ઉપવાસનું ફળ અને પ્રભુ સાથે તાન મેળવી **ગીતવાજિત્ર** ( સંગીત ) કરતાં અનંત ઉપવાસજન્ય ફળ મળે છે. તેમજ પૂજા કોટિ સમાન ફળ સ્તોત્ર કહેવાથી, સ્તોત્ર કોટિ સમાન ફળ જપ કરવાથી, જપ કોટિ સમાન ફળ ધ્યાન કરવાથી અને ધ્યાન કોટિ સમાન ફળ સમાધિયોગથી પ્રાપ્ત થઇ શકે છે. દ્રવ્યસ્તવને આરાધી ઉત્કૃષ્ટપણે અચ્યુત ( બારમા ) દેવલોકે જઇ શકાય છે ત્યારે ભાવસ્તવવડે અંતર્મુહૂર્તમાં નિર્વાણપદ મળી શકે છે.

પ્ર૦—દ્રવ્ય અને ભાવ સ્તવરૂપ ધર્મ આરાધન કરવાની શી મર્યાદા કહી છે ?

ઉ૦—શાસ્ત્રમાં અધિકારી પરત્વે ( યોગ્યતા પ્રમાણે ) ધર્મ સાધવાની મર્યાદા બતાવી છે. એટલે કે ગૃહસ્થોને દ્રવ્ય સ્તવના અધિકારી કહ્યા છે, ત્યારે મુનિ જનોને ભાવ સ્તવના અધિકારી જણાવ્યા છે.

પ્ર૦–પ્રભુની પાસે નાચ કરતાં શો લાભ થાય અને કોની પેરે ?

ઉ૦—અદ્ભૂત ભાવથી પ્રભુ પાસે નાચ કરતાં **રાવણની** પેરે તીર્થંકર નામકર્મ ઉપાર્જી શકાય. શ્રી અષ્ટાપદ પર્વત ઉપર શ્રી ભરતેશ્વરકારિત ચૈત્યમાં શ્રી ઋષભાદિક ચોવીસે ભગવાનની

મહા પૂજા રચીને રાવણ, અને મન્દોદરી પ્રમુખ ૧૬૦૦૦ અંતેઉરી સંગાતે નૃત્ય કરતો હતો તેવામાં સ્વવીણાતંત્રી તુટી ગઇ. ત્યારે જિનેશ્વર પ્રભુના ગુણ ગાનમાં લાગેલા રંગનો ભંગ થવાના ભયથી રાવણે પોતાની નસ ખેંચીને તેને સાંધી દીધી. એ રીતે અખંડ પ્રભુભક્તિવડે તેણે તીર્થંકર નામકર્મ ઉપાર્જી લીધું. તે આગળ ઉપર મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થશે. એમ સમજીને સહૃદય ભાઇ બ્હેનોએ વિવિધ પ્રકારે પ્રભુપૂજા–ભક્તિમાં પ્રયત્નશીલ થવું.

પ્ર૦—સામાન્ય રીતે જિનપૂજા કેટલા પ્રકારની છે અન તેનો કેવો પ્રભાવ છે?

ઉ૦—સામાન્ય રીતે જિનપૂજા ત્રણ પ્રકારની છે. ૧ અંગ પૂજા, ૨ અગ્ર પૂજા અને ૩ ભાવ પૂજા. (વિશેષ પ્રકારે તો તે દરેક પૂજાના અનેક ભેદો હોઇ શકે છે.) તેમાં પહેલી વિઘ્નોપશામિની (વિઘ્નને દૂર કરી નાંખનારી), બીજી અભ્યુદય (લક્ષ્મી, લીલા, માન પ્રતિષ્ઠાદિ મહત્ત્વ તેમજ ઉચ્ચ ગતિ)ને આપનારી તથા ત્રીજી અક્ષય અવ્યાબાધ શાશ્વત શિવપદને સમર્પનારી છે એમ જાણવું.

પ્ર૦—વિશેષ રીતે શાસ્ત્રમાં કયા કયા પ્રકારે પૂજા કહેલી છે?

ઉ૦—પંચ પ્રકારી, અષ્ટ પ્રકારી, સત્તર પ્રકારી, એકવીશ પ્રકારી, ૧૦૮ પ્રકારી, યાવત્ સર્વ પ્રકારી પ્રભુ પૂજા વિવિધ પ્રભાવવાળી શાસ્ત્રમાં વર્ણવી છે. અને તે સર્વ આશંસા રહિતપણે કરનારા ભવ્ય જનો વિશ્વવંદ્ય થાય છે. તે દરેકનો હેતુ સહિત અધિકાર પૂજાસંગ્રહાદિકથી ગુરૂગમ્ય જાણી લેવો.

પ્ર૦—કુમારપાળ રાજાએ પૂર્વ ભવમાં શું સુકૃત કર્યું હતું?

ઉ૦—તેણે પૂર્વ ભવમાં પોતાની મૂડી–પાંચ કોડીથી ચંપાનાં ૧૮ ફૂલ લહી તે પુષ્પવડે શ્રી વીતરાગ પ્રભુને પૂજ્યા હતા,

તે પુન્યના પ્રભાવથી તે ૧૮ દેશના મહારાજા થયા.

પ્ર૦—જિનભવનમાં નિસ્સિહી પૂર્વક પ્રવેશ કરી પ્રદક્ષિણાદિક દેવાથી શું ફળ થાય છે?

ઉ૦—પ્રદક્ષિણા જયણાપૂર્વક કરતાં ૧૦૦ ઉપવાસનું ફળ, પ્રભુનાં પ્રગટ દર્શન કરતાં ૧૦૦૦ ઉપવાસનું ફળ અને પરમ પ્રમોદપૂર્વક પ્રભુને વંદન કરતાં તો અનંત પુન્ય ઉપાર્જી શકાય છે. તેથી જિનદર્શનાદિક યથાવિધ કરવાં જોઇએ.

પ્ર૦—શ્રાવકોનો મુખ્ય શૃંગાર કયો કહ્યો છે?

ઉ૦—શ્રી જિનપૂજા, વિવેક, સત્ય, શૌચ અને સુપાત્રદાન એજ શ્રાવકપણાનો ખરો પ્રભાવિક શૃંગાર જાણવો.

પ્ર૦-ધર્મનું સંક્ષિપ્ત લક્ષણ શું છે? અને તેનો કેવો પ્રભાવ છે?

ઉ૦—અહિંસા, સંયમ અને તપ લક્ષણવાળો ધર્મ દુનિયામાં ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. તેમાં જેનું ચિત્ત સદાય રમ્યા કરે છે તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે તો પછી બીજાઓનું તો કહેવુંજ શું? ધર્મના પ્રભાવથી ધમ્મિલાદિકની પેરે ઇચ્છિત સુખસંપદા સહેજે સંપ્રાપ્ત થાય છે.

પ્ર૦—અહિંસા, સંયમ અને તપનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવો.

ઉ૦-વિષય કષાયાદિક પ્રમાદને વશ થઈ મન, વચન, કે કાયાથી થતા પ્રાણઘાતથી વિરમવું અને સહુ જીવ ઉપર સમાન ભાવ રાખી આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણોની રક્ષા કરવી તે **અહિંસા**. પાંચે ઇંદ્રિયોને દમવી, ચારે કષાયો જીતવા, હિંસાદિક પાંચે અવ્રતો તજવાં અને મન, વચન, કાયાની શુદ્ધિ કરવી તે **સંયમ** અને જ્વલંત અગ્નિવડે જેમ સદોષ સુવર્ણ શુદ્ધ થઇ શકે છે તેમ ઇચ્છાનિરોધપૂર્વક સમતાસહિત જે બાહ્ય અભ્યંતર અનુષ્ઠાનવડે મલીન આત્માને નિર્મળ કરવામાં આવે તે **તપ**. ઇતિ શમ્.

# विविध प्रश्नोत्तरो.
## ( वीशेषावश्यकमांथी )

પ્રશ્ન—દૃષ્ટિવાદ ( સમસ્ત શાસ્ત્રના અવતારરૂપ પૂર્વ જ્ઞાન ) ભણુવાનો સ્ત્રીઓ સાધ્વીઓને શા માટે નિષેધ કરેલો છે ?

ઉત્તર—તુચ્છાદિક સ્વભાવ હોવાથી સ્ત્રી જો દૃષ્ટિવાદ ભણે તો તે ગર્વવડે પુરૂષનો પરાભવ કરવા પ્રવર્તીને દુર્ગતિપાત્ર બને તેથી પરમ કૃપાળુ પરોપકારશીલ પરમાત્માએ તેને પૂર્વ ભણુવાની આજ્ઞા આપી નથી પરંતુ તેમના પણુ હિતની ખાતર એકાદશ અંગાદિકની રચના કરવામાં આવે છે.

પ્રશ્ન—બુદ્ધિના જે આઠ ગુણોવડે શ્રુતજ્ઞાન ગ્રહણુ કરાય તે ગુણોનું કંઇક સ્વરૂપ સમજાવો !

ઉત્તર—૧. સુશ્રૂષા–વિનયયુક્ત થઇ ગુરૂમુખથકી સાંભળવાની ઇચ્છા.

૨. પ્રતિપૃચ્છા—ફરી પૂછીને ભણેલું શાસ્ત્ર નિઃશંકિત–શંકા વગરનું કરવું.

૩. અર્થશ્રવણુ—૪. અર્થગ્રહણુ—ભણેલા શાસ્ત્રને અર્થથી સાંભળવું અને તેનો અર્થ ધારી લેવો.

૫. ઈહા—પર્યાલોચના–અર્થ ધારી વિચારવું કે એ બરાબર છે કે નહિ ? એમ સ્વબુદ્ધિબળથી સાંભળેલા–ગ્રહણુ કરેલા અર્થનો નિશ્ચય કરવા વિચારણા કરવી.

૬. અપોહ—ગુરૂ મહારાજે ફરમાવ્યું તે યથાર્થ–પ્રમાણુ છે એમ નિશ્ચયનિર્ધાર કરવો.

૭. ધારણા—નિશ્ચિત કરેલા અર્થને સદાય ચિત્તમાં ધારણ

કરવો–વિસરી જવા ન દેવો.

૮. અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાનને સમ્યગ્ રીતે આચરવું–પ્રમાદશીલ ન થાવું. એમ કરવાથી આપણાં અંતરાય તૂટે છે અને ગુરૂ મહારાજ પોતાના પ્રયત્નની સફળતા જોઈ પ્રસન્ન થાય છે એથી એ પણ શ્રુતપ્રાપ્તિનો અચ્છો ઉપાય છે. અથવા,

૧. **સુશ્રૂષા**—ગુરૂમહારાજ જે કંઇ હિતકાર્ય કરવા ફરમાવે તે સર્વ અનુગ્રહરૂપ માનીને સારી રીતે–સાવધાનતા પૂર્વક સાંભળવા ઇચ્છા.

૨. **પ્રતિપૃચ્છા**—પ્રથમ અમુક કાર્ય કરવા આજ્ઞા પામ્યા છતાં તે કાર્ય કરતી વખતે ગુરૂ મહારાજને તત્સંબંધી ફરી પૃચ્છા કરવી, અને તેમની ફરમાશ મુજબ પૂરતું લક્ષ રાખીને કાર્ય કરવું.

૩. **શ્રવણ**—એવી રીતે આરાધિત ગુરૂ સમીપે સૂત્ર અથવા તે સૂત્રના અર્થનું સમ્યગ્ શ્રવણ કરવું. બાકીનું બધું પૂર્વની પેરે જાણવું.

પ્રશ્ન—ગુરૂ મહારાજ કેવા પ્રકારે વ્યાખ્યાન કરે તેની મર્યાદા બતાવો !

ઉત્તર—પ્રથમ તો ગુરૂ મહારાજ શિષ્યવર્ગ પ્રત્યે સૂત્રનો અર્થ માત્ર સમજાવે. પછી બીજીવાર સૂત્રસ્પર્શક નિર્યુક્તિમિશ્ર અર્થની સમજણ આપે અને છેવટે નિરવશેષ એટલે સંપૂર્ણ અર્થ બતાવે એ સૂત્ર–અનુયોગ વિષયે શાસ્ત્રમાં મર્યાદા દર્શાવેલી છે.

પ્રશ્ન—કર્મનું અનાદિપણું શી રીતે સિદ્ધ થઈ શકે છે ?

ઉત્તર—દેહ અને કર્મનો બીજાંકુરની પેરે પરસ્પર હેતુ હેતુ-

મદ્દભાવ હોવાથી જેમ બીજવડે અંકુર પેદા થાય છે, અને અંકુરથકી ક્રમે કરીને બીજ પેદા થાય છે તેમ દેહવડે કર્મ ઉપજે છે અને કર્મવડે દેહ નીપજે છે. એવી રીતે પુનઃ પુનઃ પરસ્પર અનાદિકાળનો હેતુ હેતુમદ્દભાવ રહેલો હોવાથીજ સંભવે છે. જેમને અન્યોન્ય હેતુ હેતુમદ્દભાવ સંબંધ રહેલો હોય છે તેઓ બીજ-અંકુર તેમજ પિતા-પુત્રાદિકની પેરે અનાદિજ હોવા ઘટે છે. તેવી રીતેજ દેહ કર્મનો સંબંધ છે માટે તે પણ અનાદિજ છે. (ઇતિ વિશેષાવશ્યકે પૃ૦ ૭૦૦).

પ્રશ્ન—કર્મને બદલે દેહાદિક નિર્માણ કરનાર (કર્તા) તરીકે અકર્મા-કર્મરહિત ઈશ્વરનેજ માનવામાં શો દોષ આવે છે?

ઉત્તર—કર્મરહિત એવો ઇશ્વર ઉપકરણના અભાવે દંડાદિક ઉપકરણ રહિત કુંભારની પેરે શરીરાદિક કાર્યનું નિર્માણ કરી શકે નહિ. વળી કર્મ વગર શરીરાદિકનું નિર્માણ કરવામાં જીવાદિકને બીજું કંઇ ઉપકરણ સંભવતું નથી. કેમકે ગર્ભાદિક અવસ્થામાં અન્ય ઉપકરણનો અસંભવ છે અને કર્મરહિતને શુક્ર, શોણિત ( વીર્ય, રૂધિર ) પ્રમુખનું ગ્રહણ કરવું પણ અયુક્ત છે. અથવા બીજી રીતે પ્રયોગ કરી શકાય છે. કર્મરહિત ઇશ્વરાદિક આત્મા આકાશની પેરે નિશ્ચેષ્ટ હોવાથી, અમૂર્ત હોવાથી, અશરીરી હોવાથી, નિષ્ક્રિય હોવાથી, તેમજ સર્વગત એટલે સર્વવ્યાપી હોવાથી તથા એક પરમાણુની પેરે એકલો હોવાથી શરીરાદિકનું નિર્માણ કરે જ નહિ-કરી શકે જ નહિ. જો કદાચ કહેવામાં આવે કે શરીરધારી ઇશ્વર જ બધાય દેહાદિક કાર્યોનું નિર્માણ કરે છે તો પછી ઇશ્વર સંબંધી દેહ-

નું નિર્માણ થવામાં પણ એવોજ પ્રશ્ન સમુપસ્થિત થાય છે. તે એવી રીતે કે કર્મરહિત ઇશ્વર નિજ શરીરનું નિર્માણ કરી શકે નહિ. કેમકે તે દંડાદિકરહિત કુલાલની પેરે ઉપકરણ રહિત છે. જો કોઇ બીજો ઇશ્વર તેના શરીરનું નિર્માણ કરી આપતો હોય તો તે પણ શરીરધારી કે શરીર રહિત ? જો તે શરીર રહિતજ હોય તો તે ઉપર કહ્યા મુજબ ઉપકરણ રહિત હોવાથી શરીરનું નિર્માણ કરી શકેજ નહિ. અને જો તે શરીરવાન્ હોય તો તેના શરીરનું નિર્માણ કરવામાં પણ તે જ દોષ આવે છે. એટલે તે પણ કર્મરહિત હોઇને ઉપકરણ રહિત પોતાના શરીરનું નિર્માણ કરી શકતો નથી. અને જો તેનું શરીર બીજો શરીરધારી બનાવી આપે તો પછી તે બીજાનું શરીર પણ બીજો બનાવે અને તેનું પણ બીજો બનાવે એમ કરતાં તો **અનવસ્થાદોષ** આવે છે. એ સર્વ અનિષ્ટ છે. તેથી ઇશ્વર દેહાદિકનો કર્તા ઠરતો નથી; પરંતુ કર્મ સહિત જીવજ સ્વદેહાદિક કાર્ય કલાપનો કર્તા સિદ્ધ થાય છે. કર્મરહિત–કૃતકૃત્ય ઇશ્વર પ્રયોજન રહિત પણ દેહાદિકનું નિર્માણ કરતો હોય તો તે ઉન્મત્તતુલ્ય જ ગણાય અને જો સપ્રયોજન તેનું નિર્માણ કરવા જાય તો અનીશ્વરત્વ પ્રસંગ પ્રાપ્ત થાય છે. કેમકે અનાદિ શુદ્ધ હોય તેને દેહાદિક કાર્ય કરવાની ઇચ્છાજ હોવી ઘટે નહિ. કારણ કે તેવી ઇચ્છાજ રાગ વિકલ્પરૂપ છે, ઇત્યાદિ અત્ર બહુ વક્તવ્ય છે. વિશેષ અધિકાર ગ્રંથાંતરોથકી જાણી લેવો. અને મધ્યસ્થપણે વિચાર કરી સત્ય સબળ પક્ષનો સ્વીકાર કરી લેવો. ઇતિ વિશેષાવશ્યક પૃ. ૭૦૧.

પ્રશ્ન—સંસારથીજ સર્વ કોઇ ભવ્યાત્મા મુક્ત થઇ સિદ્ધ થાય છે તો તે સર્વ સિદ્ધોની આદિ હોવાથી કોઇ પણ આદિ સિદ્ધ હોવો જોઇએ કે કેમ?

ઉત્તર—જેમ સઘળાં શરીર અને સઘળાં અહોરાત્ર આદિ-વાળાં છે પણ કાળની અનાદિતાથી આદ્ય શરીર કે આદ્ય અહોરાત્ર જાણી શકાતાં નથી તેમ કાળની અનાદિતાથી કોઇ એક આદ્ય સિદ્ધ પણ જાણી-માની શકાય નહિ.

પ્રશ્ન—૪૫ લાખ યોજનપ્રમાણ પરિમિત સિદ્ધિક્ષેત્ર છે તો તેમાં અનાદિ કાળથી થતા અનંતા સિદ્ધો શી રીતે સમાઈ શકે?

ઉત્તર—અમૂર્ત-અશરીરી હોવાથી પરિમિત ક્ષેત્રમાં પણ અનંતા સિદ્ધો સમાઇ રહે છે. જેમ પ્રત્યેક દ્રવ્યને સઘળા સિદ્ધ ભગવંતોનાં અનંતાં જ્ઞાન અને અનંતાં દર્શન વિષય કરે છે. અથવા એકજ નર્તકી ઉપર હજારો દૃષ્ટિયો પડે છે તથા પરિમિત ક્ષેત્રવાળા ઓરડા પ્રમુખમાં અનેક દીવાઓની પ્રભા સમાઇ જાય છે, તેમ અહીં પરિમિત ક્ષેત્રમાં અનંતા સિદ્ધો કેમ સમાઈ ન શકે? અપિતુ સુખે સમાઇ શકેજ. જ્યારે મૂર્ત એવી બહુ દીપકની પ્રભાઓ પરિમિત ક્ષેત્રમાં સમાઇ શકે તો પછી અમૂર્ત-અશરીરી સિદ્ધ પરમાત્માઓનું કહેવુંજ શું?

પ્રશ્ન—જો દેવતાઓ છે, તો તેઓ અત્ર મનુષ્યલોકમાં આવવા શક્તિવંત છતાં કેમ આવતા જણાતા નથી?

ઉત્તર—દેવતાઓ, દેવાંગનાદિક સંબંધી દિવ્ય પ્રેમમાં લીન

હોવાથી, અત્યંત રૂપ લાવણ્યાદિક ગુણવાળી કામિનીમાં આસક્ત થઈ રમણિક સ્થાનમાં રહેલા પુરૂષની પેરે વિષય સુખમાં અત્યંત આસક્ત થએલા હોવાથી, તથા બહુ અગત્યનાં કાર્ય કરવા નિયોજાયેલા વિનીત પુરૂષની પેરે પોતાનું કાર્ય હજુ પૂરૂં થએલું નહિ હોવાથી, તથા તેમને મનુષ્યોનાં કાર્ય સાથે એવો સંબંધ નહિ હોવાથી, અણઇચ્છિત ગૃહાદિકમાં જેમ નિરાગી–નિઃસ્પૃહી મુનિઓ જતા નથી તેમ તેઓ આ મનુષ્ય લોકમાં પ્રાયઃ આવતા નથી. તેમજ આ મનુષ્યલોકની દુર્ગંધ સહન નહિ કરી શકવાથી પણ દેવતાઓ પ્રાયઃ અત્ર આવતા નથી. પૃ. ૭૮૨–૮૩

પ્રશ્ન—જો એમજ છે તો દેવતાઓ અત્ર શા પ્રયોજને આવી શકે છે?

ઉત્તર—શ્રી જિનેશ્વર ભગવાનના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ મહોત્સવ પ્રસંગે પોતાનું હિત–કર્તવ્ય માની દેવતાઓ અત્ર આવે છે. તેમાં કેટલાક ઇંદ્રાદિક દેવો પોતાના ભક્તિ ભાવથી સ્વતઃ આવે છે, કેટલાક તેમની અનુવૃત્તિ–આજ્ઞા –વશવર્તીપણાથી આવે છે, કેટલાક પોતાના સંશયનું નિરાકરણ કરવા આવે છે, ત્યારે કેટલાક પૂર્વભવ સંબંધી પુત્ર, મિત્રાદિકના અનુરાગથી અત્ર આવે છે. વળી પૂર્વે પ્રતિબોધાદિક નિમિત્તે સંકેત–નિશ્ચય કરેલો હોય તેથી કેટલાક દેવો અત્ર આવે છે, કેટલાક વળી મહા પરાક્રમવંત સાધુ પ્રમુખ સાત્વિક પુરૂષોના તપોગુણથી આકર્ષાઇને અત્ર આવે છે, ત્યારે કેટલાક દેવતાઓ પૂર્વલા વૈરિ મનુષ્યોને પીડવા માટે પણ આવે છે. બીજા કેટલાક દેવતાઓ પૂર્વલા મિત્ર, પુત્રાદિક ઉપર અનુગ્રહ

કરવા આવે છે, કેટલાએક વળી કામ કદર્થનાદિક કારણે પણ આવે છે તેમજ કોઇ ઉત્તમ સાધુ પ્રમુખ સાત્વિક જનોની પરીક્ષા નિમિત્તે પણ આવે છે. એવી રીતે દેવતાઓનું અત્ર આગમન કારણ પણ જણાવ્યું છે.

પ્રશ્ન—સુખ દુઃખના પ્રગટ કારણરૂપ અન્ન, સ્ત્રી, ચંદન, સર્પ, વિષ અને કંટકાદિક છતાં શામાટે તેના કારણરૂપે કર્મની કલ્પના કરવી જોઇએ ? એથી **અતિપ્રસંગ** દોષ આવશે.

ઉત્તર—તુલ્ય એવાં પણ અન્નાદિક ખાધાં છતાં કોઇકને તો આહ્લાદ અને કોઇકને રોગાદિક પેદા થાય છે. તેવી રીતે જુદાં જુદાં ફળ થવામાં અવશ્ય હેતુ હોવો જોઇએ. જો હેતુ વગરજ ભિન્ન ભિન્ન ફળ થાય તો તે સદાય થવું જોઇએ અથવા તે કદાપિ પણ ન થવું જોઇએ. માટે ભિન્ન ફળ થવામાં જે હેતુ-કારણ રહેલ છે તે અદૃષ્ટ-કર્મજ જાણવું. એથી સુખ દુઃખના કારણરૂપ કર્મનું કથન કલ્પના માત્ર નથી. પરંતુ તે પરમાર્થથી સાચુંજ છે. પૃ૦ ૭૯૭.

---

## जीवदया–अनुकंपा दान.

(ઉપદેશ તરંગિણ્યામ્)

"જીવદયા ગુણ વેલડી, રોપી રિસહ જિણંદ;
શ્રાવક કુલમંડપ ચઢી, સીંચી કુમરનરિંદ."

જીવદયા રૂપી ગુણની વેલડી યુગાદિ ભગવાને આ ભરત-ક્ષેત્રમાં રોપી, તેને ત્યારબાદ થયેલા અનેક જૈન રાજા મહા-રાજાઓએ પોષણ આપ્યું. એટલે તે વધીને શ્રાવકના કુળરૂપી

માંડવા ઉપર ચઢી–આરૂઢ થઈ–છવાઇ રહી. તેને ફરી આ કલિ-કાળમાં થયેલા પરમાર્હત શ્રી **કુમારપાળ ભૂપાળે** અત્યંત સિંચીને દઢ રૂઢ કરી દીધી. તેમના પોતાના રાજ્યમાં ૧૧ લાખ અશ્વોને ગળેલું પાણી પાવામાં આવતું ઇત્યાદિક જીવદયાને લગતો ઘણો હેવાલ **કુમારપાળ પ્રબંધ, ચરિત્ર** તથા **રાસ** પ્રમુખમાંથી મળી આવે છે. અન્ન એ પ્રાણીઓના પ્રાણ, પ્રાણી-ઓનું ઓજસ્ અને સુખૌષધિ છે માટે અન્નદાન પ્રધાન છે. અન્ન, જળ અને સુભાષિત એ ત્રણ વાનાં પૃથ્વીમાં ખરાં (આવ-શ્યક) રત્ન છે. કેમકે એ પ્રાણીઓને સદ્ય તુષ્ટિ પુષ્ટિ સમર્પે છે. એ હોય તોજ બીજા બધાં વાનાં સોહાય છે, નહિ તો તે અળખામણાં થઇ પડે છે. એમ સમજી સુજ્ઞ જનોએ પ્રાણી-ઓને પુષ્ટ પ્રીતિકારી નિર્દોષ અન્નાદિ દાન ખંતથી આપવું ઘટે છે. લોકમાં કહેવાય છે કે 'રંગ ધાનિકિં પાનિ' એ સર્વ અન્નદાનનો મહિમાજ બતાવે છે. શ્રી **સંપ્રતિ** રાજાએ જૂદા જૂદા દેશોમાં ૭૦૦ દાનશાળાઓ દીન દુ:ખી જનોનો ઉદ્ધાર કરવા ચાલુ કરાવી હતી. જો કે મોક્ષફળદાયી દાનમાં પાત્રાપાત્રની વિચારણા કર્તવ્ય છે; પરંતુ ગમે તે દીન દુ:ખી જનો પ્રત્યે અનુકંપાદાનનો કયાંય નિષેધ કરવામાં આવેલો નથી. એટલુંજ નહિ પરંતુ દયાવડેજ કોઇ પણ પ્રાણી ધર્મનો અધિ-કારી થઇ શકે છે. દયા–અનુકંપા વગરની કરણી માત્ર નિષ્ફળ પ્રાય છે. ત્યારે દયાવડે સર્વ કરણી શોભામય અને સફળ થાય છે, એમ સમજી શ્રી જગડુશાહે ભારે દુષ્કાળમાં દુનિયામાં અનેક સ્થળોમાં દાનશાળાઓ સ્થાપી અનેક જનોનો ઉદ્ધાર કર્યો હતો. તેનો અધિકાર કંઇક સ્પષ્ટ રીતે સમજવા જેવો

હોવાથી નીચે લખ્યો છે. એકદા સમયે જગડુશાહ ભોજન કરવા બેઠા હતા, ત્યારે કોઇક વૃદ્ધ–સિદ્ધ પુરૂષ તેમના દ્વારે આવી ઉભો રહ્યો. મધ્યાન્હ સમય થયેલો હોવાથી તેને આદર-પૂર્વક બેસાડી શેઠે જમાડયો. ઘણું ભોજન અને પાણી આપ્યા છતાં તેને તૃપ્તિ થઇ નહિ ત્યારે આશ્ચર્ય પામી શેઠે તેને તેનું કારણ પૂછયું. એટલે તે સિદ્ધ પુરૂષે કહ્યું કે ‘ આજથી માંડી પાંચ વર્ષે નવાં ધાન્ય અને નવાં જળ નજરે પડશે. ’ એમ કહી તે અદૃશ્ય થઇ ગયો. એ વચન ઉપરથી પાંચ વર્ષનો દુકાળ પડવાનો જાણી શેઠે પોતાના નોકરો પાસે સર્વ શક્તિ-થી સર્વ દેશોમાં ધાન્યનો સંગ્રહ કરાવ્યો. અને દુકાળથી લો-કોનું રક્ષણ કરવા માટે જૂદે જૂદે સ્થળે ૧૧૨ દાનશાળાઓ સ્થાપી દીન જનોને યથેચ્છ દાન આપવા માંડયું. જગડુ શેઠની એવી કીર્તિ સાંભળી **વીસળદેવ** રાજાએ વિશ્વલ નગરમાં એક દાનશાળા માંડી, પણ તેમાં સંપત્તિના અભાવે ઘીને બદલે તેલ આપવા માંડયું, તેથી કોઈક ચારણે કહ્યું કે ‘ તું પરીસઇ ફાલિસિઉં, એઉ પરીસઇ ઘી ’ ( તું તેલ પીરસે છે અને જ-ગડુશેઠ તો ઘી પીરસે છે ! ) એ વચન સાંભળી મત્સર તજી તેણે જગડુશાહ પાસે પ્રણામ કરાવવો બંધ કર્યો. જગડુશાહ જ્યાં દાન દેવાની માંડવીમાં બેસી દ્રવ્ય દેતા હતા ત્યાં વચમાં એક પડદો બંધાવતા હતા. એવી મતલબથી કે જે કુલીન જનો લજ્જાવડે પ્રગટ દાન લઇ ન શકે ત પોતાનો હાથ પ-ડદામાં જગડુશા પાસે લંબાવે એટલે શેઠ સહુ સહુના ભાગ્ય પ્રમાણે ૧૦૦–૨૦૦ વિગેરે રકમ આપે. એક વખતે પોતાના ભાગ્યની પરીક્ષા કરવા વીસલદેવે પંડે વેષ પરાવર્તન કરીને

એકલા આવી પડદામાં પોતાનો જમણો હાથ ધર્યો એટલે તેના હાથની રેખાઓ અને લક્ષણોવડે તેને કોઇ ભાગ્યવંત રાજા છતાં કંઇક તેવાજ દુઃખમાં આવી પડેલો જાણી તેની જીંદગી પર્યંત સુખ થાય એટલા માટે શેઠે તેના હાથમાં પોતાની મણિમંડિત એક મુદ્રિકા (વીંટી) કાઢી મૂકી. તે લઇ ક્ષણવાર ખમી ફરી ડાબો હાથ તેણે લંબાવ્યો. તે જોઇ શેઠે તેમાં બીજી મુદ્રિકા મૂકી. તે બંને મુદ્રિકાઓ લઈ તે પોતાના આવાસમાં આવ્યો. બીજે દિવસે જગડુશાહને બોલાવી તે બંને મુદ્રિકા બતાવી કહ્યું કે 'શેઠ આ શું?' ત્યારે શેઠે કહ્યું કે 'સુખી જનોને સર્વત્ર સુખજ છે અને દુઃખીને દુઃખજ છે.' એમ સાંભળી શેઠનો સત્કાર કરી તેને બહુમાનપૂર્વક વિદાય કર્યા. એ રીતે અનુકંપાદાન ઉપર જગડુશાહનું દૃષ્ટાંત કહ્યું છે તે સાંભળી અધિક દયાર્દ્ર થવું.

વળી **ભીમસાધુએ** પણ દુઃખી વણીકોના ઘેર લજ્જાવંત (લાજવાળા)ના હિત માટે જેમાં ગુપ્ત રીતે સોના મહોરો નાંખવામાં આવેલી હતી એવાં મોદક મોકલી આપ્યા હતા, તેમજ **પાટણ** વિગેરે શહેરોમાં ઘણી દાનશાળાઓ કાઢી હતી. વળી તુરૂષ્કોએ ઘેરી લીધેલા સોરઠ દેશ વિગેરેના બધા બાળ વૃદ્ધ જનોને પોતાનું દ્રવ્ય આપીને છોડાવ્યા હતા, અને તેમને અન્ન વસ્ત્ર તથા દ્રવ્યાદિક દઇને સુખી કર્યા હતા.

એકાદા રહેવાડીએ ચઢેલા **ભોજરાજાએ** ચોટામાં ધાન્ય વીણતા **રાજશેખર કવિને** દેખી આ પ્રમાણે કહ્યું. 'જે પોતાનું ઉદર પૂરવાને પણ અસમર્થ છે તેમના જન્મનું પ્રયોજન શું છે?' અર્થાત્ તેમનું જીવિત નકામું છે. **ભોજનું** એવું વચન સાંભળી કવિ બોલ્યા કે 'શું સમર્થ છતાં પણ જે

પરોપકારી નથી તેમના જન્મનું પણ શું પ્રયોજન છે ?' અર્થાત્ તેમનું પણ જીવિત ફોક છે. તે સાંભળીને ફરી ભોજરાજાએ કહ્યું કે 'હે જનનિ ! ( પૃથ્વી–માતા ) તું એવા પુત્રને જન્મ આપીશ નહિ, કે જે અન્યની યાચના કરવામાંજ કુશળ હોય.' તે સાંભળી કવિ બોલ્યા કે 'હે માતા ! તું એવા પુત્રને પણ ઉદરમાં ધારીશ નહિ કે જે કરેલી પ્રાર્થનાનો ભંગ કરે.' મતલબ કે એવા નગુણા પરોપકાર દાક્ષિણ્યતાદિક ગુણથી હીન જનોનો જન્મ પણ નકામો છે, એમ તે કવિએ કહ્યે છતે દાન વીર એવા ભોજરાજાએ તે કવિને ૧૦૦ ગામ અને એક કરોડ સોનામહોરની બક્ષીસ કરી.

એ રીતે ભોજરાજા **અનુકંપાદાન** દેતો હતો. તથા **વિક્રમાદિત્ય** રાજાએ પણ સુવર્ણ પુરૂષના પસાયથી સુવર્ણ વર્ષાવી પૃથ્વીને અનૃણ કરી હતી, તેથી અદ્યાપિ પર્યંત તેનો **સંવત્સર** પ્રવર્તે છે. એકદા સમયે **લક્ષ્મીદેવી**એ પ્રસન્ન થઇ પ્રગટપણે વિક્રમ રાજાને **વરદાન** માગવા કહ્યું. ત્યારે તેણે લોકોની અનુકંપાથી 'માળવા દેશમાં કદાપિ દુકાળ ન પડે' એવું વરદાન માગ્યું, જે યાવત્ચંદ્રદિવાકરૌ એટલે કાયમને માટે દેવીએ કબૂલ રાખ્યું. અત્યારે પણ દુર્બળ લોકોને દુકાળમાં **માલવદેશજ** આધાર ગણાય છે.

વિક્રમાદિત્ય રાજાએ પોતાના કોશાધ્યક્ષ (ભંડારી) ને કાયમ માટે હુકમ કરી રાખ્યો હતો કે કોઇ પણ દુ:ખી માણસ નજરે પડે તેને હજાર સોનામહોર, જેની સાથે મારે સંભાષણ થાય તેને ૧૦ હજાર, જેના વચનથી હું હસું તેને એક લક્ષ, અને જેનાથી મને ઘણોજ સંતોષ થાય તેને ૧ કરોડ સોનામહોર આપી દેવી. દાનેશ્વરી વિક્રમરાજાની એ સ-

દાની સ્થિતિ હતી. અનુકંપાદાનનું કેટલું માહાત્મ્ય કહિયે? ટુંકાણમાં—

ઉત્કૃષ્ટ આરોગ્ય, નિષ્કંટક રાજ્ય ( અખંડ સામ્રાજ્ય ), પ્રગટ નિરૂપમ રૂપ–લાવણ્ય, અતિ ઉજ્વળ–યશ–કીર્ત્તિ, વળી ધન, યૌવન, દીર્ઘ આયુષ, અકુટિલ પરિવાર, અને આજ્ઞાવર્તી ઉદાર દીલના પુત્રો એ બધું આ ચરાચર જગત્‌માં દયાનુંજ ફળ સમજવું. દુનિમામાં જે કંઈ ભવ્ય, આશ્ચર્યકારી, આનંદકારી અથવા પ્રશંસાપાત્ર દેખાય છે તે સર્વ કૃપા–દેવીનોજ પ્રભાવ જાણવો. કહ્યું છે કે—

" कृपानद्यामहातीरे, सर्वे धर्मास्तृणाङ्कूराः ।
तस्यां शोषमुपेतायां, कियन्नंदंति ते चिरम् ॥ "

એટલે કૃપા નદીના વિશાળ કાંઠે સર્વે ધર્મો તૃણાંકૂર ( green veadure ) લીલા છમ ઘાસની પેરે વિલસી રહે છે પરંતુ તે કૃપાનદી જ્યારે સૂકાઇ જાય છે ત્યારે પછી તે ક્યાં સુધી ટકી શકે છે? તરતજ ત્યાં ઉગેલા ઘાસની પેરે ધર્મ પણ શોભા રહિત–સાર સત્વરહિત ફીકોફક્ક પડી જાય છે. એ તો જ્યાં સુધી દયાનો પ્રવાહ વહેતો હોય છે ત્યાં સુધીજ સર્વ શોભા–સાર–સત્વ–આનંદ અને સુખ સમાધિ સમર્પે છે. પછી તો તે કેવળ નામશેષજ રહે છે. અત્ર પ્રસંગે જે જે મહાપુરૂષોનાં ઉદાર ચરિત્ર કહેવાયાં છે તેમાંથી સાર માત્ર એ લેવાનો છે કે આપણ સહુએ આપણું હૃદય કોમળ લાગણીવાળું–દયાર્દ્ર કરી, કઠોરતા દૂર કરી, દીન દુઃખી જનોની વ્હારે ચઢી ' પરદુઃખ ભંજન ' બિરૂદ પ્રાપ્ત કરવું યોગ્ય છે.

ઇતિશમ્.

સમાપ્ત.

# શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ. | લાઈન. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૧૧ | આનંદ | આનંદન |
| ૨ | ૩ | સંસાર | સંચાર |
| ૨ | ૧૦ | અવિચલ | અવિચલ પદ |
| ૨ | ૧૭ | બરાજે | બિરાજે |
| ૨ | ૨૨ | જ્યાં | જ્યું |
| ૩ | ૭ | કહાઈ | કહિયે |
| ૩ | ૯ | તુંજ | તુઝ |
| ૧૨ | ૭ | અનુજલ | અનુકૂલ |
| ૨૩ | ૧ | મહારાજ | મ્હારા પોતાનાજ |
| ૨૪ | ૧૪ | થવાય, આ ઉપરાંત | થવાય આનું નામ વિવેક; વળી |
| ૨૬ | ૧૭ | પ્રેરાય | મન પ્રેરાય |
| ૪૭ | ૫ | રાજતાં, ભાંજતાં | રાજતા, ભાંજતા |
| ૪૮ | ૧ | પાંપ | પાપ |
| ૫૭ | ૮ | છતાં | છતું |
| ૫૭ | ૧૫ | જતું | ભટકતું |
| ૬૦ | ૪ | દુષ્કૃત કરેલો | દુષ્કૃતજનિત |
| ૬૦ | ૨૩ | એમજ | શોભે છે તેમ |
| ૬૭ | ૨૦ | ચઢવાને | ચઢતે વાને |
| ૮૧ | ૧૧ | મુદિત | મુદિતા |
| ૯૬ | ૪ | નવા | નવમા |
| ૯૬ | ૧૯ | ધ્રૂનિવાસુ | ધ્વનિવાળું |
| ૧૦૦ | ૬ | એનું | એવું |
| ૧૦૧ | ૧૧ | દીક્ષા | દીક્ષાજ |
| ૧૦૧ | ૭ | વચનરૂપ | વચન |
| ૧૦૪ | ૧૭ | પ્રવૃત્ત | પ્રવૃત્તિ |
| ૧૦૯ | ૨ | તેને | તેણે |
| ૧૧૨ | ૧૭ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠી |
| ૧૨૬ | ૨૦ | એકાદા | એકદા |
| ૧૨૬ | ૨૪ | શું સમર્થ | સુ સમર્થ |
| ૧૨૮ | ૧૩ | veadure | verdure |

# અગાઉથી આશ્રય આપી મદદ કરનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામ.

**સાણંદ.**

૧૧ મેતા ફીલાભાઇ ચુનીલાલ.
૧૧ મેતા ખુશાલાલ ઊકાભાઇ
૫ મેતા અમૃતલાલ રવચંદ
૫ મેતા મંગળદાસ અમરશી
૫ મેતા ચીમનલાલ મણીલાલ
૧ શેઠ દેવકરણ વાલજી
૧ મેતા જેસંગભાઇ હઠીસંગ
૧ મેતા નરસીભાઇ લલુભાઇ
૧ મેતા મોહકમ ડાહ્યાભાઇ
૧ મેતા પરસોતમ રાવજીભાઇ
૧ મેતા સોમચંદ ચુનીલાલ
૧ શા. મણીલાલ મોહનલાલ
૧ મેતા છોટાલાલ હેમચંદ
૧ શા. ત્રીભોવનદાસ તલકશીભાઇ (ગામ ખઇડના)
૧ શા. પનજી ઊમેદભાઇ
૧ શા. સાંકલચંદ વખતચંદ
૧ શા. કાળીદાસ મેઘજીભાઇ
૧ શા. બાપુભાઇ ડોસાભાઇ
૧ શા. લલુભાઇ મુલચંદભાઇ
૧ ગાંધી ડાહ્યાભાઇ ભુરાભાઇ
૧ શા. મોહનલાલ પીતામ્બરદાસ
૧ શા. નાનચંદ ફુલચંદ
૨ શા. માણેકચંદ નાથાભાઇ
૧ મેતા સોમચંદ છગનલાલ
૧ મેતા મુલચંદ વર્ધમાનભાઇ
૧ મેતા દીપચંદ પોપટભાઇ
૧ મેતા છગનલાલ ખેમચંદ
૧ મણીઆર ગીરધર વર્ધમાન
૧ ગાંધી ચુનીલાલ ત્રીકમભાઇ
૧ શા. ધરમશી પરસોતમદાસ
૧ શા. જીવરાજ રાજપાળ
૫ ગાંધી કચરાભાઇ ઉકાભાઇ
૧ શા. મનસુખ ડાહ્યાભાઇ
૧ મેતા રતનચંદ છગનલાલ
૧ વોરા ચુનીલાલ વખતચંદ
૧ શા. પાનાચંદ જેસંગ ( ખંડેર પરાના )
૧ મેતા પોપટલાલ વાડીલાલ
૧ મેતા નથુભાઇ સાંકલચંદ
૧ મેતા જેમલ જીવણલાલ
૧ દોશી મંગળદાસ ગુલાબચંદ
૧ મેતા મોહનલાલ પદમશીભાઇ
૧ મેતા વાડીલાલ ખુશાલદાસ

૧ માણેકચંદ કેશવજી
૧ શા. શકરચંદ કાળીદાસ
૧ ગાંધી મોહનલાલ કચરાભાઇ
૧ મેતા મણીલાલ ધરમશી
૧ શા. પ્રેમાનંદ ચુનીલાલ
૧ દોશી વાડીલાલ પુંજાભાઈ
૧ મેતા મંગળદાસ વખતચંદ
૧ એ. પી. મહેતા.
૧ શા. અમૃતલાલ જેસંગભાઇ
૧ રા. રા. મણીલાલ વાડીલાલ
( સાણંદસ્ટેશન માસ્તર )
૧ શા. ઉજમશી દીપચંદ
૧ દોશી ચાંપશી માણેકચંદ
૧ જીવાભાઇ સુરાભાઇ
૧ સુ. ખોડીદાસ મગનલાલ
૧ મેતા મણીલાલ લલુભાઇ
૧ શા. પ્રેમચંદ ડોસાભાઇ
૧ શા. મણીલાલ ઉજમશી
૧ ગાંધી રાયચંદ હઠીસંગ
૧ સકરચંદ બાપુભાઇ

**વીરમગામ.**

૧ શા. મોહનલાલ જેસંગભાઇ
૧ માસ્તર વૃજલાલ કેશવજી
૧ શા. ચુનીલાલ છગનલાલ
૨ શા. લખમીચંદ ભવાનદાસ
૧ શા. ધનજી ગુલાબચંદ
૧ શા. અભેચંદ માણેકચંદ
૧ શા. ગુલાબચંદ જીઠાભાઇ
૫ મણીઆર વૃજલાલ અમરતલાલ
૨ શા. નાથાલાલ ચતુરભાઇ
૫ શેઠ બેચરદાસ કમચુભાઈ
૫ ગાંધી સકરચંદ વરવાભાઇ
૫ શા. કેશવલાલ કચરાભાઇ
૫ ભાવસાર આસારામ મુલચંદ
૨ ઝવેરી દેવશીભાઇ મગનલાલ
૩ ભાવસાર ડાહ્યાભાઇ ભુખણદાસ
૧ ગાંધી આત્મારામ પોપટલાલ
૧ શા. મંગલદાસ લલ્લુભાઇ
૧ શા. પોપટલાલ હરચંદ
૧ શા. લખમીચંદ માણેકલાલ
૧ શા. વેલસીભાઇ વર્ધમાન
૧ શા. મુલચંદ કેવલદાસ
૧ શા. નરસી આણંદજી
૫ શા. કમળસી લાડકચંદ
૧ શા. રાયચંદ પુરૂશોતમદાસ
૧ શા. કચરાભાઈ કરમચંદ
૧ શા. ચુનીલાલ છગનલાલ
૧ શા. દલસુખભાઇ ઉકાભાઇ
૧ શા. મણીલાલ કેશવજી.
૧ દોશી મણીલાલ વેલસીભાઈ

૧ ઝવેરી મફતલાલ રતનસી
૨ ઝવેરી રતીલાલ પોપટલાલ
૧ શા. વાડીલાલ કચરાભાઇ
૧ ગાંધી સોમચંદ ડાહ્યાભાઇ
૨ શા. ભાઇચંદ પુરૂષોતમદાસ
૧ શા. મણીલાલ ભુદરભાઇ
૩ ભાવસાર લાલજી જસરાજ
૪ શા. ડુંગરસી સવચંદ
૩ ભાવસાર નાગરદાસ સુંદરજી
૫ શા. કેશવલાલ કચરાભાઇ
૧ શા. હીરાચંદ દેવચંદ
૧ શા. છોટાલાલ પુરૂષોતમદાસ
૧ ભાવસાર વાડીલાલ ઉજમસી
૧ ભાવસાર સોમચંદ ડુંગરસી
૧ ભાવસાર ભગવાન ફુલચંદ
૨ મણીઆર પરભુદાસ કરસનદાસ
૨ સુરતી અંબારામ હરજીવનદાસ
૧ કપાસી અમૃતલાલ લાડકચંદ
૧ મોદી રવચંદ અમીચંદ
૫ શા. મફતલાલ ચતુરભાઇ
૩ ભાવસાર પીતામ્બર ભોળાનાથ
૧ શા. શીવલાલ હરજીવન
૧ ભાવસાર માણેકચંદ દીપચંદ

### અમદાવાદ.

૬ મેતા છગનલાલ રવચંદ
૧ શા. સુંદરજી તલકસી
૨ શા. કાન્તીલાલ મોહનલાલ
૩ શા. ભોળાભાઈ વહાલચંદ
૫ શા. સાંકળચંદ મોહકમભાઇ
૫ શા. ધરમચંદ નગીનદાસ
૨ શા. મોતીલાલ સાંકળચંદ
૨ શા. મોહનલાલ ગીરધર
૧૦ શા. હીરાલાલ રણછોડદાસ
૫ શા. ચુનીલાલ મગનલાલ
૨ શા. લલુભાઇ છગનલાલ
૫ શા. જુઠાભાઇ રાયચંદ
૫ શા. ભોગીલાલ પુરૂશોતમદાસ
૧૧ શા. ગુલાબચંદ નગીનદાસ
૨ શા. વાડીલાલ મગનલાલ
૨ શા. લખમીચંદ ગગલદાસ
૫ શા. નેમચંદ કચરાભાઈ
૧ શા બાલાભાઈ છગનલાલ
૨ શા. છગનલાલ જેચંદભાઇ
૧ શા. કેશવલાલ ત્રીકમલાલ
૫ પરી. ફતેચંદ દોલતચંદ
૫ પ્રોફેસર હીરો

### મુંબાઈ.

૧૫૦ મેતા બુધાલાલ ઉકાભાઈ મારફત

### માંડલ.

### શ્રી સ્નેહી મીત્રમંડલ તરફથી

૫ શા. લાડકચંદ રતનસી
૨ વોરા શકરચંદ ડાહ્યાભાઈ

૨ શા. સવચંદ મગનલાલ
૧ શા. દેવશી ચતુરદાસ
૨ શા. લીલચંદ મગનલાલ
૧ વોરા જગજીવન ચુનીલાલ
૧ શા. મોહનલાલ ગોવનજી
૨ ગાંધી મંગળદાસ ધનજીભાઇ
૨ શા. ડોસાભાઇ પરભુદાસ
૨ ભાવસાર મણીલાલ ઉમેદરામ
૧ કુ. ખોડાભાઇ વીસાભાઇ
૧ કંદોઇ મગનલાલ ત્રીભોવનદાસ
૧ શા. સાંકલચંદ કેવળશી
૧ શા. મગનલાલ બાવનજી
૧ શા. નાગરભાઇ મનસુખભાઇ
૧ શા. આશાભાઇ ચુનીલાલ
૧ શા. અમુલખ ગોવનજી
૧ મેરઇ શંકરલાલ જગાભાઇ
૧ પરીખ નરશી કાલીદાસ મેથાણુવાળા
૧ દોશી કાલીદાસ કસ્તુરભાઇ
૭ દોશી મફતલાલ ડાહ્યાભાઇની મારફત
૧ શા. આશાભાઇ ચુનીલાલ
૧ શા. વાડીલાલ દેવચંદ
૨ દોશી મફતલાલ ડાહ્યાભાઇ
૧ શા. મણીલાલ ખેમચંદ અમરાપરવાલા

૧ શા. પ્રેમચંદ કસળચંદ ધામાવાળા
૧ શા. ડોસાભાઈ લાડકચંદ
૫ દોશી વરધમાન કપુરચંદ
૧ શા. નાથાલાલ કાલીદાસ

## રાસમ.

૨ શા. મફતલાલ મગનલાલ

## સાંગલી.

૩ શા. પરસોતમદાસ લાલચંદ

## વરખડીઆ.

૫ શા. જેચંદ લખમીચંદ
૫ શા. ખોડીદાસ વાલચંદ
૫ શા. પ્રેમચંદ રાયચંદ
૫ શા. સોભાગ્યચંદ લલુભાઇ મીરજવાલા
૫ શા. સાંકલચંદ હાથીભાઈ

## ગેડીઆ.

૨ શા. દેવસી હરચંદ
૧ શા. વાડીલાલ પરસોતમદાસ

## ડભોઈ.

૫ શા. મગનલાલ મુલજીભાઇ
૨ શા. જેઠાલાલ ખુશાલદાસ

## ધ્રાંગધ્રા.

૧ શા. મણીલાલ ભગવાનજી

૧ શા. પ્રેમચંદ મોહનલાલ
માથકીઆ
૧ શા. છોટાલાલ દોલતરામ
૩ શા. નાગરદાસ ફુલચંદ
૧ શા. વરજલાલ દેવકરણ ઝીં-
ઝુવાડાવાળા
૧ શા. પ્રેમચંદ અમરશી.
૧ સંઘવી અમૃતલાલ સોમચંદ
૧ ગાંધી ખુશાલદાસ ભુદરભાઇ
૧ શા. છોટાલાલ સાંકળચંદ
૧ શા. અમુલખ ખોડીદાસ
૧ જાની ચુનીલાલ કાળીદાસ
૧ ગોહેલ કુંવરજી ગગુભાઇ
૧ શા. હરખચંદ દેવશીભાઈ
૧ સંઘવી હીમતલાલ નાનચંદ
૧ શા. સાંકલચંદ લલુભાઇ
૧ નેણશીભાઇ દેવકરણભાઇ કોઠના
૧ શા. પ્રેમચંદ અમુલખભાઇ
૧ ગઢવી સવદાન ઉમાભાઇ

**આંતરોલી.**

૬ શા. મુલચંદ તલકચંદ
૪ શા. મણીલાલ હઠીસંગ
૧ શા. મંગળદાસ દલપતભાઇ

**લીંબડી.**

૫ શા. માણેકચંદ લવજીભાઇ
૫ શા. ઓધડદાસ કાલીદાસ ચોકશી
૫ શા. મગનલાલ ઘેલાભાઇ
અમદાવાદવાલા
૫ શા. હીરાચંદ લાલચંદ
૫ પરીખ બાપાલાલ ઉમેદચંદ
૩ શા. જેઠાભાઇ તલકશી
૩ શા. હીરાચંદ નેમચંદ
૨ શા. પાનાચંદ ધારશીભાઇ
૨ શા. નથુભાઇ જેસંગભાઇ
૨ શા. ટોકરશી લહેરચંદ
૨ શા. ચુનીલાલ ત્રીભોવનદાસ
૨ શા. ચત્રભુજ ગુલાબચંદ
૨ શ્રી લીંબડી શ્રી આત્મારામજી
જૈનશાળા
૨ શા. વાડીલાલ ઓધડભાઇ
૧ શા. ચુનીલાલ ચત્રભુજ
૧ શા. ત્રંબકલાલ ધારશીભાઇ
૧ બકરી હંસરાજ ડુંગરશીભાઇ
૧ પરી. બેચર પનજીભાઇ
૧ શા. લવજી હકમચંદભાઇ
૧ શા. સુખલાલ જેચંદભાઇ
૧ શા. ઘેલાભાઇ નથુભાઈ
૧ પરી. લક્ષ્મીચંદ ભાણજી
૧ શા. પાનાચંદ બેચરદાસ
૧ શા. કપુરચંદ જીવણભાઈ

૧ શા. શીવલાલ માણેકચંદ
૧ શા. ચુનીલાલ વખતચંદ
૧ શા. સુખલાલ પ્રેમચંદ
૧ વોરા પોપટલાલ મેઘજી
૧ શા. પરસોતમ હરખચંદ
૧ માસ્તર લલુભાઈ મથુરભાઇ
૧ શા. હરખચંદ ઝવેરભાઇ
૧ શા. મોહનલાલ ભુરાભાઇ
૧ શા. ઓધડભાઇ ચાંપશીભાઇ
૧ શા. ધારશીભાઇ મોતીચંદ
૧ પાવા હરગોવન સંઘજી
૧ માસ્તર લલુભાઇ રતનશી
૧ શા. જીવરાજ ખેમચંદ
૧ ચોકશી ચુનીલાલ માણેકચંદ
૧ શા. ધારશી ઊકાભાઈ
૧ શા. ડોશનજી લાલજી
૧ પરી જેમલ છગનલાલ
૧ ધરૂ નરોતમ સુખલાલ

## લાખેણી.

૧ શા. પીતામ્બર ચતુરભાઈ
૧ શા. નરસીભાઇ ઓધડભાઇ
૧ શા. કલ્યાણજી સુંદરજી
૧ શા. દીપચંદ દેવચંદ
૧ શા. જેઠાલાલ તેજાભાઇ
૧ શા. સુખલાલ તલકશી

૧ શા. મનસુખભાઇ છગનલાલ
૧ શા, વીરચંદ પ્રેમચંદ
૧ શા. ખુશાલભાઇ આણંદજીભાઇ
૧ શા. માણેકચંદ મોતીચંદ
૧ શા. ઊજમશી ભુરાભાઇ
૧ માસ્તર મણીલાલ જેઠાભાઇ
૧ અમૃતલાલ નાનચંદ

## ઉતેલીઆ.

૨ શા. હરજીવન નાગરદાસ
૧ શા. વખતચંદ ચતુરભાઇ
૧ શા. લાલચંદ રતનચંદ

## ઝીંઝુવાડા.

૫ જૈનશાળાના માસ્તર સુખલાલ રવજીભાઈ
૧ દોશી ધનજી જોઇતારામ
૧ મેતા દેવશી સુંદરજી
૧ શા. મોહનલાલ કાલીદાસ
૧ શા. તેજપાલ માણેકચંદ
૧ વોરા ચતુર મેઘજી

## સીતાપુર.

૧ વોરા છગનલાલ કલાણજી

## ખેરવા.

૧ શા. મોહનલાલ કેવળદાસ
૧ ગાંધી વીરપાલ મગનલાલ

[illegible] શા. પોપટલ[illegible] [illegible]કશીભાઇ

[illegible] શા. પોપટલાલ [illegible]મરશીભાઇ

મ[illegible].

૧ રા. રા[illegible] [illegible]ભુજ[illegible]દભાઇ ટાઇમ-કીપર રેલ્વે સ્ટેશન માસ્તર ગુજરાત પ્રાંત

૧ રા. રા. દયાલજીભાઇ સીગ્નલર રેલવે સ્ટેશન ગુજરાત પ્રાંત

૧ રા. રા. લક્ષ્મીરાવ સોલીટર પબ્લીક વર્ક ઇન્સપેકટર

૧ ગૌટન.

કાવીઠા.

૨ શ્રી માઝન સમસ્ત

૨ શા. મણીલાલ પાનાચંદ

૨ શા. રવચંદ છગનલાલ

૧ શા. મોહનલાલ ત્રીભોવનદાસ ઘોડાના

૧ પટેલ મથુરભાઇ

વઢવાણશહેર

૫ શા. ચુનીલાલ ચતુરદાસ

૧ દોશી જગજીવનદાસ નરશીદાસ

૧ શા. વાડીલાલ મોતીચંદ

બાજવા.

૪ શા. હરજીવનદાસ નેમચંદ

૨ શા. કપુરચંદ અમીચંદ

છાણી.

૧૨ શા. હરજીવનદાસ નેમચંદ લીંબડીવાળાની મારફત

૮ શા. ચીમનલાલ મુલચંદ

૨ શા. શીવલાલ નરસીદાસ

૨ શા. નગીનદાસ મોતીલાલ

દસાડા.

૨ શા. જીવરાજ સુંદરજી

૧ શા. મોહનલાલ લલુભાઇ

૧ શા. દોલતચંદ ઉજમસી

૧ શા. મોહનલાલ ઉમેદચંદ

૧ શા. જેઠીદાસ સાંકલચંદ

૧ શા. અમુલખ લલુભાઇ

૧ શા. ડોસાભાઇ પનજીભાઇ

૧ શા. અમૃતલાલ મલુકચંદ

૧ શા. દલછા નેમચંદભાઇ

કોઠ.

૧ શા. શાન્તિલાલ ભુરાભાઇ

## शास्त्रकर्तृ आशिष.

शिव मस्तु सर्व्वे जगत, परहितनिरता भवंतु भूतगणाः ॥
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखी भवं लोकाः ॥ १ ॥

વિશ્વત્રયમાં અખંડ શાંતિ પ્રસરો ! સમસ્ત પ્રાણીવર્ગ પરોપકાર રસિક બનો ! દોષ માત્ર નિર્મૂળ થાઓ ! અને સર્વત્ર સહુ કોઈ લોકો સુખી સુખી થાઓ ! ૧

## परमार्थ भावना.

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ॥
परसुख तुष्टिर्मुदिता, परदोषो पेक्षण मुपेक्षा ॥ २ ॥

અન્ય જીવોનું હિત શ્રેય કલ્યાણ થાય એવી અંતરની લાગણી રાખવી તે **મૈત્રી**, અન્ય જીવોના દુઃખનો અંત આવે એવી ઉંડી લાગણીથી યથાશક્તિ પ્રયત્ન કરવો તે **કરૂણા**, અન્ય જીવોની સુખસમૃદ્ધિ અથવા ગુણગૌરવ દેખી દીલમાં પ્રમુદિત (રાજી રાજી) થવું તે **મુદિતા** અને અન્ય જીવોના (અત્યંત કઠોરતા, નિર્દયતા, ઈર્ષા, નિંદા પ્રમુખ) અનિવાર્ય દોષો તરફ ઉપેક્ષા કરી તેમના ઉપર રાગદ્વેષ નહિ લાવતાં, તેમને કર્મવશ વર્તી જાણી **સમભાવે** રહેવું તે **ઉપેક્ષા** ભાવના છે. ૨

# સુચના.

આ પુસ્તક કચ્છ કોઠારાનિવાસી, સ્વર્ગવાસી સૌ. બાઇ મેઘબાઇ મુળજીના સ્મરણાર્થે ખપી જનોને ભેટ દાખલ આપવાનું છે, માટે પોષ્ટ ખર્ચની એક આનાની ટીકીટ મોકલીને નિચેના સિરનામેથી અગર પ્રસિદ્ધ કર્તા પાસેથી મંગાવી લેવું.

મળવાનું ઠેકાણું:-

**શેઠ જેઠુભાઈ પુંજાભાઈ.**

મુ. કચ્છ કોઠારા.